

**ખામેનેઈના સમર્થનમાં શ્રીનગરમાં નેતન્યાહુ-ટ્રમ્પનાં પોસ્ટરો સળગાવ્યાં**

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



**નીતિશ કુમારને લઈ જેડીયુમાં બળવો! પાર્ટી ઓફિસમાં તોડફોડ**

PAGE NO. 16

FRIDAY, 06 MARCH, 2026 Vol. 24, No. 10 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


### ખામેનેઈના મોત બાદ મધ્ય પૂર્વમાં ભીષણ યુદ્ધની સ્થિતિ, અનેક દેશો વચ્ચે સંઘર્ષ

# ખાડી દેશના જહાજો અને તેલ ટેન્કરો પર હુમલા યથાવત

### ઈરાન અને અમેરિકા-ઇઝરાયેલ વચ્ચેના યુધ્ધનો વ્યાપ શ્રીલંકાથી લઇને અઝરબેઝાન અને છેક સાયપ્રસ સુધી પહોંચ્યો

**રીયાધ**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના યુધ્ધનો વ્યાપ શ્રીલંકાથી લઈને અઝરબેઝાન અને છેક સાયપ્રસ સુધી પહોંચ્યો છે. ખાડીની આસપાસ તેલ ટેન્કરો અને જહાજો પર હુમલા વધી ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કુવૈત પાસે એક તેલ ટેન્કર પર હુમલો થયો છે. જહાજમાં એક મોટો વિસ્ફોટ થયા પછી ક્રુડ તેલનું ગળતર થવા લાગ્યું હતું. બ્રિટનની દરિયાઈ પરિવહન સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર ઈરાન યુધ્ધના કારણે ખાડીમાં દરિયાઈ જહાજોનો માર્ગ ખૂબ અવરોધાયેલો છે.



બ્રિટનની સુરક્ષા એજન્સીએ સોશિયલ નેટવર્કિંગ સાઈટ એકસ પર લખ્યું હતું કે લંગર પર અટકેલા એક ટેનક માસ્ટરે પોર્ટની દિશા તપઉ એક મોટો ધમાકો સાંભળ્યો હતો. ઝડપથી એક નાની હોડીઓ બહાર નિકળતી જોઈ હતી. કુવૈતના ગૃહ મંત્રાલયે પણ ધમાકાની પુષ્ટિ કરી છે. વિસ્ફોટો કુવૈતી જળ ક્ષેત્રની બહાર મુબારક અલ કબીર પોર્ટથી ૬૦ કિમી દૂર થયો હતો. ગુરુવારે બહામાસના ધ્વજવાળા એક તેલ ટેન્કર પર પણ હુમલો થયો હતો. આ ટેન્કર ઈરાકના ખોરઅલ જુબૈર પોર્ટ પર રોકાયેલું હતું. જહાજના ટેન્કરોમાંથી તેલનું ગળતર થવા લાગ્યું હતું. ઈરાનના રિવોલ્યૂશનરી ઈસ્લામિક ગાર્ડ કોપના દાવા મુજબ હોર્મુઝ ખાડી પર પોતાનું નિયંત્રણ છે. દુનિયામાં તેલ ટેન્કરોને ઓપરેટ કરનારી ચીની દિગ્ગજ શિપિંગ કંપની કોસ્કોએ ખાડી દેશો સાથે જોડાયેલી સેવાને રદ્ કરી નાખી હતી. સંયુકત રાષ્ટ્રના શિપિંગ નિયામકે સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે ઈરાન યુદ્ધના લીધે ખાડીમાં જહાજ સાથે સંકળાયેલા ૨૦ હજારથી માણસો ફસાયેલા છે જેમાં ૧૫૦૦૦ ક્રુઝ જહાજોમાં અટકેલા છે. હિંદ મહાસાગરમાં શ્રીલંકા પાસે ઈરાનના યુધ્ધ જહાજનો ટોરપીડો વડે હુમલો કરીને નાશ કરવામાં આવ્યો હતો. આઈઆરઆઈએસ ડેના નામના ઈરાનના જહાજ પરના હુમલામાં ૮૭ લોકોના મુત્યુ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હજુ વધુ એક યુધ્ધ પોત શ્રીલંકાના બહારની તરફના આર્થિક ઝોનમાં છે. શ્રીલંકન સરકારના જણાવ્યા અનુસાર ઈરાનના આ બીજા જહાજ પર તૈનાત નાવિકોને બચાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. ઈરાનના બીજા યુધ્ધ પોતની સુરક્ષાનો મામલો શ્રીલંકાની સંસદમાં ઉઠયો હતો. વિપક્ષના નેતાના જવાબમાં શ્રીલંકા સરકારના કેબિનેટ પ્રવકતા નલિંદા જયાતિસાએ કહયું હતું કે રાષ્ટ્રપતિ,રક્ષા અધિકારી અને અન્ય સંબંધિત અધિકારી વાકેફ છે અને પગલા ભરી રહયા છે. ખાસ કરીને યુધ્ધ સાથે નહી પરંતુ માનવ જીંદગી બચાવવાનો પ્રયાસ કરશે.

### લોકેશન મળ્યા બાદ ખામેનેઈની ઓફિસ પર 30 મિસાઈલો છોડી દેવાઈ

# નવો ખુલાસો : ઈઝરાયેલે ટ્રાફિક CCTV હેક કરી ખામેનેઈ પર સાધ્યું હતું નિશાન

### હુમલા સમયે ફોન નેટવર્ક વ્યસ્ત કરી દેવાતા સુરક્ષા ટીમને માહિતી ન મળી

**નવી દિલ્હી**

ઈઝરાયેલે કરેલા ઈરાન પર હુમલામાં તેમના સર્વોચ્ચ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું હતું. હવે ખામેનેઈના મોતના લઈને હવે મહત્વપૂર્ણ ખુલાસા થઈ રહ્યા છે. ઈઝરાયેલે ઘણા વર્ષોથી આ હુમલાની તૈયારી કરી હતી. તેમની ગુપ્તચર સંસ્થા મોસાદ અને યુનિટ ૮૨૦૦ એ તેહરાનના લગભગ તમામ ટ્રાફિક કેમેરા હેક કરી લીધા હતા. આ કેમેરાની તસવીરો એન્ક્રિપ્ટ કરીને તેલ અવીવ અને દક્ષિણ ઈઝરાયેલના સર્વર પર મોકલવામાં આવતી હતી.અમેરિકાની ગુપ્તચર સંસ્થા (સીઆઈએ)એ પણ આ ઓપરેશનમાં મદદ કરી હતી. તેમાં એક ખાસ કેમેરો હતો, જેનાથી ખબર પડતી હતી કે વરિષ્ઠ અધિકારીઓના બોડીગાર્ડ અને ડ્રાઈવરો તેમના ખાનગી વાહનો ક્યાં પાર્ક કરે છે. આ કેમેરાઓ દ્વારા ઈઝરાયેલને ઈરાનના અધિકારીઓ વિશે ઘણી માહિતી મળી, જેમ કે તેમનું ઘર ક્યાં છે, તેઓ ક્યારે ફરજ પર આવે છે, કયો રસ્તો લે છે અને સૌથી મહત્વની વાત એ છે કે તેઓ કયા નેતાની સુરક્ષા કરે છે. ઈન્ટેલિજન્સની ભાષામાં તેને 'પેટર્ન ઓફ લાઈફ' કહેવામાં આવે છે. આ માહિતી ઈઝરાયેલને ખામેનેઈની હત્યા માટે ખૂબ કામ લાગી હતી. ઈઝરાયેલ અને સીઆઈએ એ અન્ય ઘણી રીતે પણ ગુપ્ત માહિતી એકઠી કરી હતી. ઈઝરાયેલે પાશ્ચર સ્ટ્રીટની આસપાસના મોબાઈલ ટાવર પણ હેક કર્યા હતા, જેથી હુમલા સમયે ફોન વ્યસ્ત દેખાય અને સુરક્ષા ટીમને કોઈ ચેતવણી ન મળે. મીડિયા અહેવાલ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીને શનિવારની સવારે જ્યારે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ તેહરાનમાં તેમના કાર્યાલયમાં ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરી રહ્યા હતા, ત્યારે અમેરિકા અને ઈઝરાયેલે મળીને હુમલો કર્યો હતો. આ હુમલો તેહરાનની પાશ્ચર સ્ટ્રીટ પાસેના તેમના કાર્યાલય પર થયો હતો. હુમલો એટલો સચોટ હતો કે ખામેનેઈ પાસે બચવાનો કોઈ રસ્તો નહોતો. આ હુમલામાં ઈરાની સેનાના અનેક ઉચ્ચ અધિકારીઓ માર્યા ગયા હતા. એટલું જ નહીં, ખામેનેઈના આખા પરિવારનું નામનિશાન મટી ગયું હતું.

# પાકિસ્તાનનું મિલિટરી ઓપરેશન વધુ 67 તાલિબાનોને ઠાર મરાયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના સુરક્ષા દળોએ ગઈકાલે રાત્રે હાથ ધરેલાં એક મિલિટરી ઓપરેશનમાં વધુ 67 તાલિબાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તદઉપરાંત મંગળવારે વહેલી સવારે દક્ષિણ-પશ્ચિમ સરહદ પર આવેલા 16 સ્થળોએ તાલિબાનો દ્વારા થયેલા હુમલાઓને પણ નિષ્ફળ બનાવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રી અત્તાઉલ્લાહ તરારે 26 ફેબ્રુઆરીએ અફઘાન તાલિબાનનો દ્વારા કરાયેલા લશ્કરી હુમલાના જવાબમાં શરૂ કરાયેલ 'ઓપરેશન ગઝબ લિલ હક' અંગે માહિતી આપી હતી. તરારે જણાવ્યું હતું કે ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના સરહદી વિસ્તારોમાં રાત્રિ દરમિયાનની લશ્કરી કાર્યવાહી દરમિયાન 40 અફઘાન તાલિબાન સભ્યોને ઠાર કરવામાં આવ્યા હતા. "એક સ્થળે હુમલો કરવાનો પ્રયાસ થયો હતો, જ્યારે 12 સ્થળોએ ઘાતક શસ્ત્રો દ્વારા હુમલા કરવામાં આવ્યા હતા, જેને કોઈપણ જાતની જાનહાનિ વિના નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા," એમ તેમણે X પર મૂકાયેલા અપડેટમાં જણાવ્યું હતું. "ખૈબર પખ્તૂનખ્વામાં રાત્રિ દરમ્યાન હાથ ધરાયેલી લશ્કરી કાર્યવાહી દરમિયાન ઓછામાં ઓછા 40 અફઘાન તાલિબાન માર્યા ગયા," એમ તેમણે ઉમેર્યું અને કહ્યું કે 'ફોલો-અપ' કાર્યવાહી ચાલુ છે.










# વરિષ્ઠોની પહેલ : હાથોથી ગૂંથાશે કેન્સર પીડિતો માટે હૂંફ અને આશા

## ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના ૫૦થી વધુ સભ્યો કેન્સરના દર્દીઓ માટે ગરમ ટોપીઓ તૈયાર કરશે

**બ્રામ્પ્ટન**

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા બ્રામ્પ્ટનમાં કેન્સરના દર્દીઓ અને વરિષ્ઠ નાગરિકોને ટેકો આપવા ૩ માર્ચ, ૨૦૨૬થી "ગોલ્ડન હેન્ડ્સ - નીટિંગ હોપ" પ્રોજેક્ટ શરૂ કરાયો છે. કરુણા અને સમુદાય સેવાની ભાવના દર્શાવતા, ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC)એ બ્રામ્પ્ટનના પોલ પેલેચી રિક્રિએશન સેન્ટર ખાતે "ગોલ્ડન હેન્ડ્સ - FCFCની ટિંગ હોપ પ્રોજેક્ટ" નામની તેની હૃદયસ્પર્શી પહેલનો સત્તાવાર રીતે પ્રારંભ કર્યો હતો. આ પહેલ સમુદાયના કેન્સરના દર્દીઓ અને વરિષ્ઠ નાગરિકો માટે ગરમ ટોપીઓ ગૂંથવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ક્લબના ૫૦થી વધુ ઉત્સાહી સભ્યોએ આ લોન્ચ ઈવેન્ટમાં હાજરી આપી હતી અને આ ઉમદા કાર્યમાં પોતાનો સમય તથા કુશળતાનો ફાળો આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરી રહેલા વ્યક્તિઓને આરામ અને હૂંફ આપવાનો છે, સાથે સાથે FCFC સભ્યોમાં સમુદાય સેવાની ભાવનાને મજબૂત બનાવવાનો છે.

**નવા સભ્યો માટે ગૂંથણકામના વિશેષ સત્રો યોજાશે; ટીમ લીડર કમલ બાબરા સંભાળશે નેતૃત્વ.**

"લોન્ચિંગમાં હાજર રહેલા સભ્યોએ આ વ્યવસ્થિત અભિગમની પ્રશંસા કરી અને પ્રોજેક્ટમાં પોતાનો સમય તથા સર્જનાત્મકતાનું યોગદાન આપવા અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. ઘણા સભ્યોએ ક્લબની સમુદાયલક્ષી પહેલની સકારાત્મક અસર વિશે પોતાના પ્રતિભાવો પણ શેર કર્યા હતા. લોન્ચિંગ મીટિંગ દરમિયાન કમલ બાબરાએ જતિન્દર પોલ સાથે મળીને પ્રોજેક્ટની રૂપરેખા સમજાવી અને ભાગ લેનારા સભ્યોને ગૂંથણકામ કીટનું વિતરણ કર્યું હતુ. પહેલના ટીમ લીડર કમલ બાબરાએ જણાવ્યું કે, "અમે આ પ્રોજેક્ટનું આયોજન સંગઠિત રીતે કર્યું છે, જેથી દરેક સભ્ય આરામથી ભાગ લઈ શકે. જે લોકો ગૂંથણકામની કુશળતા શીખવા અથવા સુધારવા માંગે છે, તેમના માટે તાલીમ સત્રોનું આયોજન કરવામાં આવશે. અમારું લક્ષ્ય આગામી અઠવાડિયામાં મોટી સંખ્યામાં કેપ્સ પૂર્ણ કરવાનું છે, FCFCના સભ્ય સુનિલ અરોરાએ ક્લબના વરિષ્ઠ નાગરિકોને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓમાં જોડવાના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, "આવા પ્રોજેક્ટ્સ માત્ર જરૂરિયાતમંદોને જ મદદ કરતા નથી, પરંતુ સભ્યોને હેતુ અને સંતોષની ભાવના પણ આપે છે." એ જ રીતે, ક્લબના અન્ય સભ્ય સ્નેશાવાને સંસ્થામાં વ્યાપેલી સ્વયંસેવાની ભાવનાને બિરદાવી હતી.





### દયાના નાના કાર્યો પણ લોકોના જીવનમાં અર્થપૂર્ણ ફરક લાવી શકે છે : ગિયાન પોલ

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના અધ્યક્ષ ગિયાન પોલે પોતાના પ્રારંભિક ભાષણમાં ક્લબની સમુદાય સેવાની લાંબા સમયથી ચાલતી પરંપરા અને પ્રોજેક્ટ પાછળની પ્રેરણા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે, "આ પહેલ અમારા એ વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે કે, દયાના નાના કાર્યો પણ લોકોના જીવનમાં અર્થપૂર્ણ ફરક લાવી શકે છે. ભૂતકાળમાં અમારા સભ્યો ક્રેડિટ વેલી હોસ્પિટલ અને વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમમાં કેન્સરના દર્દીઓને દાનમાં આપવામાં આવતી ટોપીઓ ગૂંથતા હતા. દર્દીઓ અને આરોગ્ય સંભાળ સ્ટાફ તરફથી મળેલી પ્રશંસાએ અમને આ પ્રયાસ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા છે. 'ગોલ્ડન હેન્ડ્સ - નીટિંગ હોપ' પ્રોજેક્ટ દ્વારા અમારા સભ્યો ફરી એકવાર સમુદાયને વળતર આપવા માટે પૂરા દિલથી સાથે આવી રહ્યા છે. તે એક નાનો સંકેત છે, પરંતુ તે હૂંફ, સંભાળ અને આશાનો સંદેશ વહન કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આવી પહેલ વરિષ્ઠ નાગરિકોને સક્રિય, સામાજિક રીતે જોડાયેલા અને સમાજની અર્થપૂર્ણ સેવામાં રોકાયેલા રહેવાની તક પૂરી પાડે છે. આ પ્રોજેક્ટનું નેતૃત્વ કમલ બાબરા કરશે, જે ગૂંથણકામની ટીમોનું સંકલન કરશે અને પહેલની પ્રગતિનું નિરીક્ષણ કરશે.

### માનવ સેવાના કાર્યમાં વધુ સ્વયં સેવકો જોડાય : પ્રમુખ જસવિંદર

પોતાના સમાપન ભાષણમાં, ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના પ્રમુખ જસવિંદર ઢૈંડે તમામ સભ્યોનો તેમની મજબૂત ભાગીદારી અને પ્રતિબદ્ધતા બદલ આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું કે, ગોલ્ડન હેન્ડ્સ - નીટિંગ હોપ' પ્રોજેક્ટ એ એક અદભૂત ઉદાહરણ છે કે વરિષ્ઠ લોકો સમાજમાં સક્રિયપણે કેવી રીતે યોગદાન આપી શકે છે. અંતે તેમણે સભ્યોને આ પ્રોજેક્ટને ટેકો આપવાનું ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા અને આગામી અઠવાડિયામાં વધુ સ્વયંસેવકોને જોડાવા માટે આમંત્રણ આપ્યું હતુ.

# કેનેડામાં શિક્ષણ ભારતીયો માટે હવે મુશ્કેલ, વિઝા અપ્રૂવલ રેટ ૫૧%થી ઘટીને માત્ર ૩૦%

**જાન્યુઆરીથી જુલાઈ ૨૦૨૫ દરમિયાન માત્ર ૫૨,૭૬૫ ભારતીયોને જ મળી સ્ટડી પરમિટ**

**કેનેડામાં એક્ટિવ સ્ટુડન્ટ્સની સંખ્યા ૨.૩૭ લાખ ઘટી, વિઝા રિજેક્શનનો દર ચિંતાજનક સ્તરે.**

**વિકલ્પોની શોધઃ કેનેડામાં કડક નિયમોને પગલે હવે ગુજરાતીઓ જર્મની, ઓસ્ટ્રેલિયા અને યુ.કે. તરફ વળ્યા.**




**ઓન્ટેરિયો**

કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા પરમિટ આપવામાં અચાનક 50%નો ઘટાડો કર્યો છે. અમેરિકાની જેમ જ હવે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓમાં સતત નિરાશા વ્યાપી રહી છે. કેનેડા જઈને ભણવાનું સ્વપ્ન જોનારા લાખો ભારતીય અને ખાસ કરીને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે છેલ્લું વર્ષ અત્યંત નિરાશાજનક સાબિત થયું છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણ સલાહકાર સંસ્થા ICEF Monitorના તાજેતરના અહેવાલ અનુસાર કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ પરમિટ આપવામાં અચાનક 50%નો ઘટાડો કર્યો છે. વર્ષ 2024માં જ્યાં 1,88,255 ભારતીય વિદ્યાર્થીઓને પરમિટ મળી હતી, તેની સામે વર્ષ 2025ના પ્રથમ સાત મહિનામાં માત્ર 52,765 પરમિટ જ આપવામાં આવી હતી. આગામી આખા વર્ષનો અંદાજિત આંકડો 90,454ની આસપાસ રહેવાની શક્યતા છે, જેનો અર્થ એ છે કે, વર્ષ 2023ની સરખામણીમાં 67.5%નો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ કેનેડા જાય છે. વાલીઓ પોતાના બાળકોનું ભવિષ્ય સુવિધા સંપન્ન દેશમાં બને તે માટે લાખો રૂપિયા ખર્ચીને કોચિંગ, IELTS, વિઝા પ્રોસેસિંગ અને એપ્લિકેશનમાં મોટું રોકાણ કરે છે. પરંતુ આ વર્ષે કેનેડા સરકારના વલણને કારણે તેમના સપના પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે.

ICEF મોનિટરના રિપોર્ટમાં વધુ ચોંકાવનારી બાબત એ છે કે, જાન્યુઆરીથી જૂન 2025 દરમિયાન તમામ દેશોની કુલ 1,43,485 અરજીઓ પ્રોસેસ થઈ હતી, જેમાંથી 1,04,980 નવી અરજીઓ હતી. જોકે, આમાંથી માત્ર 31,580 અરજીઓને જ મંજૂરી અપાઈ હતી. જાન્યુઆરી 2024માં કેનેડામાં 10,23,785 એક્ટિવ સ્ટડી પરમિટ ધરાવતા વિદ્યાર્થીઓ હતા, જે જુલાઈ 2025 સુધીમાં ઘટીને 7,85,830 થઈ ગયા છે. આમ, કુલ વિદ્યાર્થીઓની સંખ્યામાં 23.2%નો મોટો ઘટાડો નોંધાયો છે. કેનેડા જવાનું સપનું સેવતા ગુજરાતી વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે આ સમાચાર ખરેખર મોટી ચિંતાનો વિષય છે. દર વર્ષે ગુજરાતમાંથી અંદાજે 15,000 જેટલા વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવવા માટે કેનેડા જાય છે. જોકે, જે વિદ્યાર્થીઓએ હાલમાં જ અરજી કરી છે, તેઓ હવે વિકલ્પ તરીકે યુ.કે., ઓસ્ટ્રેલિયા, જર્મની કે અમેરિકા જેવા દેશો પસંદ કરવા અથવા તો ભારતમાં જ કોઈ સારી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા અંગે વિચારી રહ્યા છે.

# ડોમિનિકન રિપબ્લિકમાં પ્રવાસી બસને અકસ્માત : બે લોકોના મોતથી અરેરાટી

**કેટલાક કેનેડિયન પ્રવાસીઓ લોહીલુહાણ, એમ્બેસી દ્વારા ઘાયલોને કોન્સ્યુલર સહાય; ઇમરજન્સી સેન્ટર કાર્યરત કરાયું**

**કુમાયાસા**

ડોમિનિકન રિપબ્લિકમાં કેનેડાના દૂતાવાસે જણાવ્યું હતુ કે, રવિવારે રાત્રે કેરેબિયન રાષ્ટ્રમાં પ્રવાસી બસ અકસ્માતમાં કેનેડિયનો સંડોવાયેલા હતા. સોમવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં દૂતાવાસે જણાવ્યું હતું કે, સ્ટાફ કોન્સ્યુલર સહાય પૂરી પાડી રહ્યો છે, પરંતુ બસમાં કેટલા કેનેડિયન હતા અથવા તેમની સ્થિતિ શું છે તે અંગે કોઈ વિગતો આપી નથી. સ્થાનિક મીડિયાએ પુન્ટા કાનાના લોકપ્રિય રિસોર્ટ વિસ્તારથી લગભગ એક કલાકના અંતરે પશ્ચિમમાં કુમાયાસા નજીક થયેલા આ અકસ્માતમાં બે લોકોના મોત અને ઓછામાં ઓછા ૧૯ લોકો ઘાયલ થયા હોવાનો અહેવાલ આપ્યો હતો. આ સાથે જ અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, મૃત્યુ પામેલા બંને વિદેશી નાગરિકો હતા, પરંતુ તેમની નાગરિકતા વિશે વધુ કોઈ જાણકારી મળી નથી. ઘટના બાદ કેનેડિયન પ્રેસે ટિપ્પણી માટે ગ્લોબલ અફેર્સ કેનેડાનો સંપર્ક કર્યો, પરંતુ વિભાગે કહ્યું કે તે કોઈ વધારાની માહિતી આપી શકે તેમ નથી. ડોમિનિકન રિપબ્લિકમાં દૂતાવાસે કહ્યું કે, સહાયની જરૂર હોય તેવા કોઈપણ કેનેડિયનોએ ઈમરજન્સી વોચ અને રિસ્પોન્સ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ.



# મિસિસાગામાં રાસ-ગરબાની રમઝટ અને ગુંજ્યા ભક્તિ તથા હોળી પર્વના ગીતો

## GSSMની માસિક બેઠકમાં સમાજના નવા બંધારણનો મુસદ્દો રજૂ; માર્ચ માસમાં જન્મેલા 21 સભ્યોનું ગીતો અને બર્થ ડે કાર્ડ સાથે ભાવભીનું સન્માન

**મિસિસાગા**

ગુજરાતી સીનીયર સમાજ મિસિસાગા (GSSM)ની માર્ચ મહિનાની માસિક બેઠક ગત તારીખ 1 માર્ચ ૨૦૨૬ને રવિવારે સ્ટીફન લેવિસ સેકન્ડરી સ્કૂલ, થોમસ રોડ, મિસિસાગા ખાતે યોજાઈ હતી. બેઠકમાં સભ્યોને તિલક કરી હોળી-ધૂળેટીની શુભેચ્છા સહ આવકાર અપાયા બાદ સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ ગોઢિયા અને રેખાબેન ગોઢિયા પણ જોડાયા હતા.







અલ્કાબેન પટેલ દ્વારા પ્રાર્થના રજૂ થયા બાદ ઈલાબેન દેવાણીએ સમાજના પ્રમુખને સ્ટેજ પર આવકાર્યા હતા. સભ્યોની સ્વાગતવિધિ બાદ સમાજના જે સભ્યો આ માસમાં મૃત્યુ પામ્યા હોય, તેમના માટે બે મિનિટ મૌન પાળી પ્રાર્થના કરાઈ હતી. પ્રમુખે ઉદબોધન કરતા જણાવ્યું કે, આજે સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શક્યા તેનો આનંદ છે. આ તકે સ્વયંસેવકો અને તેમની સમાજ માટેની સેવાને બિરદાવવામાં આવી હતી. મહેન્દ્રભાઈએ જણાવ્યું કે, જ્યારે અમારી કમિટીએ સમાજનો વહીવટ સંભાળ્યો ત્યારે વિશ્વાસ આપ્યો હતો કે બંધારણમાં જરૂરી સુધારા કરવામાં આવશે જેથી સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બને. હાલમાં તમામ સભ્યોને નવા બંધારણનો મુસદ્દો અને વહીવટી મંડળની રચના માટેની નિયમાવલી ઈમેઈલથી મોકલવામાં આવી છે, જેનો અભ્યાસ કરીને આપેલ સમયમર્યાદામાં સૂચનો મોકલવા. આ નવા બંધારણને મે માસની સામાન્ય સભામાં રજૂ કરી આખરી નિર્ણય લેવામાં આવશે. ત્યારબાદ ઈલાબેન દેવાણીએ 'બોલી ફિટ' કરાવ્યું હતુ. સ્ટેજ પરથી તેમને રેખાબેન હિંડોચા, જયશ્રીબેન, સુધાબેન ભટ્ટ, હર્ષાબેન, મધુરીબેન મહેતા, ધર્મિષ્ઠાબેન પટેલ અને હર્ષિકાબેન પટેલે સાથ આપ્યો હતો. ચંપકભાઈ ટેલર અને પ્રવિણભાઈ મહેતાએ સુંદર ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીની જવાબદારી સંભાળી હતી. ઈલાબેન દેવાણીએ આગામી તહેવાર રામનવમીનો ઉલ્લેખ કરીને રામભક્તિના ગીતો પર પણ બોલી ફિટની કામગીરી કરાવી હતી. ત્યારબાદ માર્ચ માસમાં જન્મદિવસ હોય તેવા તમામ ૨૧ સભ્યોને સ્ટેજ પર બોલાવી 'બર્થ ડે સોંગ' સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જયશ્રીબેન ભટ્ટે તેમના જન્મદિવસ નિમિત્તે કબીર સાહેબના એક ગીતનું પઠન કર્યું હતુ. નાસ્તા બાદ હોળીના પર્વ નિમિત્તે રાસ-ગરબા અને ગીતોની રમઝટ બોલાવાઈ હતી. ઢોલ-નગારાના તાલે સૌ ઝૂમી ઉઠ્યા હતા. ભરતભાઈ મિસ્ત્રી અને નલિનીબેન પટેલે હોળીના સુંદર ગીતો રજૂ કર્યા હતા.

# ભારતને યુરેનિયમ આપશે કેનેડા, PM મોદી અને કાર્નીની મુલાકાતમાં કરાર

**ટોરોન્ટો**

નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે સોમવારે મુલાકાત થઈ હતી. આ સમયે ભારત-કેનેડા સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા. વર્ષ 2023માં ખાલિસ્તાની અલગતાવાદીની હત્યા મુદ્દે થયેલા રાજદ્વારી તણાવ બાદ હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટેક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. બંને પીએમ વચ્ચેની બેઠકમાં ભારત અને કેનેડાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 50 બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. વડાપ્રધાન મોદીએ માર્ક કાર્નીના નેતૃત્વના વખાણ કરતા જણાવ્યું હતું કે, ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યો અને વિવિધતામાં અતૂટ વિશ્વાસ ધરાવે છે. આ ભાગીદારીને આગલા સ્તર પર લઈ જવા માટે બંને દેશો ટૂંક સમયમાં 'વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી'(CEPA)ને અંતિમ ઓપ આપશે, જેનાથી રોકાણ અને રોજગારની નવી તકો ઊભી થશે.



2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 50 બિલિયન ડૉલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક

ભારતની વિકાસયાત્રામાં કેનેડાનો વિશ્વાસ એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે, કેનેડિયન પેન્શન ફંડ્સે ભારતમાં 100 બિલિયન ડૉલરનું રોકાણ કર્યું છે. આ ઉપરાંત, બંને નેતાઓ વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ, રિન્યુએબલ એનર્જી, કલ્ચરલ એક્સચેન્જ અને ટેક્નોલૉજી-ઈનોવેશન પર પણ મહત્ત્વના કરારો થયા છે. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા વચ્ચે યોજાયેલી આ બેઠકમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર પણ ગહન ચર્ચા કરવામાં આવી હતી.

નેતન્યાહૂ સરકારના આક્રમક વલણ અને રશિયા-યુક્રેન સહિતના વૈશ્વિક સંઘર્ષો વચ્ચે ભારત અને કેનેડાએ સિવિલ-ન્યુક્લિયર ક્ષેત્રે સહયોગ વધારવાની તૈયારી બતાવી છે, જેમાં ભારત કેનેડા પાસેથી યુરેનિયમની ખરીદી કરવાના કરારને અંતિમ રૂપ આપવા ઈચ્છે છે. માર્ક કાર્નીએ પણ સોશિયલ મીડિયા પર સ્વીકાર્યું હતું કે ભારતમાં ઊર્જા અને ટેક્નોલૉજીની વધતી માંગ કેનેડાના વ્યવસાયો માટે મોટી તક છે.

# મધ્ય પૂર્વમાં યુદ્ધને પગલે GTAમાં હાઈ-એલર્ટ પૂજા સ્થળો અને કોન્સ્યુલર ઓફિસ પર બંદોબસ્ત

**ટોરોન્ટો**

મધ્ય પૂર્વમાં તણાવ વધતાં ટોરોન્ટો અને ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં (GTA)પોલીસ પૂજા સ્થળો અને કોન્સ્યુલર ઓફિસો પર તેમની હાજરી વધારી રહી છે. ટોરોન્ટો, યોર્ક અને ડરહામ પોલીસે અલગ-અલગ સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં, ખાસ કરીને ઈરાનમાં અને સ્થાનિક સ્તરે થઈ શકે તેવી કોઈપણ અસરો પર નજર રાખી રહ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની સરકારને ઉથલાવી પાડવા હુમલા શરૂ કર્યા હતા. જેના જવાબમાં ઈરાને પણ હુમલા કર્યા છે. આ બાબતને ધ્યાને લઈને યોર્ક પોલીસે પ્રદેશમાં સમુદાય કેન્દ્રો, શાળાઓ અને અન્ય મેળાવડાના સ્થળોએ સક્રિય પેટ્રોલિંગ લંબાવવાનું શરૃ કર્યું છે. સોશિયલ મીડિયા પોલીસે જણાવ્યું કે, 'અમે સમજીએ છીએ કે વૈશ્વિક ઘટનાઓ સ્થાનિક સલામતીની ચિંતાઓનું કારણ બની શકે છે અને આપણા સમુદાયો પર ઊંડી અસર કરી શકે છે.' ડરહામ પોલીસે કહ્યું કે, તે તમામ સમુદાયના સભ્યોને ટેકો આપવા માટે સતર્ક રહેશે. ટોરોન્ટો પોલીસે જણાવ્યું હતું કે, સમુદાયની સલામતી માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. GTA માટે હાલ કોઈ ખાસ ખતરો નથી, તેમ છતાં પોલીસ સલામતીનું મૂલ્યાંકન કરવા માટે સરકારના તમામ સ્તરો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે નજીકથી કામ કરશે. પ્રાદેશિક હુમલાઓને પરિણામે એર કેનેડા દ્વારા દુબઈ જતી અને ત્યાંથી આવતી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.






તંત્રી સ્થાનેથી

# ઈરાનના સુપ્રિમો ખામેનેઈની હત્યા પાછળ પરમાણુ કાર્યક્રમ જવાબદાર

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના આરંભમાં જ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા થઈ જતા ઈઝરાયલનું પલ્લું ભારે છે. પણ ઈરાન યુદ્ધ હારી ગયું નથી. તેણે વળતા કરેલા વળતા પ્રહારોએ દુનિયાને એ વાતનો સંકેત આપ્યો છે કે યુદ્ધની સ્થિતિ જલ્દી થાળે નહીં પડે. ઈરાને ખામેનેઈના સ્થાને તેના પુત્રની નિમણુક કરીને બદલો લેવાનું ચાલુ રાખ્યું છે. આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા પછી ઈઝરાયલ અને અમેરિકાએ આ હુમલો કઈ રીતે કર્યો તેને લઈને દુનિયામાંથી પણ સવાલો ઉઠ્યા હતા.



તંત્રી - સ્વદેશ

જો કે, આ ઘટના અંગે ગુરુવારે મહત્વનો ખુલાસો થયો હતો. જેમાં નોંધાયું હતુ કે, ઈઝરાયેલે ઘણા વર્ષોથી આ હુમલાની તૈયારી કરી હતી. તેમની ગુપ્તચર સંસ્થા મોસાદ અને યુનિટ ૮૨૦૦એ તેહરાનના લગભગ તમામ ટ્રાફિક કેમેરા હેક કરી લીધા હતા. આ કેમેરાની તસવીરો એન્ક્રિપ્ટ કરીને તેલ અવીવ અને દક્ષિણ ઈઝરાયેલના સર્વર પર મોકલવામાં આવતી હતી.

અમેરિકાની ગુપ્તચર સંસ્થાએ પણ આ ઓપરેશનમાં મદદ કરી હતી. તેમાં એક ખાસ કેમેરો હતો, જેનાથી ખબર પડતી હતી કે વરિષ્ઠ અધિકારીઓના બોડીગાર્ડ અને ડ્રાઈવરો તેમના ખાનગી વાહનો ક્યાં પાર્ક કરે છે. આ કેમેરાઓ દ્વારા ઈઝરાયેલને ઈરાનના અધિકારીઓ વિશે ઘણી માહિતી મળી, જેમ કે તેમનું ઘર ક્યાં છે, તેઓ ક્યારે ફરજ પર આવે છે, કયો રસ્તો લે છે. ઈન્ટેલિજન્સની ભાષામાં તેને 'પેટર્ન ઓફ લાઈફ' કહેવામાં આવે છે. આ માહિતી ઈઝરાયેલને ખામેનેઈની હત્યા માટે ખૂબ કામ લાગી હતા. ઈઝરાયેલે પાશ્ચર સ્ટ્રીટની આસપાસના મોબાઈલ ટાવર પણ હેક કર્યા હતા, જેથી હુમલા સમયે ફોન વ્યસ્ત દેખાયા અને સુરક્ષા ટીમને કોઈ ચેતવણી મળી ન હતી. અમેરિકા અને ઈઝરાયેલે તેહરાનની પાશ્ચર સ્ટ્રીટ પાસેના ખામનેઈના કાર્યાલય પર હુમલો કર્યો ત્યારે તેમનાખામેનેઈ પાસે બચવાનો કોઈ રસ્તો નહોતો.

અગાઉ 2025માં જૂનમાં ૧૨ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા વૈજ્ઞાનિકો અને અધિકારીઓને નિશાન બનાવ્યા હતા. તે પછી લોકોની હિલચાલ સમજવા માટે ટેલિકોમ અને મોબાઈલ ફોન સિસ્ટમમાં હેકિંગ કરવાની વાત થઈ હતી. જેમાં ક્યારેક ચોક્કસ અધિકારીઓ સાથે જોડાયેલા અંગરક્ષકોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી હતી. ઈરાન જાણતું હતું કે, ખામેનેઈ તેમના દુશ્મનોના રડાર પર છે. તેથી દુશ્મનોની સંભવિત તમામ હરકતોનો તેને અંદાજ હતો. અત્યાર સુધી તો ખામેનેઈને કોઈ આંચ ન આવી. પરંતુ છેલ્લે અઠવાડિયે ઈરાનની સુરક્ષા એજન્સી અને ગુપ્તચર સંસ્થાઓ અમેરિકા અને ઈઝરાયેલની ચાલાકી સામે નિષ્ફળ ગઈ.

એક સમયે ઈઝરાયલ અને ઈરાન મિત્ર રાષ્ટ્રો હતા. ઈરાનમાં શાસન બદલાતાં નવા શાસકોને ઈઝરાયેલ દુશ્મન લાગવા માંડયું હતું. ઈરાન પાસે અણુ બોંબ બનાવવા માટે જરૂરી એવું સમૃધ્ધ યુરેનિયમ છે, જે તેલ એવિવને જોખમકારક લાગે છે. ૧૯૪૮માં જ્યારે સ્ટેટ ઓફ ઈઝરાયલની જાહેરાત થઈ, ત્યારે મુસ્લિમ શાસન ધરાવતા મોટાભાગના દેશોએ તેને માન્યતા નહોતી આપી, પણ શિયા બહુમતીવાળા ઈરાને તેને માન્યતા આપી હતી. શાહ મોહમ્મદ રેઝા પહેલવીના શાસન કાળમાં ઈરાન પશ્ચિમના દેશો તરફ ખાસ કરીને અમેરિકા તરફ ઢળેલું હતું. ઈઝરાયલ અમેરિકાના ટેકા પર આધારિત હોવાથી તે પણ ઈરાનને પોતાનો મિત્ર દેશ ગણતું હતું. ૧૯૫૦-૬૦ના કાર્યકાળ દરમિયાન ઈઝરાયલે બિન-આરબ દેશોનું જોડાણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો. તૂર્કી અને ઈથોપિયા તેમાં જોડાયા હતા. ૧૯૫૮માં ઈરાન, તૂર્કી અને ઈઝરાયલે ટ્રાઈડેન્ટ (ત્રિશુળ) કરાર કર્યા હતા. જેમાં શસ્ત્રોના સોદા, ગુપ્ત માહિતીની આપલે અને આર્થિક સહકારનો સમાવેશ હતો. એક સમયે આ બન્ને દેશો વચ્ચે એવા સંબંધો હતા કે, ઈઝરાયલ ઈરાનને લશ્કરી બાબતોમાં ટેકનિકલ સપોર્ટ પુરું પાડતું હતું. આર્થિક ક્ષેત્રે પણ ઈરાન-ઈઝરાયલના સંબંધો બહુ મહત્ત્વના સાબિત થયા હતા. ૧૯૬૭માં જ્યારે કેટલાક આરબ દેશોએ ઈઝરાયલનો બોયકોટ કરીને ઓઈલ આપવાનું બંધ કર્યું ત્યારે ઈરાને તેને ઓઈલ પુરૂં પાડયું હતું. તેની સામે ઈઝરાયલે ઈરાનને આધુનિક કૃષિ ટેકનોલોજી પૂરી પાડી હતી. ૧૯૬૦-૭૦ના દાયકામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે આર્થિક અને સલામતીના મુદ્દે ભાઈચારો જોવા મળતો હતો. ઈઝરાયલમાં ઓઈલ સપ્લાય કરવામાં ઈરાન મોખરે રહેતું હતું. તે વખતે ઈઝરાયલ ઈરાનને શસ્ત્રો પણ વેચતું હતું, જેના કારણે ઈઝરાયલની સરંક્ષણ ઉત્પાદનોની ક્ષમતા વધી હતી. ઈરાકમાં કુરદીશ અલગતાવાદીઓને ઠેકાણે પાડવામાં ઈઝરાયલે ઈરાકને મદદ કરી હતી. ૧૯૭૯માં ઈરાન રિવોલ્યુશનના પગલે નવા શાસક આયાતોલ્લાહ રૂહોલ્લાહ ખોમૈની આવતાં ઈઝરાયલ સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં તિરાડ પડી હતી. ઈરાનના નવા શાસકો પેલેસ્ટાઈનની વધુ તરફેણ કરતા હતા. ૧૯૮૦-૧૯૯૦ના દાયકામાં ઈરાન હઝબુલ્લાહ, હમાસ જેવા ત્રાસવાદી સંગઠનનોની પીઠ થાબડતું હતું. તેમને ટ્રેનિંગ, ફંડીંગ ઉપરાંત શસ્ત્રો પૂરાં પાડતું હતું. ક્રમશઃ ઈરાન માનવા લાગ્યું હતું કે ઈઝરાયલ તેનું સૌથી મોટું દુશ્મન છે. ત્યારબાદ થોડો સમય તેમની વચ્ચે આંશિક સુમેળ રહ્યો હતો, પરંતુ ૧૯૯૦માં ઈરાનના અણુ બોંબ બનાવવાના પ્રોગ્રામના કારણે તેમના સંબંધો સાવ ખાડે પહોંચી ગયા હતા. અને પછી બંને કટ્ટર દુશ્મન બની ગયા હતા. ઈઝરાયલે એક તબક્કે ઈરાનની અણુક્ષમતાની સામે ઓપરેશન રાઈઝીંગ લાયન શરૂ કર્યું હતું. તેનો મુખ્ય આશય પોતાના અસ્તિત્વ સામે ઊભા થયેલા અણુ ખતરાનો સામનો કરવાનો હતો.

બે દાયકા સુધી ઈઝરાયલ અવઢવમાં રહ્યું હતું. અંતે ઈઝરાયલે મહત્ત્વનો નિર્ણય લીધો અને ઈરાનના અણુબોંબ બનાવતાં સેન્ટરો તેમજ બેલેસ્ટિક મિસાઈલ બનાવતી ફેકટરી પર હુમલો કર્યો હતો. ઈરાન અણુ બોંબ બનાવતું બંધ થાય તે માટેનો આ પ્રયાસ હતો. ૨૦૨૫ની ૧૩ જૂને ઈઝરાયલે ઈરાનનાં અણુમથકોને ટાર્ગેટ કરીને કરેલા હુમલામાં અણુ વિજ્ઞાની અને કેટલાક નાગરિકો માર્યા ગયા હતા. ઈઝરાયલના વડાપ્રધાન નેત્યનાહૂને કહેતા હતા કે જ્યાં સુધી ઈરાનના સુપ્રીમો ખોમેની ખતમ નહીં થાય ત્યાં સુધી યુદ્ધ બંધ થવાનું નથી. આખરે ઈઝરાયલે અમેરિકાની મદદ લઈને ખામેનેઈને મોતને ઘાટ ઉતારી દેતા યુદ્ધ ભડકી ઉઠ્યું છે. અમેરિકાને પણ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ બંધ કરાવવો હતો. પરંતુ ખામેનેઈ ટ્રમ્પ સામે ઝુકતા ન હતા. જેને કારણે બંને વચ્ચે ઘણાં સમયથી અણબનાવ હતો. પરિણામે ઈઝરાયલ અને અમેરિકાએ ભેગા થઈને યોજનાને અંજામ આપ્યો છે. ખામેનેઈના મોત બાદ ઈરાને પણ આધુનિક શસ્ત્રો અને સરંજામ સાથે વળતા જોરદાર હુમલા કરતા અમેરિકા અને યુઝરાયેલને મોટા પાયે નુકસાન થયું છે. મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિમાં અઠવાડિયામાં 1100થી વધુના મોત થયા છે. હજી પણ યુદ્ધ ચાલે તેવા સ્પષ્ટ સંજોગો છે.

manoj1968@yahoo. ca






# GRD ભરતીનું મસમોટું કૌભાંડ ખુલ્લું પાડનાર અધિકારીને ધમકી

## કેનાલમાં નાખી દેવાની અને જાતિ વિષયક અપશબ્દો કહી ધમકાવવામાં આવ્યા હોવાની ગંભીર ફરિયાદ, 14 સામે ગુનો દાખલ

**વાવ-થરાદ**

વાવ-થરાદ જિલ્લાના સુઈ ગામમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. સરકારી તિજોરી પર તરાપ મારતા મસમોટા GRD ભરતી કૌભાંડનો પર્દાફાશ થયો છે. એક પ્રામાણિક માનદ અધિકારીએ જ્યારે નકલી સભ્યોનો પર્દાફાશ કર્યો, ત્યારે તેમને કેનાલમાં નાખી દેવાની અને જાતિ વિષયક અપશબ્દો કહી ધમકાવવામાં આવ્યા હોવાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે.

થરાદના સરહદી સુઈ ગામમાં કાયદો અને વ્યવસ્થાના રખેવાળ ગણાતા GRD એટલે કે ગ્રામ રક્ષક દળમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગી હોવાની ઘટના સામે આવી છે. માનદ અધિકારી તરીકે ફરજ બજાવતા દશરથ સોલંકીને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, કેટલાક શખસો નકલી આઈકાર્ડના આધારે નોકરી કરી રહ્યા છે.

અધિકારીએ કહ્યું કે, 'મેં જ્યારે નકલી આઈકાર્ડ પકડ્યા ત્યારે મને ધમકાવવામાં આવ્યો હતો. જેમાં ક્લાર્ક મહેશ બારોટ નામના કહ્યું કે, એસ.પી. સાહેબ બદલાઈ જશે પછી તને એવા ગુનામાં ફસાવીશ કે દુનિયા પણ જોવા નહીં મળે.'

સમગ્ર મામલે દશરથે હિંમત હાર્યા વગર હાઈકોર્ટ અને ગૃહમંત્રી સુધી રજૂઆતો કરી અંતે, ડીવાય.એસ.પી. એસ.એમ. વારોતરીયા દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. જેને પગલે કુલ 14 શખસો સામે ગુનાહિત કાવતરું રચવા, ભ્રષ્ટાચાર અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ તેજ કરવામાં આવી છે. શું આ કૌભાંડના તાર છેક ઉપર સુધી જોડાયેલા છે? શું સામાન્ય જનતાના ટેક્સના પૈસા આ રીતે નકલી સભ્યોના નામે ખવાઈ રહ્યા હતા? આ તમામ સવાલોના જવાબ હવે પોલીસ તપાસમાં બહાર આવશે, સુઈગામ પોલીસ છાવણીમાં આ કૌભાંડને લઈ ફફડાટ વ્યાપી ગયો છે. જોવાનું એ રહેશે કે આ 14 આરોપીઓની ધરપકડ ક્યારે થશે.




**ભાજપના પૂર્વ હોદ્દેદાર વિવાદમાં ફસાયા**

# ફાર્મ હાઉસ બનાવ્યું, પૈસા ના ચૂકવ્યા જમીનો પર દબાણ કરી દઈ દાદાગીરી

**વડોદરા**

પોઇચા ખાતેના ફાર્મમાં છગન પટેલે ફાયરિંગ કરતા ડભોઈ તાલુકાના એક વ્યક્તિને ઈજા થતા તેને સારવાર માટે ખસેડાયો છે. લાયસન્સ ના હોવા છતાં પોતાની પાસે રિવોલ્વર લઈને ફરતા છગન પટેલ સામે આર્મ્સ એક્ટનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી જેલમાં ધકેલી દેવાયો છે. પોલીસે તેની ધરપકડ કર્યા બાદ ખેડૂતોની હિંમત ખૂલી છે અને તેઓ હવે છગન પટેલ સામે ફરિયાદ કરવા લાગ્યા છે. દિલીપ જેઠા ડાભી, મહેન્દ્ર રમણ ડાભી અને સુરેશ બાબુભાઈ ડાભીએ એસપીને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અમે છગન પટેલને પોઇચા(રાણીયા)ની જમીન વેચાણ કરી નહી હોવા છતાં જમીનનો રસ્તો ગેરકાયદે બંધ કર્યા બાદ દબાણ કરી દીધું છે અને ધમકી આપી માપણી પણ કરવા દેતા નથી. જ્યારે સુરેન્દ્ર પરમારે પણ ફરિયાદ કરી જણાવ્યું હતું કે મેં પોઇચાની જમીન મૂળ માલિક પાસેથી ખરીદવા રૂા.૧૦ લાખ આપી બાનાખત કર્યુ હતું પરંતુ છગન પટેલે ધમકી આપી તે બાનાખત રદ કરાવ્યું હતું અને હજી પણ પૈસા ચૂકવ્યા નથી.

# પાટણના રખાવમાં જનતા રેડ : ધારાસભ્યએ ગામલોકો સાથે આખું પોલીસ સ્ટેશન ગજવ્યું

## કિરીટ પટેલે દારૂના વેચાણ મામલે વિરોધ નોંધાવ્યો, પીઆઈની બદલી માંગ કરાઈ

**પાટણ**

પાટણના સરસ્વતી તાલુકાના રખાવ ગામ ખાતે છેલ્લા ઘણાં સમયથી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાને લઈને સ્થાનિકોએ અનેક વખત તાલુકા પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરી હતી. પોલીસ દ્વારા બુટલેગરો પર કોઈ પ્રકારે કાર્યવાહી ન કરતાં રોષે ભરાયેલા સ્થાનિકોએ દારૂના અડ્ડા પર રેડ મારીને મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ પછી સ્થાનિકોએ દેશી દારૂથી ભરેલા પ્લાસ્ટિકના ડ્રમ સરસ્વતી પોલીસ સ્ટેશન લઈ પહોંચ્યા હતા. સ્થાનિકોએ પોલીસ કેમ્પસમાં જ દેશી દારૂ ઢોળીને ભારે વિરોધ નોંધાવ્યો હતો.

ગામમાં દારૂના વેચાણ મામલે અનેક વખત પોલીસને રજૂઆત કરી છે. જેમાં ત્રણ જેટલાં બુટલેગર સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જો કે, પોલીસ દ્વારા કોઈ પ્રકારે એક્શન ન લેવાતા અંતે 'જનતા રેડ' કરીને મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સમગ્ર મામલે સ્થાનિકોએ વિરોધ કરીને બુટલેગર સામે યોગ્ય કાર્યવાહી કરવા અને પી.આઈ. ચૌધરીની બદલી કરવાની માંગ કરી હતી. ધારાસભ્યએ કહ્યું કે, 'ગામમાં દેશી દારૂ વેચાતો હોવાનું સ્થાનિકોએ જાણ કરી હતી. આ પછી મેં પી.આઈ. ચૌધરી સાથે ટેલિફોનિક વાત કરી હતી. પરંતુ દારૂ ન વેચાતો હોવાનું પી.આઈ.એ જણાવ્યું હતું. જો કે, ત્યારબાદ આ મામલે એસપીને રજૂઆત કરીને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પરંતુ કોઈ પગલાં લેવામાં ન આવતા અંતે સ્થાનિકોએ દારૂના અડ્ડા પર રેડ મારીને જથ્થો પોલીસ સ્ટેશન લાવ્યા હતા.

# પલાણા ગામે હોળીના પર્વે અનોખી પરંપરા ધગધગતા અંગારા ઉપર દોડયાં શ્રદ્ધાળુઓ

## અંગારા પર ચાલવાથી મનોકામનાઓ પૂર્ણ થાય તેવી આશા સાથે ઘણા લોકો અહીં આવે છે

**નડિયાદ**

પલાણા ગામમાં દર વર્ષે હોળીના તહેવારની ઉજવણી કંઈક અલગ રીતે કરવામાં આવે છે. ગામના ચોકમાં હોળી પ્રગટાવવામાં આવે છે અને ત્યાર બાદ વિધિવત્ પૂજા અર્ચના કરવામાં આવે છે. હોળી દહન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ્યારે લાકડા બળીને લાલચોળ અંગારામાં ફેરવાય છે, ત્યારે શ્રદ્ધાળુઓ ભક્તિભાવ સાથે આ અંગારા પર ચાલે છે. આ પરંપરા આ વર્ષે પણ કાયમ રહી હતી. જોડાયેલી



છે. ગ્રામજનોનું માનવું છે કે, હોળીના આ પવિત્ર અંગારા પર ચાલવાથી તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે. અનેક લોકો પોતાની બાધા કે આખડી પૂરી કરવા માટે આ દિવસે અહી પહોંચે છે. નવાઈની વાત એ છે કે, ધગધગતા અંગારા હોવા છતાં આ રીતે ચાલતા શ્રદ્ધાળુઓના પગમાં કોઈ ઈજા કે દાઝ્યાના નિશાન જોવા મળતા નથી, જેને લોકો ભગવાનનો ચમત્કાર માને છે. આ પરંપરાને નિહાળવા માટે ખેડા જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી શ્રદ્ધાળુઓ પલાણા પહોંચતા હોય છે. ગામના મુખ્ય ચોકમાં જ્યાં હોળીનું આયોજન કરવામાં આવે છે ત્યાં ચારે તરફ લોકોની ભારે ભીડ જોવા મળે છે.

# મજરા ગામમાં હોળીની 500 વર્ષ જૂની પરંપરા ! અંગારા પર કોઈ દાઝતું નથી

**સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલું મજરા ગામ આજે પણ પોતાની 500 વર્ષ જૂની અનોખી અને અડગ પરંપરાને કારણે સમગ્ર ગુજરાતમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હોળીના પર્વે અહીં ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે, જ્યાં વિજ્ઞાન પણ નમતું જોખે તેવી ચમત્કારી ઘટનાઓ આજે જીવંત છે.

મજરા ગામના ભૈરવનાથ મંદિરના ચોકમાં દર વર્ષે હોળીની રાત્રે એક વિશેષ વિધિ કરવામાં આવે છે. અહીં બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે - એક લાકડાંની અને બીજી છાણાંની. જ્યારે લાકડાંની હોળી સળગીને લાલચોળ અંગારાઓમાં ફેરવાય છે, ત્યારે શ્રદ્ધાનો ખરો અંશ જોવા મળે છે. આશ્ચર્યની વાત એ છે કે 5 દાયકાથી ચાલતી આ પરંપરામાં હજુ સુધી એક પણ ભક્ત દાઝ્યો હોય તેવો બનાવ બન્યો નથી. ગ્રામજનો આ ચમત્કારને દાદા ભૈરવનાથની અસીમ કૃપા માને છે. મજરાની હોળી સાથે અનેક સામાજિક માન્યતાઓ જોડાયેલી છે. જેમ કે જે પરિવારમાં પુત્રનો જન્મ થયો હોય, તેને હોળીના પ્રથમ દર્શન કરાવવા અનિવાર્ય માનવામાં આવે છે. નવપરિણીત યુગલો હોળીની પ્રદક્ષિણા કરી સુખી દામ્પત્ય જીવનની કામના કરે છે.

# ડાકોરમાં હોળી અને ધૂળેટી ઉજવણી : આસ્થાના મહાકુંભમાં પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રણછોડરાયજીના દર્શન કર્યા

**ડાકોર**

યાત્રાધામ ડાકોરમાં હોળી પૂનમ અને ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ચંદ્રગ્રહણના વિશેષ સંયોગને કારણે ઠાકોરજીની સેવા-પૂજાના ક્રમમાં ફેરફાર સાથે ઉત્સવની અનોખી રોનક જોવા મળી હતી. હોળી મેળાના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધીમાં અંદાજે ૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ભગવાન રણછોડરાયજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ચંદ્રગ્રહણ હોવાથી ઠાકોરજીની તમામ ધામક વિધિઓ અને ભોગ રાત્રિના ૨:૦૦ વાગ્યાથી સવારના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવ્યા હતા. રાત્રે ૨:૦૦



વાગ્યે ઠાકોરજીની આરતી બાદ તેમને પવિત્ર કેસર સ્નાન કરાવવામાં આવ્યું હતું. સ્નાન બાદ ઠાકોરજીને ફૂલડોલમાં બિરાજમાન કરાયા હતા. આજ્ઞા માળા ધારણ કરાવી ગોપાલ લાલજીને નિજમંદિરની બહાર આસોપાલવના તોરણથી સજાવેલા પારણે ઝુલાવવામાં આવ્યા હતા. આ મનોહર દર્શન સતત બે કલાક સુધી ખુલ્લા રહ્યા હતા. ધૂળેટી પર્વ નિમિત્તે સેવક ભાઈઓએ ઠાકોરજીને નવરંગે રંગ્યા હતા.

પરંપરાગત રીતે સોનાની પિચકારી દ્વારા કેસૂડાના જળનો ભક્તો પર છંટકાવ કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ અને રંગોના આનંદમાં તરબોળ થયું હતું. ઠાકોરજીને વિશેષ પતાસાના હારડાનો હાર પણ ધારણ કરાવવામાં આવ્યો હતો. શણગારભોગ બાદ ધૂળેટી પર્વની વિધિવત પૂર્ણાહુતિ કરી ઠાકોરજીને ફૂલ અને દ્રાક્ષની બંગલીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ વિશેષ દર્શન બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહ્યા હતા.

# કરજણમાં પ્રગટાવાયેલી હોળીની જ્વાળાથી વીજ વાયર તૂટતા ભાગદોડ

**અમરેલી**

વડોદરા- કરજણના સંતોષનગર પાસે પ્રગટાવાયેલી હોળીની પ્રજ્વલિત આગ ઉંચે સુધી વીજ નિગમ ઇલેક્ટ્રીક લાઈન પર લાગેલા તારને સ્પર્શી હતી. પરિણામે ચાલુ વીજ પ્રવાહનો તાર અચાનક તુટતા લોકોમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

લોકોમાં થયેલી ભાગદોડના કારણે સ્થાનિકોનો આરોપ છે કે વીજ નિગમની ફોન હેલ્પલાઈન નંબર આ સમયે બંધ હતો અને તૂટેલો વીજ તાર હટાવવાની વારંવાર રજૂઆત છતાં પણ કોઈ કાર્યવાહી વીજ નિગમ દ્વારા કરવામાં આવી ન હતી.

# નોકરીના નામે બેંગકોક બોલાવી ગુના કરતી ગેંગ સામે ફરિયાદ

## સુરતમાં રહેતા બે શખ્સો બેંગકોક, મ્યાંનમાર, કમ્બોડિયામાં રહીને ગુજરાતથી યુવકોને નોકરી માટે બોલાવતા હતા

અમદાવાદ

બેંગકોકમાં ઉંચા પગારની નોકરીની ખાતરી આપીને મ્યાંનમાર, કમ્બોડિયા અને લાઓસ જેવા દેશોમાં ચાલતા ગેરકાયદે કોલ સેન્ટરમાં કામ કરાવીને ગુજરાત સહિત સમગ્ર દેશમાં મોટાપ્રમાણમાં સાયબર ક્રાઇમ આચરતી ગેંગ વિરૂદ્ધ સ્ટેટ સાયબર ક્રાઇમ દ્વારા ગુનો નોંધીને મહત્વના પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. જેમાં ખુબ મોટાપ્રમાણમાં ગુજરાતીઓને નોકરીના નામે બોલાવીને ફસાવવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. જે અંગે વિશેષ ટીમ બનાવીને તપાસ શરૂ કરવામાં આવી છે.

બેંગકોકમાં નોકરીના નામે બોલાવીને મ્યાંનમાર, કમ્બોડિયામાં લઈને ચાઈનીઝ ગેંગ દ્વારા ચલાવવામાં આવતા ગેરકાયદે કોલ સેન્ટરમાં ગુજરાતી વ્યક્તિઓની સંડોવણી અંગે સ્ટેટ સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી છે. જે મુજબ કેન્દ્ર સરકાર ગુજરાત પોલીસને શકમંદોની વિગતો આપે છે. જે વિદેશમાં નોકરીના નામે કામ કરવા માટે ગયા હોય અને પરત આવ્યા હોય તેવા લોકોની માહિતીના આધારે તપાસ કરવામાં આવે છે. પોલીસને આ અનુસંધાનમાં કૌશિક પેથાણી (રહે. સાઈ મિલન રેસીડેન્સી, મોટા વરાછા, સુરત), ધ્રુવ ડોબરીયા (રહે. એચઆરપી બંગ્લોઝ, કામરેજ), ચેતન સોની, મનીષ ભાનુસાલીની વિગતો મળી હતી.

પોલીસે ધ્રુવ ડોબરિયાની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, ધ્રુવને તેના બનેવી મારફતે કૌશિક પેથાણીનો સંપર્ક થયો હતો. ધ્રુવને નોકરીની જરૂર હોવાથી તે કૌશિકની મદદથી બેંગકોક ગયો હતો. જ્યાં કૌશિક પેથાણી તેને મ્યાંનમાર લઈ ગયો હતો અને ચાઈનીઝ ગેંગના કેટલાંક સભ્યો સાથે ઓળખાણ કરાવી હતી. તેમણે ધ્રુવને તાલીમી આપીને ફેસબુક પર છોકરીના નામે ફ્રેન્ડશીપ રીકવેસ્ટ મોકલીને લલચાવીને વિશ્વાસમાં લઈને વોટ્સએપ નંબર મેળવીને તેની સાથે વાત કરીને નાણાં પડાવવામાં આવતા હતા. આ કામમાં ફાવટ આવ્યા બાદ ચાઈનીઝ ગેંગ દ્વારા તેને લાઓસ અને કમ્બોડિયાના કોલ સેન્ટરમાં મોકલવામાં આવ્યો હતો. જ્યાં તેનો ટીમ લીડર બનાવીને તેના હાથ નીચે ૨૦ લોકોની ટીમ બનાવીને સાયબર ક્રાઈમ કરાવીને ભારતમાંથી નાણાં પડાવવાની કામગીરી કરવામાં આવતી હતી. જેના બદલામાં તેને મળતી રકમના છ ટકા અને પગાર પણ આપવામાં આવતો હતો. તેણે ગુજરાતમાંથી વધુ બે લોકોને નોકરીના નામે બોલાવ્યા હતા. પરંતુ, તેમને અંગ્રેજીમાં ફાવટ ન હોવાથી કામગીરી સોંપાઈ નહોતી.લાઓસમાં તેને એક વ્યક્તિ સાથે નાણાંકીય બાબતે તકરાર થતા તે તેનો પાસપોર્ટ લઈને ગુજરાત આવી ગયો હતો. જ્યારે કૌશિક પેથાણી હાલ મ્યાંનમારમાં હોવાનું જાણવા મળ્યું છે. જે અંગે હાલ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# સાબર ડેરી પર નકલી દૂધ વેચવાનો આક્ષેપ, એમડીને આવેદનપત્ર અપાયું

## ડેરીમાં ભરાતા દૂધની કોંગ્રેસના પ્રતિનિધિઓએ વિગતો માંગી

સાબરકાંઠા

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસના પ્રતિનિધિ મંડળ દ્વારા સાબર ડેરીના એમડીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ડેરી દ્વારા અપાતું દૂધ ભેળસેળયુક્ત હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જોકે સાબરડેરીમાં કોઈપણ પ્રકારનું ભેળસેળયુક્ત દૂધ આવ્યું નહિ હોવાનો હોવાનો સાબર ડેરીના એમડીએ દાવો કર્યો હતો. પશુપાલકોની કરોડરજ્જુ સમાન સાબર ડેરીમાં ભેળસેળ યુક્ત દૂધ આવતું હોવાના આક્ષેપો સાથે વિવાદ છેડાયો છે. ત્યારે આજે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસે સમિતિનું ડેલિગેશન સાબર ડેરીના એમડીને આવેદનપત્ર આપી રજૂઆત કરવા માટે પહોંચ્યું હતું. જોકે આંકડાકીય વિગતો સાથે સાબર ડેરીમાં કેટલું દૂધ સંપાદન કરવામાં આવે છે અને આ વિવાદ છેડાયા બાદ કેટલું દૂધ હાલ સંપાદિત થઈ રહ્યું છે તેના આંકડા પણ માગવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં યોગ્ય જવાબ અને યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો કાયદાકીય પગલા લેવાની પણ વાત કરવામાં આવી છે.

# ભરૂચની પ્રાચીન જામા મસ્જિદમાં મહિલાઓએ પૂજા કરતાં વિવાદ, મામલો પોલીસ સુધી પહોંચ્યો

## સ્થળના પ્રાચીન મૂળ અને કોતરણી જૈન મંદિર હોવાના સંકેત હોવાનો દાવો

ભરૂચ

ભરૂચના જૂના શહેર વિસ્તારમાં આવેલી આ ઐતિહાસિક ઈમારતમાં કેટલીક મહિલાઓએ ધાર્મિક વિધિ કે પૂજા કરી હોવાની વાત સામે આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા દ્રશ્યોમાં મહિલાઓ મસ્જિદના સ્તંભો કે ચોક્કસ ભાગ પાસે પૂજા જેવી પ્રવૃત્તિ કરતી હોવાનું જણાય છે. આ વીડિયો સામે આવ્યા બાદ મુસ્લિમ સમુદાય અને મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા આશ્ચર્ય અને વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ વિવાદ માત્ર ધાર્મિક નથી, પરંતુ તે સ્થાપત્યના ઈતિહાસ સાથે પણ જોડાયેલો છે. ભરૂચની આ જામા મસ્જિદ તેના વિશિષ્ટ કોતરણીકામ અને સ્તંભો માટે જાણીતી છે, જેમાં ભારતીય સ્થાપત્ય શૈલીની સ્પષ્ટ છાપ જોવા મળે છે.

હિન્દુ સંગઠનોનો તર્ક છે કે આ સ્થળના પ્રાચીન મૂળ અને કોતરણી તે હિન્દુ કે જૈન મંદિર હોવાના સંકેત આપે છે, જેના કારણે આસ્થાના નામે ત્યાં પૂજા કરવામાં આવી હોઈ શકે.

મસ્જિદ પ્રશાસનનું કહેવું છે કે આ સદીઓ જૂની ઈબાદતગાહ છે અને અહીં અન્ય કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિ કરવી એ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા સમાન છે. તેમણે આ ઘટનાને શાંતિ ડહોળવાનો પ્રયાસ ગણાવ્યો છે.

આ સંવેદનશીલ મુદ્દે ભરૂચ પોલીસ સતર્ક બની છે. કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના ન બને તે માટે મસ્જિદની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવી છે.

# રાજકોટના PIના ભાઈની સુરતમાં ક્રુર હત્યા

## સારવાર માટે ગયેલા યુવાનને વ્યસનમુક્તિ કેન્દ્રના સંચાલકોએ ઢોર માર માર્યો

સુરત

શહેરના ડુમસ રોડ પર સુલતાનાબાદ ખાતે આવેલા 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં માનવતાને શર્મસાર કરતી અને કાયદો-વ્યવસ્થાને પડકારતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વ્યસન મુક્તિની સારવાર માટે આવેલા 32 વર્ષીય યુવક ધવલ જયંતીભાઈ રાઠોડની સંસ્થાના કાઉન્સિલરો અને ડ્રાઈવરે ભેગા મળીને કરપીણ હત્યા કરી નાખી છે. મૃતક ધવલભાઈ રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરના ભાઈ છે, તેમ છતાં આ નરાધમોએ જરા પણ ખૌફ રાખ્યા વગર તેમને તાલિબાની સજા આપી મોતને ઘાટ ઉતારી દીધા છે. ચારેય આરોપીની ધરપકડ કરાઈ છે.

ઘટનાની શરૂઆત ગત 1 માર્ચ 2026ના રોજ રાત્રે 9 વાગ્યાના અરસામાં થઈ હતી. ધવલ રાઠોડને વ્યસન મુક્તિની સારવાર માટે 28 ફેબ્રુઆરીએ જ ડુમસના સુલતાનાબાદ સ્થિત 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતા. રવિવારની રાત્રે સંસ્થાના કાઉન્સિલર જિગ્નેશ ભાસ્કરભાઈ દેસાઈ ધવલ પાસે ગયા હતા અને તેમને સારવારની ગોળીઓ લેવા જણાવ્યું હતું. ધવલે આ ગોળીઓ લેવાની ના પાડતા જ જિગ્નેશ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે કોઈપણ જાતની સમજાવટ વગર ધવલને જોરદાર તમાચો મારી દીધો હતો. આ વાતને લઈને ધવલ અને જિગ્નેશ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ હતી.

જ્યારે ધવલે પોતાનો બચાવ કરવા બૂમાબૂમ કરી, ત્યારે નીચેના માળેથી સંસ્થાના અન્ય કાઉન્સિલરો રોહન, શૈલેષ અને સંસ્થાની ગાડીનો ડ્રાઈવર દિલીપ ઉપર દોડી આવ્યા હતા. આ ચારેય જણાએ ધવલ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. આરોપીઓએ ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી. ડ્રાઈવર દિલીપ નીચે જઈ લાકડી લઈ આવ્યો હતો. ત્યારબાદ રોહન, શૈલેષ અને દિલીપે ધવલને ઊંધો સુવડાવીને માર માર્યો હતો.

# સાળંગપુરમાં ડોક્ટર, આર્કિટેક્ટ અને એન્જિનિયર સહિત 33 યુવાનની દીક્ષા

સારંગપુર

BAPS સ્વામિનારાયણ સંસ્થામાં મહંતસ્વામી મહારાજના હસ્તે ૩૩ સુશિક્ષિત યુવાનોને સંત દીક્ષા અપાઈ. એન્જિનિયર, ડોક્ટર અને એનઆરઆઈ યુવાનો સહિત આ દીક્ષાર્થીઓએ કારકિર્દી છોડીને સંન્યાસ સ્વીકાર્યો છે. સારંગપુરમાં ભવ્ય 'ભાગવતી દીક્ષા' મહોત્સવ યોજાયો હતો. જેમાં વિદેશથી પણ અનેક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં આજે વધુ એક ઐતિહાસિક ભાગવતી દીક્ષા મહોત્સવ યોજાયો. આ ઐતિહાસિક પ્રસંગે ૩૩ યુવાનોએ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે સંત દીક્ષા ગ્રહણ કરી. આ ૩૩ યુવાનોએ બે વર્ષ પૂર્વે પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરી હતી.

આજે દીક્ષિત થયેલા આ ૩૩ યુવાનો ભૌતિક અને શૈક્ષણિક રીતે અત્યંત સમૃદ્ધ બેકગ્રાઉન્ડ ધરાવે છે. જેમાં 13 એન્જિનિયર્સ, 11 ગ્રેજ્યુએટ્સ, 3 માસ્ટર્સ ડિગ્રી ધારક, 1 ડોક્ટર, 1 આર્કિટેક્ટ અને અન્ય ઉચ્ચ અભ્યાસ ધરાવતા 4 યુવાનોનો સમાવેશ થાય છે. આ નવદીક્ષિત સંતોમાં કેનેડામાં ઉછરેલા 4 NRI યુવાનોનો પણ સમાવેશ થાય છે.

# ઈડર તાલુકાના લાલોડા ગામમાં હડકાયા શ્વાને ભેંસને બચકું ભર્યું, દૂધ પીનારા 20થી વધુ લોકો ઈન્જેક્શનો લેવા પડ્યા

## ભેંસમાં હડકવાના લક્ષણો દેખાયા બાદ તેનું મોત નીપજ્યું અને પશુપાલક તથા પરિવારજનો ગભરાયા

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાલોડા ગામમાં એક ચોંકાવનારી અને આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. એક હડકાયા શ્વાને ભેંસને બચકું ભર્યા બાદ ભેંસનું મોત થતા ગામમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ઘટનામાં સૌથી વધુ ચિંતાની વાત એ છે કે, શ્વાન કરડ્યા બાદ જે ભેંસને હડકવા થયો હતો તેનું દૂધ પીનારા 20થી વધુ લોકોએ



તાત્કાલિક હોસ્પિટલ દોડી જવું પડ્યું છે.

મળતી માહિતી મુજબ, સાત દિવસ પહેલા લાલોડા ગામમાં એક હડકાયા શ્વાને એક પશુપાલકની ભેંસને બચકું ભર્યું હતું. શ્વાનના કરડવાથી ભેંસમાં હડકવાના લક્ષણો દેખાવા લાગ્યા હતા અને અંતે આજે તે ભેંસનું કરુણ મોત નીપજ્યું હતું. ભેંસના મોત બાદ પશુપાલક અને તેમના પરિવારમાં ફાળ પડી હતી, કારણ કે હડકવાગ્રસ્ત ભેંસનું દૂધ પરિવાર અને આસપાસના લોકોએ વાપર્યું હતું.

ભેંસનું મોત થતા જ દૂધ પીનારા લોકોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો. હડકવા લાગવાની બીકે લોકો તાત્કાલિક ઈડર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તબીબોએ પણ સ્થિતિની ગંભીરતા જોઈને તાત્કાલિક રસીકરણ શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં 20 થી વધુ લોકોએ હડકવા વિરોધી ઈન્જેક્શન લીધા છે. હડકાયા પશુનું દૂધ પીવાથી ચેપ લાગવાની ભીતિને કારણે લોકો ચિંતિત છે.

# ધૂળેટીની સાંજે ફતેપુરામાં એક જ કોમના બે જૂથ વચ્ચે અથડામણ

વડોદરા

વડોદરાના કિશનવાડી શેરડીનગર સોસાયટીમાં રહેતા ભીખાભાઈ જયંતિભાઈ રાજપૂતે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારે અગાઉ અજય, પ્રકાશ તથા અંકિત સાથે ઝઘડો થયો હતો. ધૂળેટી હોઈ મારો ભત્રીજો લખન સ્કૂટર લઈને તેની બહેનને મળવા ફતેપુરા ખારી તલાવડી ગયો હતો. તે દરમિયાન ઉપરોક્ત ત્રણેય યુવકોએ મારા ભત્રીજા સાથે ઝઘડો કરતા હું, મારો ભાઈ, ભત્રીજો, તેની પત્ની તથા મારા ભાભી રિક્ષા લઈને ખારી તલાવડી ગયા હતા.તે દરમિયાન અંકિત તલવાર લઈને ઊભો હતો. તેણે છૂટો પથ્થર રિક્ષા તરફ ફેંકતા કાચ તૂટી ગયો હતો. અજય અને પ્રકાશે પણ પથ્થરમારો કરતા મારા ભત્રીજાને છાતી, તેની પત્નીને જમણા પગે ઈજા પહોંચી હતી. તેઓએ અમારા પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# જામનગરમાં બીમારીથી કંટાળીને વૃદ્ધ દંપતીનો ઝેર પીને આપઘાત

## મૂકબધિર પુત્ર અને પુત્રવધૂએ છત્રછાયા ગુમાવી દીધી

**જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકિયા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં લાંબી માંદગીથી કંટાળીને એક વૃદ્ધ દંપતીએ સાથે મળીને જીવનનો અંત આણ્યો છે. આ કરુણ બનાવથી નાના એવા વાંકિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતક દંપતીની ઓળખ 70 વર્ષીય દામજીભાઈ મૂળજીભાઈ ભીમાણી અને તેમના 68 વર્ષીય પત્ની મનુબેન તરીકે થઈ છે. પ્રાથમિક તપાસ મુજબ, આ દંપતી છેલ્લા ઘણા સમયથી ગંભીર શારીરિક અને માનસિક બીમારીઓથી પીડાતું હતું. સતત દવાઓ અને સારવાર છતાં સ્વાસ્થ્યમાં સુધારો ન થતા, બીમારીથી કંટાળીને તેમણે ગત 2 માર્ચે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડીઓ ખાઈ લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક ધ્રોલની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના પાછળની કરુણતા એ છે કે આ દંપતીએ અગાઉ પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દામજીભાઈએ ચાલુ રિક્ષામાંથી કૂદકો મારીને જીવ લેવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તેમના પત્નીએ પણ અગાઉ ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે લાંબી સારવાર બાદ બંનેનો બચાવ થયો હતો, પરંતુ આ વખતે બીમારી સામેની જંગમાં તેઓ હારી ગયા. પરિવારની સ્થિતિ પણ અત્યંત સંવેદનશીલ છે. દંપતીના પુત્ર મગનભાઈ અને પુત્રવધૂ બંને મૂકબધિર છે, જે કદાચ વૃદ્ધ માતા-પિતા માટે માનસિક ચિંતાનું મોટું કારણ રહ્યું હોય તેમ મનાય છે.

મૃતક દંપતીના પૌત્ર મયંકભાઈ ભીમાણીની જાણકારીના આધારે ધ્રોલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી છે.

# દીવના યુવાનનું ઓમાનના દરિયામાં મિસાઈલ હુમલામાં મોત નીપજ્યું

**ગોંડલ**

ઓમાનના દરિયામાં ઓઈલ ટેન્કર શિપ એમ.ટી.સ્કાયલાઈટ પર થયેલા મિસાઈલ હુમલામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું હતું. મૂળ દીવના ભાવસારવાડાના વતની દિક્ષિત અમરિક સોલંકીનો પરિવાર હાલમાં મુંબઈ ખાતે કાંદિવલીમાં રહે છે. મૃતક અપરિણિત હતો. વધારે દુઃખદાયક બાબત એ છે કે તેના માતા એકાદ મહિના પહેલા જ મૃત્યુ પામ્યાં હતાં. યુદ્ધ શરૂ થતાં ઓમાનના પોર્ટ સુલ્તાન કાબૂસના સમુદ્રમાં એમ.ટી.સ્કાયલાઈટ કંપનીનું ઓઈલ ટેન્કર શિપ જઈ રહ્યું હતું, જેમાં 16 ભારતીય, 4 બાંગ્લાદેશી અને 1 યુક્રેની સભ્ય સવાર હતા. દીવનો દિક્ષિત શિપના એન્જિન રૂમમાં રિડિંગ લેવા ગયો હતો ત્યારે શિપ પર મિસાઈલ હુમલો થયો હતો અને વિસ્ફોટ સાથે આગ લાગી હતી. અન્ય 21 સભ્યને બચાવી લેવાયા હતા, પરંતુ કમનસીબે દિક્ષિતનું મોત થયું હતુ. હાલમાં દિક્ષિતનો મૃતદેહ મુંબઈસ્થિત પરિવારને સોંપવાની કાર્યવાહી ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કુંભાણીએ અરીસામાં ચહેરો જોઈને મૂલ્યાંકન કરવાની જરૂર છે : કોંગ્રેસ

## મારી ટિકિટ કાપી તેનો બદલો લોકસભામાં લીધો : કુંભાણી

**અમરેલી**





અમરેલીની એક તસવીર હાલ ગુજરાતના રાજકારણમાં ઉડીને આંખે વળગે એવી છે. રાજુલામાં કુંભાણીની ફેક્ટરી પર પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને હાલના જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ હાથમાં હાથ નાખીને મિત્રોની જેમ મુલાકાત કરતાં દેખાયા, હાલમાં જ અમરેલીના રાજુલામાં એક જળ સંમેલનનું આયોજન કરાયું. જે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સીધા નિલેશ કુંભાણીની ફેક્ટરીએ પહોંચ્યા હતા, ચા-પાણીની આ મુલાકાતે ગત લોકસભા ચૂંટણીમાં સુરત બેઠક પર નિલેશ કુંભાણી અને ભાજપે કરેલા ખેલને ઉઘાડો પાડી દીધો છે.

નિલેશ કુંભાણીની મુલાકાત પર કોંગ્રેસે સવાલો ઉભા કર્યા છે, પ્રવક્તા મનીષ દોશીએ આરોપ કર્યો છે, કોંગ્રેસ સાથે ગદ્દારી કરનાર નિલેશ કુંભાણી હવે પાર્ટીને સર્ટિફિકેટ આપવાનું બંધ કરે. કુંભાણી ભાજપ અને સી.આર. પાટીલની લખેલી સ્ક્રિપ્ટ પર નાચી રહ્યા છે અને તેમની મજબૂરી તેમને મુબારક. સાથે કોંગ્રેસે સવાલ કર્યો કે ચૂંટણી સમયે થયેલી સોદાબાજી અંગે નિલેશ કુંભાણી કેમ જવાબ નથી આપતા? કુંભાણીએ અરીસામાં પોતાનો ચહેરો જોઈ મૂલ્યાંકન કરવાની જરૂર છે. આ અંગે કુંભાણીને સવાલ કરવામાં આવતા તેમણે કહ્યું કે 2017માં આંદોલનકારીઓ બધા સાથે રહીને કોંગ્રેસ સાથે હતા. મને ટિકિટ કન્ફર્મ આપી હતી. 2017માં મે કાર્યાલય ખોલ્યું હતું, ડોર ટુ ડોર પ્રચાર કર્યો પણ છેલ્લી ઘડીએ મેન્ડેડ બીજું આવ્યું હતું, ત્યારે મેં પૂછ્યું હતું તો કહ્યું કે ફોર્મ ભરી દો અને મેં ફોર્મ ભરી દીધું ત્યારબાદ છેલ્લી ઘડીએ કાપી નાખ્યું, જેનો બદલો મેં લોકસભામાં લીધો હતો.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં ટ્રક-રીક્ષાનો અકસ્માત, બે ભાઈઓ સહિત 4નાં મોત

## ટ્રક ચાલકને પોલીસે ગણતરીની કલાકોમાં દબોચી લીધો, ફરી એકવાર ભારે વાહનોની ગતિ મર્યાદા પર સવાલો ઉભા થયા

**રાજકોટ**

રાજકોટ-કાલાવડ રોડ પર આવેલા મેટોડા GIDC વિસ્તારમાં ગત 3 માર્ચની મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મેટોડા જીઆઈડીસી ગેટ નંબર 3 પાસે એક ટ્રકે પેસેન્જર ભરેલી રિક્ષાને જોરદાર ટક્કર મારતા રિક્ષામાં સવાર ચારેય વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જીને નાસી છૂટેલા ટ્રક ચાલકને પોલીસે ગણતરીની કલાકોમાં દબોચી લીધો છે.

રાત્રિના આશરે 10 વાગ્યાના સુમારે આ અકસ્માત મેટોડા GIDC ગેટ નંબર 3 માં આવેલ યુનિવર્સલ ટેક્નોકાસ્ટ કારખાના પાસે સર્જાયો હતો. ઓટો રિક્ષા (GJ.03.BX.5656) શ્રીરામ હોસ્પિટલ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે સામેથી આવતા ટ્રકે (GJ.03.BY.8889) તેને જોરદાર અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો લોખંડનો બુકડો બોલી ગયો હતો અને તેમાં સવાર લોકો લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયા હતા.



બનાવની ગંભીરતા જોઈને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર, ડીવાયએસપી કે.જી. ઝાલા સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે FSL અને RTO ની મદદ લઈને અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી હતી.

અકસ્માત સર્જીને ટ્રક મૂકી નાસી જનાર ચાલક બંસીભારતી બટુકભારતી ગોસ્વામી (રહે. ઓખા) ને પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીની કલાકોમાં ઝડપી લીધો છે. મેટોડા GIDC વિસ્તારમાં રાત્રિના સમયે ભારે વાહનોની અવરજવર ખૂબ જ વધી જાય છે. અનેકવાર ચાલકો બેફામ રીતે વાહનો હંકારતા હોય છે, જે આવા અકસ્માતોનું કારણ બને છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવાની માંગ ઉઠી રહી છે. એક બેદરકાર ટ્રક ચાલકની ભૂલે ચાર પરિવારોના કુળદીપક ઓલવી નાખ્યા છે. પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર માર્ગ સુરક્ષા અને ભારે વાહનોની ગતિ મર્યાદા પર સવાલો ઉભા કર્યા છે.

# સરમત ગામના મહિલા સરપંચના જેઠ અને તેના પુત્ર સહિત ત્રણ ઉપર હુમલો

**જામનગર**

જામનગર તાલુકાના સરમત ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મુળુભા મનુભાઈ જાડેજા નામના 55 વર્ષના ખેડૂત કે જે સરમત ગામના મહિલા સરપંચ વંદનાબાના જેઠ થાય છે, જેઓ ઉપર તેમજ તેમના નાનાભાઈ હનુભા અને તેમના પુત્ર પૃથ્વીરાજસિંહ વગેરે ઉપર સામાન્ય બોલાચાલી બાદ તલવાર અને લોખંડના સળિયા વડે હુમલો કરાયો હતો, જે હુમલામાં ત્રણેયને ઈજા થઈ હતી. જે પૈકી મૂળુભાને હાથમાં તલવાર વાગી હતી, જ્યારે લોખંડના સળિયા વડે હુમલો થવાથી હાથમાં ફેક્ચર થઈ ગયું હતું, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. મુળુભાએ જણાવ્યું હતું, કે પોતાના ઘર પાસે પૂર્વ સરપંચના પરિવારના સભ્યો એવા રાજદીપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા, તથા દશરથસિંહ જયેન્દ્રસિંહ જાડેજા વગેરે અપશબ્દો બોલી રહ્યા હતા, જેને અટકાવવા જતાં તેઓ ઉસકેરાયા હતા, અને ભીષ્મરાજસિંહ હકુભા જાડેજા ઉપરાંત કુલદીપસિંહ રણજીતસિંહ જાડેજા વગેરેને પણ ફોન કરીને બોલાવી લીધા હતા, અને તમામે તલવાર અને લોખંડના સળિયા વડે હુમલો કરી દીધાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

# ઉનાળાના પ્રારંભે જ કચ્છ પર જળસંકટ : 20 ડેમોમાં 39 ટકા જ પાણી, 5 ડેમ તળિયાઝાટક

## કચ્છના મધ્યમ સિંચાઈના ડેમોમાં પાણીનું સ્તર રોકેટ ગતિએ નીચે ઉતરી રહ્યુના અહેવાલ

**ભુજ**

કચ્છમાં આકરા ઉનાળાની હજુ તો શરૂઆત થઈ છે ત્યાં જ આ સરહદી જિલ્લા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગરમીનો પારો વધવાની સાથે જ કચ્છના મધ્યમ સિંચાઈના ડેમોમાં પાણીનું સ્તર રોકેટ ગતિએ નીચે ઉતરી રહ્યું છે. હાલની સ્થિતિએ જિલ્લાના મહત્વના ૨૦ ડેમોમાં સરેરાશ માત્ર ૩૯.૮૧ ટકા જેટલો જ જથ્થો બચ્યો છે, જે રાજ્યના અન્ય ઝોનની



સરખામણીએ સૌથી ઓછો છે.

વર્ષાઋતુને હજુ ચાર મહિના જેટલી વાર છે ત્યારે માર્ચની શરૂઆતમાં જ જળસંગ્રહમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લાના ૨૦ ડેમોની કુલ સંગ્રહ ક્ષમતા ૩૨૫.૨૬ મિલિયન ક્યુબિક મીટર છે, જેની સામે અત્યારે માત્ર ૧૨૯.૫૦ મિલિયન ક્યુબિક મીટર પાણી ઉપલબ્ધ છે. તેમાં પણ પાંચ મહત્વના ડેમો– કાલિયા, રુદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ લગભગ તળિયાઝાટક થઈ ગયા છે. આ ડેમોમાં જીવંત જળરાશિ ૨૦ ટકાથી ઓછી રહી છે, જે સૂચવે છે કે ખેતી અને પશુપાલન પર નભતા કચ્છ માટે આગામી દિવસો કપરા સાબિત થઈ શકે છે.

# અંજારમાં 'લગ્ને-લગ્ને કુંવારા' ઈશાકચંદ્રની જાન નીકળી : પરંપરામાં શહેર હિલોળે ચડ્યું

## બેન્ડવાજાના તાલે લોકોએ લાઠીદાવના વિવિધ દાવો રજૂ કરી શૌર્યનું પ્રદર્શન કર્યું હતું

**અંજાર**

હોળાષ્ટકના પ્રારંભ સાથે જ શિવાજી રોડ પર સ્થિત આશાપુરા માતાજીના મંદિર પાસે વિધિવત માણેકસ્થંભની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉત્સવ માટે શહેરના મુખ્ય માર્ગોને આસોપાલવ અને શાકભાજીના અનોખા તોરણોથી શણગારવામાં આવ્યા હતા. બપોર બાદ ભીડ ચોક વિસ્તારમાંથી ઈશાકચંદ્રની ઊંટ ગાડી પર ભવ્ય જાનનું પ્રસ્થાન થયું હતું. જાન શહેરના મુખ્ય માર્ગો જેવા કે કંસારા બજાર, ગંગાનાકા, મચ્છીપીટ અને મોહનરાયજી ચોક થઈને માણેકસ્થંભ પહોંચી હતી. ઢોલ-નગારા અને બેન્ડવાજાના તાલે લોકોએ લાઠીદાવ અને અંગ કસરતના વિવિધ દાવો રજૂ કરી શૌર્યનું પ્રદર્શન કર્યું હતું. આ અવસરે ખાસ કરીને કચ્છ



અને સૌરાષ્ટ્રથી આવેલી નર્તકીઓએ આકર્ષણ જમાવ્યું હતું. લગ્ન વિધિ દરમિયાન ફટાણા અને લગ્નગીતોની રમઝટ બોલી હતી.લગ્નોત્સવ પૂર્ણ થયા બાદ લોકોએ એકબીજાને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું હતું.

# શાહી સ્નાન વિવાદ : ઇન્દ્રભારતી બાપુને શાલ ઓઢાડી કીર્તિ પટેલે આશીર્વાદ લીધા

**જૂનાગઢ**

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલ અને ઈન્દ્રભારતી બાપુ વચ્ચેના વિવાદનો અંત આવ્યો છે. કીર્તિ પટેલે ઈન્દ્રભારતી બાપુ સહિતના સાધુ-સંતોને શાલ ઓઢાડીને આશીર્વાદ લીધા હતા. આ દરમિયાન તેણે પોતાના ગુરુ હરિહરાનંદ ભારતી બાપુ તથા જગતગુરુ મહેન્દ્રાનંદ ગિરી બાપુનું પણ સન્માન કર્યું હતું.

કીર્તિ પટેલે સમાધાન અંગે જણાવ્યું કે, 'અનેક લોકોએ ભારતી પરિવારને તોડવાનો પ્રયાસ કર્યો પરંતુ ગિરનારી મહારાજે કોઈનો મેળ આવવા દીધો નહીં. મેં મારા ગુરુ હરિહરાનંદ ભારતી બાપુનું માન સન્માન જાળવી રાખવા તથા સનાતન ધર્મને કલંક ન લાગે તે માટે સાધુ સંતો સાથેના વિવાદનું સમાધાન કરી લીધું છે.'કીર્તિ પટેલે મૃગી કુંડમાં સ્નાન બાદ રુદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુ સામે સોશિયલ મીડિયા પર આક્ષેપો કર્યા હતા.

તેમણે દાવો કર્યો હતો કે તેમને ઈન્દ્રભારતી બાપુના ઈશારે કુંડમાંથી બહાર કાઢવામાં આવી હતી અને તેમણે માત્ર મને જ કેમ ટાર્ગેટ કરી હતી. આ અંગે કીર્તિ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીન આક્રમક રીતે વિરોધ કર્યો હતો.

# રાજકોટમાં 'હું ભ્રષ્ટાચારી મેયર છું'ના પોસ્ટરો સાથે મહિલા કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ-પ્રદર્શન

## મેયરના પતિના સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ મુદ્દે ભારે હોબાળો

**રાજકોટ**

રંગીલા શહેરમાં રાજકોટમાં છેલ્લા કેટલાય દિવસોથી એક મુદ્દો ચર્ચાનું કેન્દ્ર છે અને તે છે મેયરના પતિ દ્વારા સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામ. ત્યારે વિરોધ પક્ષ આ મુદ્દે સતત વિરોધ નોંધાવી રહ્યો છે. ત્યારે મહિલા કોંગ્રેસ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસ દ્વારા મેયરના પતિ દ્વારા સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામના મુદ્દે મહીલા કોંગ્રેસ દ્વારા 'હું ભ્રષ્ટાચારી મેયર છું' તેવા પોસ્ટર લઈને કડક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. શહેરમાં વધી રહેલા ભ્રષ્ટાચાર અને સત્તાનો દુરુપયોગ સામે મહિલાઓ રસ્તા પર ઉતરી ન્યાયની માંગ કરી હતી. આ વિરોધ પ્રદર્શન અંગે મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકીએ જણાવ્યું હતું કે મેયરના પતિ દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જે તંત્રની નિષ્ક્રિયતા અને મળતાવળ દર્શાવે છે. સામાન્ય નાગરિકો દ્વારા નાનામાં નાના નિયમભંગ માટે કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ સત્તાધીશો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવતી નથી.

# દ્વારકાધીશ મંદિરમાં શ્વેત વસ્ત્રો અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે ફૂલડોલ ઉત્સવ ઉજવાયો

**દ્વારકા**

મોક્ષપૂરી દ્વારકામાં ભગવાન દ્વારકાધીશ સમક્ષ ફૂલડોલ ઉત્સવ મનાવવા દૂરદૂરથી ભક્તો હોળીના દિવસે જ પહોંચી ગયા હતા. આજે ગર્ભગૃહમાં કાળિયા ઠાકોર સંગ ફૂલડોલ મનાવવાનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. દ્વારકા મંદિરમાં ભગવાન દ્વારકાધીશની શ્રૃંગાર આરતના સમયે પણ ભગવાનના શ્વેત શ્રૃંગારની સાથે રંગોની છોળો ઊડી હતી. આખું મંદિર શ્રીકૃષ્ણ સાથે ધૂળેટીની ઉજવણીમાં ઓળઘોળ થઈ ગયું હતું. મંદિરને જુદા જુદા પુષ્પોથી શણગારવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે દ્વારકામાં હોળી અને ધૂળેટીના પર્વે સમગ્ર સૌરાષ્ટ્ર તેમજ ગુજરાત કે દેશના અન્ય ભાગોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દ્વારકા



પહોંચતા હોય છે. ત્યારે આ વર્ષે પણ ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા અને કાળિયા ઠાકોર સંગ હોળી રમવા માટે લાખો શ્રદ્ધાળુઓનું મહેરામણ દ્વારકા નગરીમાં ઉમટી પડ્યું હતું. આ ખાસ ઉત્સવને ધ્યાનમાં રાખીને મંદિર વહીવટદાર કચેરી દ્વારા ઠાકોરજીના દર્શન અને આરતીના ક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.



## શ્રદ્ધા ફ્લેટનું મહિને છ લાખ ભાડું આપશે, લીઝ રિન્યુ કરાવી

મુંબઇ : શ્રદ્ધા કપૂર જુહૂના ફ્લેટમાં વધુ એક વર્ષ માટે મુંબઈનાં જુહૂ વિસ્તારના ફ્લેટમાં ભાડે રહેશે. તેણે આ ફ્લેટ માટે મહિને છ લાખ ભાડું આપવાનો લીઝ કરાર રિન્યૂ કરાવ્યો છે. શ્રદ્ધા અગાઉથી આ ફ્લેટમાં ભાડે રહે છે. તેને ફ્લેટ સાથે ચાર કાર પાર્કિંગ પણ મળ્યાં છે. ગઈકાલે પચ્ચીસમી ફેબુરઆરીએ શ્રદ્ધાએ લીઝ કરાર રિન્યૂ કરાવી સ્ટેમ્પ ડયૂટી માટે ૩૬ હજાર રુપિયા તથા એક હજાર રુપિયા રજિસ્ટ્રેશન ફી ચૂકવી છે. શ્રદ્ધાનો પરિવાર મુંબઈમાં પ્રોપર્ટી ધરાવે છે તેમ છતાં પણ શ્રદ્ધાએ જુહૂમાં ભાડે રહેવાનું પસંદ કર્યું છે. અમિતાભ બચ્ચન સહિત અનેક સેલિબ્રિટી જુહૂમાં રહે છે.



સ્વદેશ

FRIDAY, 06 MARCH 2026

## દીપિકાએ હોલિવુડની સીરિઝ ધી વ્હાઈટ લોટસ છોડી દીધી



મુંબઈ : દીપિકા પદુકોણે એમી પુરસ્કાર વિજેતા સીરિઝ 'ધી વ્હાઈટ લોટસ'ની ચોથી સીઝન છોડી દીધી છે.આ સીરિઝમાં કાસ્ટિંગ માટે ઓડિશન આપવું અનિવાર્ય હતું. પરંતુ, દીપિકા તે માટે તૈયાર થઈ ન હતી. આખરે મતભેદોને પગલે તેણે આ શો છોડી દીધો છે. 'ધી વ્હાઈટ લોટસ'ના નિર્માતાઓ લાંબા સમયથી દીપિકાને આ શોમાં લેવા ઉત્સુક હતા. આ પહેલાની સીઝન માટે પણ અભિનેત્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારે તે ગર્ભવતી હોવાથી તે સ્વીકારી શકી નહોતી. આ પછી તે શોની આગામી સીઝનમાં કામ કરવા તૈયાર થઈ હતી. ઉલ્લેખનીય છે કે ભારતમાં દીપિકા 'સ્પિરિટ' તથા 'કલ્કિ ટુ' સહિતની ફિલ્મો પણ છોડી ચૂકી છે.

## મૃણાલ ઠાકુરની ડકૈત ફિલ્મ ચોથી વાર પાછળ ઠેલાઈ



મુંબઈ: મૃણાલ ઠાકુર અને અદિવી સેશની ફિલ્મ 'ડકૈત' ચોથી વાર પાછળ ઠેલાઈ છે. હવે આ ફિલ્મ આગામી એપ્રિલ મહિનામાં રજૂ થશે અને તે ત્યારે અક્ષય કુમારની ફિલ્મ 'ભૂતબંગલા' સાથે ટકરાશે. આ ફિલ્મ મૂળ ગત ડિસેમ્બરમાં જ રીલિઝ થઈ જવાની હતી. પરંતુ, અદિવી શેઠની ઈજાને કારણે શૂટિંગ લંબાઈ જતાં તે માર્ચની ૧૯મી તારીખ પર ઠેલાઈ હતી. જોકે, આ દિવસે બે મોટી ફિલ્મો 'ધુરંધર પાર્ટ ટુ' અને 'ટોક્સિક' રજૂ થવાની હોવાથી ફિલ્મ વધુ એક સપ્તાહ માટે પાછળ ઠેલવામાં આવી હતી. હવે એ તારીખ પણ રદ કરીને એપ્રિલ મહિનાની ૧૦મી તારીખ નક્કી કરવામાં આવી છે. ફિલ્મમાં અનુરાગ કશ્યપ, અતુલ કુલકર્ણી અને પ્રકાશ રાજ સહિતના કલાકારો છે. જોકે, કદાચ મેકર્સને પોતાની ફિલ્મની બોક્સ ઓફિસ પર કમાણીની ક્ષમતા પર ભરોસો નથી રહ્યો એટલે તેઓ વારંવાર ફિલ્મની રીલિઝ ડેટ બદલી રહ્યા છે.

# જહાન્વીએ અંતે કરણ જોહરની આંગળી છોડી



મુંબઈ : ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ સંબંધ કાયમી નથી હોતો. અહીં દરેક રિલેશનશીપની એક એકસપાયરી ડેટ હોય છે. એકબીજા વચ્ચે જરૂરિયાત ન રહે એટલે સંબંધ પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે. આવી માન્યતા નિરાધાર નથી. એની સાક્ષી પુરતો એક ઘટનાક્રમ બોલિવુડમાં આકાર પામ્યો છે. જહાન્વી કપૂરે પોતાના મેન્ટર ફિલ્મમેકર કરણ જોહર સાથે છેડો ફાડયો છે. સૌ જાણે છે કે શ્રીદેવી અને બોની કપૂરની પુત્રી જહાન્વી શરૂથી જ કરણ જોહરની એક ફેવરીટ રહી છે. કરણના ધર્મા પ્રોડક્શને જહાન્વીની છ ફિલ્મોનું નિર્માણ કર્યું છે. એમાં એકટ્રેસની ડેબ્યુ ફિલ્મ 'ધડક' (૨૦૧૫) ઉપરાંત 'ઘોસ્ટ સ્ટોરીઝ' (૨૦૧૬), 'ગુંજન સકસેના : ધ કારગિલ ગર્લ' (૨૦૧૬), 'મિસ્ટર એન્ડ મિસીસ માહી' (૨૦૨૪), 'હોમબાઉન્ડ' (૨૦૨૫) અને 'સની સંસ્કારી કી તુલસી કુમારી' (૨૦૨૫)નો સમાવેશ થાય છે. આમ તો ઈન્ડસ્ટ્રીમાં છેલ્લા થોડા સમયથી જહાન્વી અને કરણ વચ્ચે તાણ ઊભી થઈ હોવાની ચર્ચા હતી. હવે જહાન્વીએ જોહરની એજન્સી ટાટા, ટાટા-બાય, બાય કરી એમાં સત્યનો અંશ હોવાનો પુરાવો આપ્યો છે. બોલિવુડમાં એવી અફવા પણ છે કે કરણે લોન્ચ કરેલા વરુણ ધવન અને અનન્યા પાંડે જેવા સ્ટાર કિડ્સ પણ એની આંગળી છોડવા વિચારી રહ્યા છે. સવાલ એ છે કે જહાન્વીએ કરણ જેવા ઈન્ડસ્ટ્રીના 'બિગ બોસ' સાથે શા માટે છેડો ફાડવાનું 'રિસ્ક' લીધું? સૌથી પહેલું કારણ એવું હોઈ શકે કે જહાન્વીની ધર્મા પ્રોડક્શન સાથેની કોઈ પણ ફિલ્મને ધારી સફળતા નથી મળી. 'હોમબાઉન્ડ'ને બધાએ વખાણી અને ફિલ્મ ઓસ્કારમાં ગઈ પણ એનો બધો યશ ફિલ્મના ડિરેક્ટર નીરજ ઘેવાન અને ઈશાન ખટ્ટર તથા વિશાલ જેઠવાની જોડી લઈ ગઈ. કપૂરના ભાગે કાંઈ ન આવ્યું. એક બીજુ કારણ 'કાર્તિક' ફેક્ટર પણ હોઈ શકે. એક સમયે જહાન્વી કાર્તિક આર્યન સાથે રિલેશનશીપમાં હતી. કાર્તિક સાથેના બ્રેકઅપની એકટ્રેસ પર ગંભીર અસર થઈ હતી. ૨૦૨૧માં 'દોસ્તાના-ટુ'ના પ્રિ-પ્રોડક્શનને લઈને કાર્તિક અને કરણના સંબંધો પણ બગડયા હતા.

# રિયા ચક્રવર્તીનું સાત વર્ષે વેબ શો 'ફેમિલી બિઝનેસ' દ્વારા પુનરાગમન



હિન્દી ફિલ્મ લાઈનમાં સંઘર્ષ માંડ માંડ સફળ થઈ રહ્યો હોય અને અચાનક આફત તુટી પડે જેને પગલે કારકિર્દી અને અંગત જીવન વેરવિખેર થઈ જાય ત્યારે જીવનને ફરી થાળે પાડવાનું કામ મુશ્કેલ બની રહે છે. પણ આ બન્યું છે હિરોઈન રિયા ચક્રવર્તિના જીવનમાં. આજે ૩૩ વર્ષની રિયા ચક્રવર્તિ ફરી એકવાર નેટફલિક્સની આગામી વેબ સિરિઝ ફેમિલિ બિઝનેસમાં જોવા મળશે. હંસલ મહેતા જેવા નામી નિર્દેશકની આ સિરિઝમાં કામ મળવાથી ખુશ રિયા પોતાના જીવનના ચડાવઉતારની વાતો માંડીને કરે છે. રિયા કહે છે હું એ જ છોકરી છું જે સત્તર વર્ષે એક્ટ્રેસ બનવાના ખ્વાબ લઈને મુંબઈ આવી હતી. મારી કારકિર્દીની શરૂઆત એમટીવી પર થઈ હતી. બાદમાં મને તેલુગુ ફિલ્મ ટયુનિગા ટયુનિગા મળી અને ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. એ પછી તો હિન્દી ફિલ્મો મેરે ડેડ કી મારૂતિ, સોનાલી કેબલ, બેન્ક ચોર, હાફ ગર્લફ્રેન્ડ અને જલેબી પણ કરી. મારી છેલ્લી ફિલ્મ અમિતાભ બચ્ચન અને ઈમરાન હાશ્મીની સાથે ચહેરે હતી. ૨૦૨૧માં આવેલી આ ફિલ્મ મારી છેલ્લી ફિલ્મ બની રહી. જુન ૨૦૨૦માં સુશાંતસિંહ રાજપૂતના મોત બાદ રજૂ થયેલી રિયાની આ પહેલી ફિલ્મ હતી જે આખરી પણ બની રહી. નોંધપાત્ર બાબત એ છે કે ચહેરેનું શૂટિંગ ૨૦૧૯માં થયુ હતું. એ પછી ૨૦૨૦માં જુન મહિનામાં સુશાંતસિંહ રાજપૂતનું મોત થયું. અને રિયાની જિંદગીમાં વિવાદના વંટોળ ફૂંકાયા. રિયા કહે છે, મારે એ દિશામાં વિચારવાનું જ બંધ કરી દેવું પડયુ હતું. કારણ કે મને એક્ટિંગ કરવાની કોઈ તક જ મળતી નહોતી.

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે બોલીવુડ કલાકારો દુબઈમાં ફસાયા

## લારા દત્તા, સોનલ ચૌહાણ દુબઈમાં, ઈશા ગુપ્તા અબુધાબીમાં ફસાઈ : આર. માધવન અમેરિકામાં અટવાયો

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક જંગની લપેટમાં હવે દુબઈ પણ આવી ગયું છે. બોલિવૂડ એક્ટ્રેસ લારા દત્તા હાલ તેની પુત્રી સાયરા સાથે દુબઈમાં છે અને ત્યાંના ભયાનક અનુભવ શેર કરતા તેની આંખમાં આંસુ આવી ગયા હતા. લારાએ જણાવ્યું કે, 'ઈરાન દ્વારા અબુ ધાબી અને દુબઈના કેટલાક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા બાદ ત્યાંનું વાતાવરણ અત્યંત તણાવપૂર્ણ બની ગયું છે. હું જ્યારે એક સ્ટુડિયોમાં શૂટિંગ કરી રહી હતી, ત્યારે જ મને આકાશમાં મિસાઈલો અને પ્રચંડ વિસ્ફોટોના અવાજ સાંભળ્યા હતા.' આટલા તણાવ વચ્ચે પણ લારાએ યુએઈ









સરકારના વખાણ કર્યા છે. તેણે કહ્યું કે, 'સરકાર દરેક નાગરિકની સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખી રહી છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સામાન્ય લોકો પોતાનું રોજિંદું કામ કરી રહ્યા છે.' ઈમરાન હાશ્મી સાથે 'જન્નત' ફિલ્મમાં દેખાયેલી એકટ્રેસ સોનલ ચૌહાણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે ફ્લાઈટસ બંધ થતાં પોતે દુબઈમાં ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જ ભારત સરકારનાં મદદ માર્ગદર્શનની માંગ કરી હતી. બીજી તરફ એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે પોતે અબુધાબીમાં અટવાઈ ગઈ છે પરંતુ અહીં તે બિલકૂલ સુરક્ષિત છે. ભારતીય એકટર આર. માધવન લાંબા સમયથી દુબઈમાં શિફ્ટ થઈ ગયો છે. જોકે, તેણે મીડિયાને જણાવ્યા અનુસાર હાલ તે અને તેનો પરિવાર અમેરિકા છે અને જ્યારે ફ્લાઈટ્સ શરુ થશે ત્યારે તેઓ દુબઈ પાછા ફરશે.

ભારતીય ફિલ્મ ક્રિટિક કમાલ આર ખાન પણ દુબઈમાં રહે છે. તેણે જણાવ્યું હતું કે આખી રાત ધડાકાના તથા સાયરોના અવાજને કારણે તે અને તેનો પરિવાર રાતે સૂઈ શક્યા ન હતા અને તેઓ ભયભીત થઈ ગયાં છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### કાર્ટેલનું નેતૃત્વ બદલાશે પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નહીં

# એલ મેન્ચોનો ખાત્મો, પણ ડ્રગ્સ નેટવર્ક ઠપ નહીં થાય

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ફેબ્રુઆરીની 22મી તારીખે મેક્સિન સ્પેશિયલ ફોર્સિઝે તાપાલ્પાના પહાડી વિસ્તારના કમ્પાઉન્ડમાં નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસ ઉર્ફે 'એલ મેન્ચો'ને ચારેબાજુથી ઘેરી લીધો હતો. આ સમયે મેન્ચોએ પોતાના બૉડીગાર્ડ્ઝ સાથે આસપાસના જંગલોમાં ભાગી જવાની ભારે મથામણ કરી, પરંતુ દિલધડક એન્કાઉન્ટર પછી મેક્સિકો શહેર જનારા હેલિકોપ્ટરમાં તે મોતને ભેટ્યો. આ મેન્ચો બીજુ કોઈ નહીં પણ વૈશ્વિક સ્તરે ચાલતા ડ્રગ કાર્ટેલ્સ સાથે સંકળાયેલો બેતાજ બાદશાહ હતો. એલ મેન્ચોનું મૃત્યુના ગણતરીના કલાકોમાં જ 'જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ'(CJNG)એ અડધા મેક્સિકોમાં અરાજકતા ફેલાવતા સૌને તેના આધિપત્યનો પરિચય થયો. સંસ્થાકીય 'મસલ મેમરીનું પ્રદર્શન હતું. ત્યાં 252 રસ્તાઓ જાત થયા અને ગુડાલજારા, કે જ્યાં જૂનમાં FIFA વર્લ્ડ કપની મેચોની યજમાની થવાની છે, તે અચાનક એક ભેંકાર શહેરમાં ફેરવાઈ ગયું. મેન્ચોના મોતની ઘટના બાદ સ્થિતિ વણસે તે પહેલાં એરલાઈન્સે પશ્ચિમ મેક્સિકોમાં ફ્લાઈટ્સ રદ્ કરી દીધી. અહવાલો તો એવા છે કે, CJNGના ફાઈનાન્શિયલ ચીફ "એલ તુલી"એ માર્યા ગયેલા દરેક સૈનિક દીઠ 20,000 પેસોની ઓફર કરી હતી. જો કે સાંજ સુધીમાં તેમને પતાવી દેવાયા હતા. વિશ્લેષક ક્રિસ ડાલબીના મતે આ કોઈ કંપનીના CEOને હટાવવા જેવું છે. CEO જાય પણ કંપની ચાલુ રહે છે. કિંગપિન સ્ટ્રેટેજી હંમેશાં સફળ નથી થતી. 2016માં 'એલ ચાપો'પકડાયો ત્યારે પણ હિંસા વધી હતી. એલ મેન્ચોના મોત પછી તેની ગાદી કોણ સંભાળશે એવી કોઈ સ્પષ્ટતા નથી. એટલે મેક્સિકો અત્યારે આ જનરેશનનો નવો ડ્રગ કારભારી કોણ બનશે તે નક્કી કરનારા એક ખતરનાખ યુદ્ધમાં પ્રવેશી રહ્યું છે.

અહેવાલો મુજબ એલ મેન્ચો પોતે પોલીસ અધિકારી હતો. નેવુંના દાયકાની શરૂઆતમાં તે ગ્વાડલજારા મ્યુનિસિપલ પોલીસમાં જોડાયો અને પછી ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ્યો હતો. કેલિફોર્નિયામાં હેરોઈન સંબંધિત ગુનાઓમાં જેલની સજા કાપ્યા બાદ તે મેક્સિકો પાછો ફર્યો અને 'મિલેનિયો કાર્ટેલ'માં આગળ વધતો રહ્યો. 2007ની આસપાસ તેણે બીજા ગુનાખોરો સાથે મળી CJNGની સ્થાપના કરી હતી.






તેણે જે સંગઠન ઊભું કર્યું તે જીતવાની બાબતે 'લગભગ ચંગીઝ ખાન જેવી પદ્ધતિ'ધરાવતું હતું. વિરોધીઓનો સફાયો કરવો અને દરેક હત્યાકાંડનો ઉપયોગ પ્રાદેશિક વર્ચસ્વનો સંદેશ આપવા માટે કરવો તે તેની મોડેસ ઓપરેન્ડી હતી. અમેરિકાએ તેના ઉપર 1.5 કરોડ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. પણ ગયા અઠવાડિયે તાપાલ્પાની ઘટના પહેલાં તે ક્યારે ય પકડાયો નહોતો. CJNGએ માત્ર મેક્સિકોના માથાનો દુખાવો નહોતો. તે દુનિયાના ગુનાહિત સંગઠનોમાંનું એક સૌથી આધુનિક સંગઠન બની ગયું હતું. તેનું મહત્ત્વ વધ્યું તેનું કારણ હતું તેની સપ્લાય ચેનમાં આવેલું પરિવર્તન હતુ. દક્ષિણ અમેરિકાથી જોખમી દરિયાઈ માર્ગેથી ઉત્તરમાં કોકેઈન મોકલવામાં છ મહિનાનો સમય લાગે, દરેક બંદરે પકડાઈ જવાનો ડર હોય છે. આમ છતાં CJNGએ કૃત્રિમ નશીલા પદાર્થો એટલે કે સિન્થેટિક ડ્રગ્ઝમાં ઝંપલાવ્યું. CJNGએ પ્રિકર્સર્સ (રાસાયણિક કાચો માલ)માંથી મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન બનાવવાનું શરૂ કર્યું. આ કાચા માલ માટે ચીન, તુર્કી અને ભારત જેવા પૂર્વીય દેશોની પસંદગી કરાઈ. ભારતનું ફાર્માસ્યુટિકલ સેક્ટર વિશ્વમાં ત્રીજા ક્રમે છે, જે ડ્રગ માફિયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન પ્રતિ કિલો આશરે રૂ. 2 કરોડમાં વેચાય છે અને તે ભેળસેળિયું હોવા છતાં અસરકારક હોય છે. તેની સરખામણીમાં એટલા જ જથ્થામાં કોકેઈનની કિંમત રૂ. 6થી 8 કરોડ હોય છે. સસ્તું ઉત્પાદન, એટલી જ અસર, સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ અને દરિયાઈ માર્ગે પકડાઈ જવાનું કોઈ જોખમ નહીં હોવાથી સંગઠનનો કારબોરો જામતો રહ્યો હતો. CJNG માટે ભારત માત્ર કાચા માલનો સ્રોત નહોતો, પરંતુ અહીં ઉત્પાદન માટે પણ મહત્વનું હતુ. US DEAના 2025ના રિપોર્ટ મુજબ, કાર્ટેલ્સ હવે સરળતાથી મળતા ફિનાઈલ-2-પ્રોપાનોન અથવા P2P જેવા કેમિકલ્સનો ઉપયોગ કરે છે, જે ભારતમાંથી પણ મેળવવામાં આવે છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝે અલગથી દસ્તાવેજી પુરાવા આપ્યા છે કે CJNG તેના મુખ્ય ઓપરેશનલ માળખાના ભાગરૂપે ચીન, ભારત અને તુર્કીમાંથી આ કેમિકલ્સ મેળવે છે.

ભારતમાં માત્ર કાચા માલના વેપાર સુધી આ ખેલ મર્યાદિત નથી. આ કાર્ટેલે દિલ્હી-NCR,ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને પંજાબમાં મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન બનાવતી ગુપ્ત પ્રયોગશાળાઓ સ્થાપી છે. નવેમ્બર 2024માં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ગ્રેટર નોઈડાના ગૌતમ બુદ્ધ નગરના એક ઔદ્યોગિક વિસ્તારમાં મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી પર દરોડો પાડ્યો હતો. ત્યાંથી ફેક્ટરી સ્થાપવા માટે આવેલો મેક્સિકન કાર્ટેલ ઓપરેટિવ પોતે ઝડપાયો હતો. આ ઉપરાંત થોડા સમય પહેલાં ભારતીય દરિયાઈ સીમામાંથી 6,000 કિલોગ્રામ મેથામ્ફેટામાઈન (કિંમત આશરે રૂ. 6,000 કરોડ) જપ્ત કરાયું, જે CJNG અને ચીની નેટવર્ક સાથે જોડાયેલું હતું. ભારતમાં મેક્સિકન ડ્રગ કાર્ટેલ્સની સીધી હાજરી ઓછી છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય એજન્સીઓએ મેક્સિકન ડ્રગ લોડ્સ અને ભારતીય સિન્ડિકેટ્સ વચ્ચેના જોખમી જોડાણો શોધી કાઢ્યા છે.

મેક્સિકન કાર્ટેલ્સ, ખાસ કરીને સીનાલોઆ અને CJNG (એલ મેન્ચોનું સંગઠન), ભારતમાં સીધા ડ્રગ્સ વેચવાને બદલે સ્થાનિક ગેંગસ્ટરો અને ડ્રગ માફિયાઓ સાથે મળીને કામ કરે છે. તેઓ ભારતનો ઉપયોગ બે રીતે કરે છે. જેમાં ભારતની ફાર્માસ્યુટિકલ ફેક્ટરીઓનો ઉપયોગ કરીને 'મેથામ્ફેટામાઈન' બનાવવા માટે જરૂરી કાચો માલ મેળવી લેવાય છે. જે પછી ભારતને એક સુરક્ષિત માર્ગ તરીકે વાપરીને ડ્રગ્સને ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુરોપ મોકલવામાં આવે છે. મુખ્ય ડ્રગ્સ મેથામ્ફેટામાઈન સૌથી મોટું જોખમ છે. ભારતમાં આવીને સ્થાનિક લેબમાં ઉચ્ચ ગુણવત્તાનું ડ્રગ બનાવવામાં મદદ કરતા હોવાના કિસ્સા બન્યા છે. ભારતની ફાર્માસ્યુટિકલ ઈકોસિસ્ટમ સિન્થેટિક ડ્રગ્સના ઉત્પાદન માટે જરૂરી એવા કેમિકલ બ્લોક્સનો સપ્લાય હજી પણ કરે જ છે. CJNG દ્વારા સ્થાપિત સ્થાનિક નેટવર્ક, જેમાં ઉદ્યોગપતિઓ, કેમિસ્ટ્સ અને ભ્રષ્ટ અધિકારીઓ સામેલ છે, તેને વિદેશી હેન્ડલરના મૃત્યુથી લાંબા સમય ઝાંઝી અસર નહીં રહેશે. એ લોકો થોડો વખત શાંત રહેશે, ધંધો ધીમો કરશે. પણ ધંધો બંધ નહીં કરે. કાર્ટેલનું નેતૃત્વ બદલાશે પણ જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બન્યું છે તે જેમ છે એમ જ રહેતું હોય છે. દક્ષિણ અમેરિકાથી મેક્સિકન નેટવર્ક દ્વારા કોકેઈન ભારતના મેટ્રો શહેરોમાં મોકલવામાં આવે છે. તાજેતરના કિસ્સાઓ માં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ દિલ્હી અને ગુજરાતના દરિયાકાંઠેથી એવા અનેક કન્સાઈનમેન્ટ પકડ્યા છે, જેનો સીધો સંબંધ મેક્સિકન કાર્ટેલ્સ સાથે હતો. ઘણીવાર આ ડ્રગ્સ અફઘાનિસ્તાન અને ઈરાન થઈને દરિયાઈ માર્ગે ભારત આવે છે. જો ડ્રગ્સના કારભારને બંધ કરવું હોય તો ભારતે હવે માત્ર પોલીસ કાર્યવાહીથી સંતોષ માનવાને બદલે 'રેગ્યુલેટરી આર્કિટેક્ચર'મજબૂત કરવું પડશે. ભારતમાં P2P જેવા કેમિકલ્સના ઉત્પાદન અને નિકાસનું રીઅલ-ટાઈમ ટ્રેકિંગ અનિવાર્ય છે.

**CJNG દ્વારા ભારતમાં સ્થાપિત નેટવર્કમાં ઉધોગપતિઓ, કેમિસ્ટ્સ અને ભ્રષ્ટ અધિકારીઓ સામેલ છે, આ લોકો કરોડોના કારભાર દર મહિને કરે છે તેથી તેને વિદેશી હેન્ડલરના મૃત્યુથી લાંબો સમય ઝાંઝી અસર નહીં રહેશે**

# યુદ્ધના ભડકાથી ગેસના ભાવમાં પ્રતિ લિટર ૬ સેન્ટ વધારાનો ભય

## કાર્બન લેવી હટાવ્યા બાદ મળતી રાહત હવે યુદ્ધને કારણે છીનવાઈ જવાની શક્યતા

**ટોરોન્ટો**

યુ.એસ. અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યા પછી કેનેડિયનો આ અઠવાડિયે ગેસ પંપ પર પ્રતિ લિટર છ સેન્ટ વધુ ચૂકવી શકે છે. જોકે વિશ્લેષકો કહે છે કે, તેલનો વધુ પડતો પુરવઠો સૌથી ખરાબ ભાવ આંચકાઓથી બચવામાં મદદ કરશે.

જ્યારે કેનેડા ઊર્જાનો ચોખ્ખો નિકાસકાર છે, ત્યારે મધ્ય પૂર્વમાં વધતો તણાવ કોમોડિટી બજારોને અસર કરી રહ્યો છે અને ભારે ક્રૂડ, ગેસોલિન તથા ડીઝલ બનાવવા માટે શુદ્ધ કરાયેલા કાચા માલના ભાવમાં વધારો કરી રહ્યો છે.

એન-પ્રોના ડેટા અનુસાર કેનેડિયન પ્રાંતોમાં નિયમિત ગેસનો ભાવ સોમવારે સરેરાશ $1.43ની આસપાસ રહ્યો હતો, જે પાછલા અઠવાડિયા કરતા આશરે 4 સેન્ટ વધુ છે. પરંતુ ટૂંકા ગાળા માટે આ દૃષ્ટિકોણ ચિંતાજનક છે. જો મધ્ય પૂર્વમાં સંઘર્ષ વસંત સુધી ચાલુ રહેશે, તો ગ્રાહકોએ અન્ય ચીજવસ્તુઓ તથા સેવાઓ અને ગેસના ભાવમાં પણ વધારો સહન કરવો પડશે તેમ



નિષ્ણાંતોનું માનવુ છે.

મળતી વિગતો મુજબ ગયા વસંતથી કેનેડિયનો માટે ગેસોલિનના ભાવ ઘટી રહ્યા હતા. ફેડરલ સરકારે ગ્રાહક કાર્બન લેવી દૂર કરી દીધી હતી, જ્યારે એપ્રિલની શરૂઆતમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ અંગેની અનિશ્ચિતતા પછી તેલના ભાવમાં ઘટાડો થયો હતો. તે સમયે, કેનેડિયનોએ પાછલા વર્ષની સરખામણીમાં દરેક વખતે જ્યારે તેઓ તેમની ટાંકી ભરે છે ત્યારે $10 થી $20 સુધીની બચત કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ રવિવારે એક વિશ્લેષક નોંધમાં, RBC કેપિટલ માર્કેટ્સના વિશ્લેષક સ્કોટ હેનોલ્ડે જણાવ્યું હતું કે, સપ્તાહના અંતે થતી ઘટનાઓ તેલના ભાવમાં 10થી 15 ટકાનો વધારો કરી શકે છે અને જો હોર્મુઝ સ્ટ્રેટ (Hormuz Strait) અવરોધિત થાય, તો તેલના ભાવ US $ 100 પ્રતિ બેરલથી ઉપર જવાનું સંભવિત જોખમ છે. વિશ્વ દરરોજ વપરાશમાં લેતા 105 મિલિયન બેરલ તેલમાંથી લગભગ 20 ટકા આ સાંકડા કોરિડોરમાંથી પસાર થાય છે, જે પર્સિયન ગલ્ફને વૈશ્વિક બજારો સાથે જોડે છે. ઈરાન પર યુ.એસ. અને ઈઝરાયલી હુમલાના ત્રીજા દિવસે સોમવારે તેલ અને કુદરતી ગેસના ભાવમાં ઉછાળો આવ્યો હતો.

# ઓન્ટેરિયો વહીવટીતંત્રમાં ફેરફાર : ટ્રેવિસ કાનને 'ચીફ ઓફ સ્ટાફ'નું મહત્વનું પદ

## આર્થિક અનિશ્ચિતતા અને રાજકીય પડકારો વચ્ચે ડગ ફોર્ડે વિશ્વાસુ સલાહકાર પર મૂક્યો ભરોસો

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે તેમના સલાહકારોની ટોચની ટીમમાં ફેરફાર કર્યા છે. વિધાનસભાની વાપસી પહેલાં તેમણે પોતાની ઓફિસમાં નવા ચીફ ઓફ સ્ટાફની નિમણૂક કરી છે. સોમવારે બપોરે પ્રીમિયર ઓફિસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે, પ્રિન્સિપાલ સેક્રેટરી ટ્રેવિસ કાન ટોચનું પદ સંભાળશે, જ્યારે વર્તમાન ચીફ પેટ્રિક સેકવિલ પદ છોડશે. સેકવિલ ડિસેમ્બર ૨૦૨૨થી ફોર્ડના ચીફ ઓફ સ્ટાફ છે. તેઓ ગ્રીનબેલ્ટ કૌભાંડના પરિણામો અને ટોચ પરના તેમના ત્રણ વર્ષથી વધુના કાર્યકાળ દરમિયાન વહેલી ચૂંટણીઓ જેવા પડકારોમાંથી પસાર થયા છે. કેન છેલ્લા નવ મહિનાથી પ્રિન્સિપાલ સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે, જેઓ અગાઉ યુનાઈટેડ સ્ટેટ્સમાં સરકારની હિમાયત પરના કામનું નેતૃત્વ કરી રહ્યા હતા. ૨૦૨૦માં પ્રીમિયર ઓફિસમાં જોડાતા પહેલા, કાન આરોગ્ય મંત્રાલયમાં કાર્યરત હતા. ફોર્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સરકારમાં તેમના સમય દરમિયાન, ટ્રેવિસે ઓન્ટેરિયો અને કેનેડાના કેટલાક સૌથી મહત્વપૂર્ણ પડકારોમાંથી અમારી સરકારને માર્ગદર્શન આપવામાં મદદ કરી છે, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફ દ્વારા ઊભા થયેલા આર્થિક ખતરા પ્રત્યેના આપણા ચાલુ પ્રતિભાવનો સમાવેશ થાય છે. જેમ જેમ ઓન્ટેરિયો ચાલુ આર્થિક અનિશ્ચિતતામાંથી પસાર થઈ રહ્યું છે, તેમ તેમ આપણી સરકાર માટે સ્થિર અને શિસ્તબદ્ધ નેતૃત્વ પૂરું પાડવા માટે તેમનાથી વધુ સારી સ્થિતિમાં કોઈ નથી.

# ફેમસ યુટ્યુબર અને મુળ ભારતીય નેન્સી ગ્રેવાલની ચપ્પુના ઘા ઝીંકી હત્યા

## ગુનેગારોનું પગેરું શોધવા સીસીટીવી ફૂટેજ તેમજ ફોરેન્સિક પુરાવા એકત્રિત કરાયા

**મોન્ટ્રિયલ**

કેનેડાના લા સેલ વિસ્તારમાં પંજાબી મૂળની પ્રખ્યાત યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા કરી દેવાઈ છે. નેન્સી ગ્રેવાલ ટ્રુડો અને ખાલિસ્તાની તત્વોની કટ્ટર ટીકાકાર તરીકે જાણીતા હતા. મંગળવારે રાત્રે બનેલી આ ઘટનામાં હુમલાખોરોએ તેમને ચપ્પુના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. નેન્સી ગ્રેવાલે સોશિયલ મીડિયા પર ભારત અને કેનેડા વચ્ચેના તણાવ દરમિયાન ખાલિસ્તાનીઓ અને જસ્ટિન ટ્રુડોની નીતિઓની ખુલ્લેઆમ નિંદા કરી હતી. તેઓ ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ વિરુદ્ધ પણ અવાજ ઉઠાવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાત્રે અંદાજે 9:30 વાગ્યે નેન્સી ગ્રેવાલ ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા,નેન્સી ગ્રેવાલનો ઉછેર હરિયાણાના સિરસામાં થયો હતો. સિરસાની સતલુજ પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ તેઓ કેનેડામાં સ્થાયી થયા હતા.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

• 78 Room Hotel Ramada Inn – SOLD
• 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
• 17 Room Motel near Chattham – SOLD
• 12 Room Motel in Blind River – Sold Conditional
• 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
• 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100



**બ્રામ્પ્ટનમાં મેડોઝ લાઈબ્રેરી ખાતે પ્રાર્થના, શિવભજન અને રોમેન્ટિક ગીતોની રમઝટ જામી**

# ગુજરાતી સિનિયર ગ્રુપનો કાર્યક્રમ, શિવ તાંડવથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટને Theme "प्यार हुआ एकरार हुआ" અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કર્યો હતો. ગ્રુપની 1 st March ૨૦૨૬ની મીટિંગ Gore Meadows Library ખાતે રાખવામાં આવી હતી. મીટિંગની શરૂઆતમાં 'ॐ तत् श्री नारायण' પ્રાર્થના થયા બાદ વેલેન્ટાઈન ડે અને શિવરાત્રીની ઉજવણી કરાઈ હતી. થીમના ગીત પર કૌશિક પંડ્યાએ કસરત કરાવ્યા બાદ દક્ષાબેન રાજાએ વેલેન્ટાઈન ડે તેમજ શિવરાત્રીની સૌને અંતઃકરણથી શુભેચ્છા આપી હતી. ત્યારબાદ હર્ષદ પટેલે સંસ્થાકીય માહિતી આપી સ્પોન્સરની જાહેરાત કરી હતી. ત્યારબાદ આ માસમાં આવતી જે-તે મેમ્બર્સની બર્થ ડે અને એનિવર્સરી ઉજવવામાં આવી હતી. શિલાબેન ને ગાંધીની 86મી સ્પેશિયલ બર્થ ડે ઉજવી, દક્ષાબેન અને હર્ષદભાઈએ ઉપરણું ઓઢાડી તેમનું બહુમાન કર્યું હતુ. કાર્યક્રમની શરૂઆત એનર્જેટિક શિવ-તાંડવ નૃત્યથી કરાઈ હતી. પ્રસ્તુત કરનાર બાલિકાઓ ઈવા પટેલ, આર્ના પટેલ અને આર્યા પટેલ (અરવિંદભાઈ પટેલની પૌત્રીઓ) હતી. નૃત્યને અનુરૂપ સુંદર વસ્ત્રાલંકાર સાથે સજ્જ થયેલી ત્રણે દીકરીઓને દક્ષાબેન રાજાએ તથા સૌ સભ્યોએ તાળીઓથી વધાવી ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

**86 વર્ષીય શિલાબેન ને ગાંધીનો જન્મદિવસ ઉજવાયો, કપલ ડાન્સ અને સોલો પરફોર્મન્સે આકર્ષણ જમાવ્યું : પાંચમી એપ્રિલે 'ચાલો રંગે રમીએ' થીમ સાથે હોળી-ધૂળેટી અને રામનવમીની થશે ભવ્ય ઉજવણી**

કુસુમબેન જગજીવને "જય જય શંકરા....!!" ગીત પર સુંદર સોલો ડાન્સ રજૂ કર્યો હતો. ભાનુભાઈ મિસ્ત્રીએ "लहेरोपे लहरें, लहेराती जटा ।" શિવભજન સંભળાવ્યું હતુ. "मेरा प्यार भी तू है..." ગીત પર જગદીશભાઈ-ઈન્દુબેને સુંદર કપલ ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. ત્યાર પછીની પ્રસ્તુતિ અમીતાબેન-ચારુબેન એન્ડ ગ્રુપની હતી. "प्यार किया तो डरना क्या..." ગીત ઉપર એક્સલન્ટ પરફોર્મન્સ આપી સૌને ખૂબ આનંદિત કર્યા હતા. કૌશિકભાઈ પંડ્યાએ "चाँद सी महबूबा हो मेरी कब...!!!" ગીત તેમના મધુર અવાજમાં રજૂ કર્યું હતુ. "છોકરી મને ગમવા લાગી..!!!" ગીત પર કપલ ડાન્સ રજૂ કરનાર વર્ષાબેન શાહ અને અરૂણભાઈ ભટ્ટ હતા. પદમાબેન-કલ્યાણીબેન એન્ડ ગ્રુપે રિમિક્સ વેલેન્ટાઈન ઓલ્ડ સોન્ગ્સ પર ઓસમ પરફોર્મન્સ આપ્યું હતુ. અરૂણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે બે ફિલ્મી ગીતો "सौ बरस की ज़िंदगी से...!!!" અને "पुकारता चला हूँ मैं...!!!" રજૂ કર્યા હતા. એક તું મને ગમે....!!!" ગીત પર સુંદર પરફોર્મન્સના પ્રસ્તુતકર્તા જગદીશભાઈ પટેલ એન્ડ ગ્રુપ હતા. ત્યારબાદ સુશીલાબેન જોષીએ ફિલ્મી ગીત પર સોલો ડાન્સ રજૂ કર્યો હતો. દક્ષાબેન રાજાએ કમિટી, કિચન કમિટી, અનીલભાઈ જેઠવા, શિલાબેન નેગાંધી, જ્યોતિબેન શાહ, દેવયાનીબેન પટેલ, દક્ષાબેન એમ. પટેલ, અનીલભાઈ પટેલ (ફોટોગ્રાફી) તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોનો તથા પ્રોગ્રામ સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનાર સર્વનો તેમજ સૌ મેમ્બર્સ ભાઈ-બહેનોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સૌએ મહાદેવની સમૂહ આરતી કરી શિવજીને નમસ્કાર કરી સૌએ ધન્યતા અનુભવી હતી. ભોજનમાં લાપસી, રીંગણનો ઓળો, કઢી-ખીચડી, ઢેબરા, અથાણું અને પાપડ-પાપડી આરોગી સૌ ફરી મળવાના કોલ સાથે છૂટા પડ્યા હતા. સંગઠનની આગામી મિટીંગ પાંચમી એપ્રિલ, 2026ના રોજ ગોર મેડો લાયબ્રેરી ખાતે "ચાલો રંગે રમીએ" (હોળી-ધુળેટી, રામનવમી, જૈન સંવત્સરી) ની થીમ સાથે યોજવાની જાહેરાત થઈ હતી.

# બ્રિટિશ કોલંબિયામાં હવે કાયમી 'ડેલાઈટ સેવિંગ ટાઈમ'નો ઐતિહાસિક નિર્ણય

## વર્ષમાં બે વાર ઘડિયાળના કાંટા બદલવાની પ્રથા ડેવિડ એબીએ નાબૂદ કરી

**બ્રિટીશ કોલોમ્બિંયો**

વધુ એક વખત આગળ વધ્યા પછી બી.સી. કાયમી ડેલાઈટ સેવિંગ ટાઈમ અપનાવશે. બ્રિટિશ કોલંબિયા (બી.સી.) વર્ષભર ડેલાઈટ સેવિંગ ટાઈમ અપનાવી રહ્યું છે, જેનો અર્થ એ છે કે, રવિવારે છેલ્લી વખત ઘડિયાળો એક કલાક આગળ વધશે. તે પછી પ્રાંતમાં મોસમી સમયમાં કોઈ ફેરફાર થશે નહીં, એમ પ્રીમિયર ડેવિડ એબીએ સોમવારે જણાવ્યું હતું. એબીએ નવી નીતિની જાહેરાત કરતી વખતે કહ્યું કે, વર્ષના ચાર મહિના માટે નવેમ્બરથી માર્ચ સુધી બી.સી.નો નવો સમય માઉન્ટેન ટાઈમ ઉપર આલ્બર્ટા અને બી.સી.ના ભાગો સાથે મેળ ખાશે. શિયાળાના મહિનાઓ દરમિયાન પ્રાંત વોશિંગ્ટન રાજ્ય, ઓરેગોન અને કેલિફોર્નિયા કરતા એક કલાક આગળ રહેશે. માર્ચથી નવેમ્બર સુધી, ઘડિયાળો દક્ષિણમાં આપણા યુ.એસ. પડોશીઓ સાથે સંરેખિત થશે.

એટર્ની જનરલ નિકી શર્માએ કહ્યું કે તેઓ વધુ સ્થિર અને અનુમાનિત સમયપત્રકની રાહ જોઈ રહ્યા છે. ૧ નવેમ્બરે, જ્યારે ઘડિયાળો સામાન્ય રીતે પાછી ફેરવવામાં આવશે, ત્યારે કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને આપણે 'પેસિફિક સમય' નામના અમારા નવા સમય ક્ષેત્રમાં સંપૂર્ણપણે સંક્રમિત થઈશું. પેસિફિક સમય કોઓર્ડિનેટેડ યુનિવર્સલ સમય કરતાં સાત કલાક પાછળ સેટ કરાશે. નવેમ્બર ૨૦૨૬થી, બી.સી. પૂર્વીય માનક સમય કરતાં બે કલાક પાછળ રહેશે. માર્ચ ૨૦૨૭થી, બી.સી. પૂર્વીય માનક સમય કરતાં ત્રણ કલાક પાછળ રહેશે. ભૂતપૂર્વ પ્રીમિયર જોન હોર્ગનના નેતૃત્વ હેઠળ, બી.સી.ની એનડીપી સરકારે પ્રાંતમાં દ્વિવાર્ષિક સમય પરિવર્તનનો અંત લાવવા માટે કાયદો પસાર કર્યો હતો, પરંતુ આ પગલું ક્યારેય અમલમાં મૂકવામાં આવ્યું ન હતું.

# યુદ્ધથી ૮૫ હજાર કેનેડિયનોના જીવ તાળવે ચોંટ્યા, મુસાફરીની યોજના રદ

## વેકેશન અને કામ અર્થે ગયેલા કેનેડિયનો હોટલોમાં કેદ, ઈરાનના શહેરોમાં તણાવ વધ્યો

**ટોરોન્ટો**

ઈરાન પર યુ.એસ. અને ઈઝરાયલી હુમલા અને તેના પરિણામોને કેનેડાથી વેકેશન પર જતા અનેક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ઉપરાંત ઘણા કેનેડિયનોની મુસાફરી યોજનાઓ ખોરવાઈ ગઈ છે. ગ્લોબલ અફેર્સ કેનેડા અનુસાર, મધ્ય પૂર્વમાં આશરે 85,000 કેનેડિયન અને કાયમી રહેવાસીઓ નોંધાયા છે. આ યાદીમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ આ પ્રદેશમાં રહે છે, પરંતુ ઘણા એવા પણ છે જેઓ ફક્ત મુલાકાતે ગયા છે. ગિબ્સને ગ્લોબલ ન્યૂઝને કેનેડિયન મહિલાએ જણાવ્યું હતું કે, તેણી શનિવારે સમાચાર જોઈ રહી હતી જ્યારે યુએસ અને ઈઝરાયલે ઈરાન પર બોમ્બમારો શરૂ કર્યો હતો. સમાચાર જોયા બાદ ગિબ્સને એક સ્થાનિક મિત્રને પૂછ્યું કે શું બહાર જવું સલામત છે? ત્યારે તેને થોડો ખોરાક લઈને હોટેલમાં પાછા ફરી જવા માટે કહેવામાં આવ્યું હતું. તેણીએ તેમ કર્યું, પરંતુ મેટ્રોમાં તેને કટોકટીની ચેતવણી મળી હતી. એક સ્થાનિક રહેવાસીએ તેણીને ખાતરી આપી સલામત સ્થળે આશ્રય લેવા તાકીદ કરી હતી. રેજીનાની ફિટનેસ પ્રશિક્ષક રશેલ ડ્રોગે પણ વર્ગો શીખવવા માટે કુવૈતની ઉડાન ભરી ત્યારે એક અલગ અનુભવની અપેક્ષા રાખી રહી હતી.

# કેનેડા 'LNG પાવરહાઉસ' બનવા સજ્જ : ૧૦૦ મિલિયન ટન નિકાસનો લક્ષ્યાંક

## ટિમ હોજસને સંસદીય સમિતિ સમક્ષ રજૂ કર્યો મહત્વાકાંક્ષી રોડમેપ

**ટોરોન્ટો**

કેનેડાના ઊર્જામંત્રીએ જણાવ્યું હતું કે, દેશ વિશ્વના સૌથી મોટા લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સપ્લાયર્સ પૈકી એક દેશ બનવા માટે તૈયાર છે, જે દર વર્ષે 100 મિલિયન ટન જેટલી નિકાસ કરી શકે છે. ટિમ હોજસને આ મહિનાની શરૂઆતમાં સંસદીય સમિતિને આ આશાવાદી દ્રષ્ટિકોણ આપ્યો હતો, જેમાં નોંધ્યું હતું કે જાપાન, દક્ષિણ કોરિયા, ચીન અને ભારત જેવા દેશો કેનેડિયન ગેસ મેળવવા ઈચ્છે છે. તેમણે ઉમેર્યું હતું કે, જો આપણે સમયસર ડિલિવરી કરીશું તો અમને આશા છે કે, સમર્થકો આ સેક્ટરના વેપારને વાર્ષિક 100 મિલિયન ટન સુધી પહોંચાડશે. જો આ શક્ય બનશે તો આપણે વિશ્વમાં LNGના સૌથી મોટા સપ્લાયર્સ પૈકી એક દેશ બની જઈશું. આ લક્ષ્યને હાંસલ કરવા માટે હાલમાં ચાલી રહેલા LNG પ્રોજેક્ટ્સ કરતાં વધુ ક્ષમતાની જરૂર પડશે. કારણ કે, હાલના પ્રોજેક્ટ્સ પૂર્ણ ક્ષમતા પર પણ દર વર્ષે 50 મિલિયન ટનથી ઓછી નિકાસ પૂરી પાડી શકશે. હોજસનની ટિપ્પણીઓ વડાપ્રધાન માર્ક કાર્નીની ભારત યાત્રા પહેલા આવી હતી, જ્યાં LNG નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપેક્ષા છે. હોજસને એ વાતનો ખુલાસો કર્યો ન હતો કે, કયા ચોક્કસ પ્રોજેક્ટ્સ કેનેડાને ટોચના LNG નિકાસકારોમાં સ્થાન અપાવવામાં મદદ કરશે. કેનેડા હાલમાં ઓસ્ટ્રેલિયા અને કતાર સહિતના દેશો પછી વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર છે. નવા પ્રોજેક્ટ્સ વાર્ષિક 40 મિલિયન ટન સુધી LNG નિકાસ ક્ષમતા લાવી શકે છે. વુડફાઈબર અને સીડર LNG પ્રોજેક્ટ્સ દ્વારા વધુ પાંચ મિલિયન ટન ક્ષમતા ઉમેરવામાં આવી શકે છે, આ બંને પ્રોજેક્ટ્સ બ્રિટિશ કોલંબિયા (બી.સી.)માં નિર્માણાધીન છે. પરંતુ જો તે બધા પ્રોજેક્ટ્સ પૂર્ણ ક્ષમતા સુધી પહોંચી જાય, તો પણ કેનેડા હોજસનના લક્ષ્યાંકથી અડધાથી પણ પાછળ હશે. મંત્રીની ટિપ્પણીઓ પરથી એ સ્પષ્ટ નથી કે, કેનેડા તે ક્ષમતાને બમણી કેવી રીતે કરશે, પરંતુ ઘણા પ્રોજેક્ટ્સ હજુ પણ તેમના પ્રારંભિક તબક્કામાં છે જે ભવિષ્યમાં મદદ કરી શકે છે. દાખલા તરીકે, મેરિનવેસ્ટ એનર્જી કેનેડા ક્યુબેકમાં એક પ્રોજેક્ટને આગળ ધપાવી રહ્યું છે. પ્રસ્તાવકોએ જાહેરમાં ઘણી વિગતો જાહેર કરી નથી, પરંતુ તેઓ ત્યાં એક પ્લાન્ટ અને પાઈપલાઈન બનાવવા માંગે છે.

# ધૂળેટીનો પર્વ બન્યો બેરંગ, 25 કરતા વધારે ડૂબ્યાં

## સુરત, અરવલ્લી,મહીસાગર, અમરેલી અને અમદાવાદ ગ્રામ્યમાં ધૂળેટી રમ્યા બાદ નદી-તળાવમાં ન્હાવા જતાં અનેકને મોત મળ્યું

અમદાવાદ: તહેવારોની ઉજવણી દરમિયાન સાવધાની અને શિસ્ત ન જળવાય તો આનંદનો પ્રસંગ માતમમાં ફરી જતા સમય લાગતો નથી. આ વાતને સાચી ઠરાવતી અલગ અલગ ઘટનાઓ ગુજરાતમાં ઘટી હતી, જેમાં 25 કરતા વધુ બાળક અને યુવકે જીવ ગુમાવ્યા હતા. સુરત, અરવલ્લી,મહીસાગર, અમરેલી અને અમદાવાદ ગ્રામ્યમાં બનેલી ઘટનાઓમાં ધૂળેટી રમ્યા બાદ ન્હાવા માટે નદી-તળાવમાં પડેલા બાળકો-કિશોરો અને યુવાનો ડૂબી જતા ધૂળેટીનું પર્વ બેરંગ બની ગયું હતું.

અરવલ્લી જિલ્લામાં બે પિતરાઈ ભાઈ જૈમિન ડામોર અને રાયચંદ ડામોર રંગોથી રમ્યા બાદ તળાવમાં ન્હાવા પડ્યા હતા અને ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. માલપુર તાલુકાના નવા જાંબુ ફળી ગામના રહેવાસી બન્ને બાળકો પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ઘટનાની જાણ થતાં મોડાસા ફાયર બ્રિગેડે બન્નેના મૃતદેહ બહાર કાઢ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સીતાપુર ગામ નજીક આવેલા ઝોલાસર તળાવમાં ધૂળેટી રમ્યા બાદ ન્હાવા પડેલા પાંચ બાળકો ડૂબી રહ્યા હતા, જેમાંથી બેને બચાવી લેવાયા હતા, પરંતુ ત્રણના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાંસલપુર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

જ્યારે સુરતના માંગરોળ તાલુકાના પાનસરા ગામ પાસે કીમ નદીમાં નહાવા પડેલા ત્રણ મિત્ર પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મૃતકોની ઓળખ સંજય ધનજી માંગુકિયા, ચંદ્રભૂષણ સિંહ અને હેપ્પી સિંહ તરીકે થઈ હતી. સ્થાનિક લોકો અને ફાયર બ્રિગેડે તેમના મૃતદેહ બહાર કાઢ્યા હતા. ત્યારબાદ તેમને પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. બીજી ઘટનામાં સુરતના બારડોલીના ઈસરોલી ગામની નદીમાં પાંચ યુવક ડૂબ્યા હતા. ધૂળેટી રમ્યા બાદ નદીમાં ન્હાવા પડેલા પાંચમાંથી ચાર યુવક ડૂબી ગયા હતા અને એકનો બચાવ શક્ય બન્યો હતો, તેવી માહિતી સ્થાનિક સૂત્રોએ આપી હતી. અમદાવાદના કોતરપુરમાં સાબરમતી નદીમાં નાહવા પડેલા ચાર યુવક ડૂબ્યા હતા. મળતી માહિતી અનુસાર ત્રણ યુવકના પાણીમાં જ ડૂબી જતાં મોત થયા હતા અને એક યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ચારેય યુવક શહેરના કુબેરનગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.




આવી જ દુઃખદ ઘટના મહીસાગરના કોઠંબા નજીક આવેલા મુવાડા ગામે પણ બની હતી. અહીં રંગોથી રમી તળાવમાં ન્હાવા પડેલા ચાર યુવાન ડૂબી ગયા હતા. લુણાવાડાની બચાવ ટીમે ચારેય યુવાનના મૃતદેહ કલાકો બાદ બહાર કાઢ્યા હતા. અમિતકુમાર વિનોદભાઈ બારીયા, તુષારકુમાર રુદ્રનાથ બારીયા, જયેશકુમાર જશવંતભાઈ બારીયા, વિપુલકુમાર જશવંતભાઈ બારીયા મૃત્યુ પામ્યા હતા, જેમાં બે સગા ભાઈનો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. બીજી બાજુ સૌરાષ્ટ્રના અમરેલીમાં શેત્રુંજી નદીમા ન્હાવા પડેલો એક યુવક ડૂબી જતા મોત થયું હતું. અહીંના બહારપરા વિસ્તારમાં રહેતો એક યુવક ધૂળેટી રમ્યાં બાદ શેત્રુંજી નદીમાં નાહવા માટે ગયો હતો, ઊંડા પાણીમાં યુવક ગરકાવ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડે જહેમત બાદ તેને બહાર કાઢ્યો હતો.

આ સાથે મહેસાણાના કડીના થોળ રોડ પર આવેલી નર્મદા કેનાલમાં ડૂબી જતા એક યુવકનું મોત નિપજ્યું હતું. બીજી આવી ઘટના પણ મહેસાણામાં બની હોવાનું જાણવા મળ્યું હતું. અહીંની મોટી દઉ કેનાલમાં ચાર યુવક ન્હાવા પડ્યા હતા, જેમાંથી ડૂબી જતાં 2ના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી : અનામતના નવા સમીકરણો ભાજપ અને કોંગ્રેસની ઊંઘ ઉડાડશે

## અનામતમાં વધારો અને SC-ST બેઠકોનું ત્રીજું રોટેશનને કારણે બેઠકોની જોગવાઈમાં ફેરફાર

**ગાંધીનગર**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સમયપત્રકની જાહેરાત કરતું જાહેરનામું આ મહિનાના અંતમાં બહાર પાડવામાં આવે તેવી અપેક્ષા છે. આ વખતે ઘણી જગ્યાએ અન્ય પછાત વર્ગો (OBC) ક્વોટા, બેઠકોનું રોટેશન અને મહિલા અનામતથી સમીકરણો બદલાશે

મળતી વિગત પ્રમાણે,OBC માટે 27% અનામતનો અમલ, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારો માટે અનામત બેઠકોનું રોટેશન, તમામ બેઠકો પર મહિલાઓ માટે 50 % અનામત આગામી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીના સમીકરણોને ધરમૂળથી બદલી નાખશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, OBC અનામત, SC-ST બેઠકોનું ત્રીજું રોટેશન અને 50% મહિલા અનામતના પરિણામે મોટાભાગના વર્તમાન (સીટિંગ) ઉમેદવારો બદલાય તેવી શક્યતા છે.

અત્યાર સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBC ઉમેદવારો માટે 10 % બેઠકો અનામત હતી, જે હવે વધીને 27% થઈ ગઈ છે. આને કારણે મોટી સંખ્યામાં વર્તમાન કાઉન્સિલરો અને પંચાયત સભ્યોએ OBC ઉમેદવારો માટે જગ્યા ખાલી કરવી પડશે.

2021ની વસ્તી ગણતરી કોવિડ-19 ને કારણે ન થઈ હોવાથી, 2011ની વસ્તી ગણતરીના આધારે જ બેઠકોનું ત્રીજું રોટેશન કરવામાં આવશે. મહાનગરપાલિકાઓમાં 2015 અને 2021માં બે રોટેશન થઈ ચૂક્યા છે, હવે ત્રીજા રાઉન્ડને કારણે રાજકીય પક્ષોએ નવા ઉમેદવારો શોધવા પડશે. નવ નવી રચાયેલી મહાનગરપાલિકાઓમાં પ્રથમ વખત ચૂંટણી યોજાશે. અહીં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને નવા વોર્ડની રચના માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર ઉપરાંત નવી બનેલી 9 મહાનગરપાલિકાઓ નડિયાદ, સુરેન્દ્રનગર, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ, પોરબંદર અને મહેસાણામાં ચૂંટણી યોજાશે.

# જિજ્ઞેશ મેવાણીએ પોલીસ સ્ટેશન ગજવ્યું અડ્ડાની યાદી આપીને કાર્યવાહીની માંગ

## બિલ્ડરનાં ઇશારે પોલીસ નાચતી હોવાનો દાવો

**અમદાવાદ**

અમદાવાદમાં પાલડી-આંબાવાડી વિસ્તારમાં ત્રિકમલાલની ચાલી પર બિલ્ડરોનો ડોળો મંડાયો છે. જેના કારણે ભાડૂતી ગુંડાઓ મકાનો ખાલી કરવા શ્રમિકોને ધમકી આપી રહ્યાં છે. જે મુદ્દે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પાલડી પોલીસ સ્ટેશન માથે લીધું હતું. શ્રમિક મહિલાઓની પોલીસે ફરિયાદ કેમ ન નોંધી તે મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ફરિયાદ નહીં નોંધવામાં આવે તો પોલીસ કમિશ્નરના ઘર બહાર ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ધારાસભ્ય અમિત શાહના મત વિસ્તાર એલિસબ્રિજ-પાલડીમાં જીજ્ઞેશ મેવાણી શ્રમિકોના વ્હારે આવ્યા હતા. શ્રમિકોની રજૂઆત છે કે, ત્રિકમલાલની ચાલીના મકાનો ખાલી કરાવવા માટે બિલ્ડરોના ભાડૂતી ગુંડાઓ મેદાને પડ્યા છે. શ્રમિકો મકાનો ખાલી કરવા રાજી નથી ત્યારે ગુંડાઓએ મહિલાઓને અશ્લીલ ગાળો ભાંડી હતી. છેલ્લા 20 દિવસથી શ્રમિકોને ધમકી આપી માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. શ્રમિકોએ પાલડી પોલીસ સ્ટેશને ફરિયાદ આપી તો મહિલા પીઆઈએ ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરી દીધો હતો. આ મામલે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી શ્રમિક મહિલાઓ સાથે પાલડી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે એવો સવાલ ઉઠાવ્યો કે, જે વૃદ્ધ ચાલી શકતા નથી તેમની સામે ફરિયાદ કેમ નોંધાઈ. તેમણે એ મુદ્દો પણ ઉઠાવ્યો કે, પાલડી-એલિસબ્રિજમાં કોચરબ ગામથી માંડીને માદલપુર સહિત અન્ય વિસ્તારમાં 20થી વધુ દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે.

# ભીષણ યુદ્ધના માહોલ વચ્ચે 200થી વધુ ગુજરાતીએ કરી વતન વાપસી

## યુદ્ધના માહોલ વચ્ચે અનેક ફ્લાઈટ રદ કરાઈ

**અમદાવાદ**

મધ્યપૂર્વમાં અત્યારે સ્થિતિ વધારે તણાવપૂર્ણ છે, સતત હુમલાના સમાચાર પ્રકાશમાં આવતા રહે છે ત્યારે સાઉદી અરેબિયામાં ઉમરાહની પવિત્ર યાત્રાએ ગયેલા લોકો ફસાયા હોવાની પણ વિગતો પ્રાપ્ત થઈ હતી. હવે ઉમરાહની પવિત્ર યાત્રાએ ગયેલા 210 જેટલા ગુજરાતી પાછા વતન આવતા એરપોર્ટ પર ભાવુક દ્રશ્યો સર્જાયા હતાં. સુરક્ષિત રીતે લોકો ભારત પરત ફરવાને કારણે પરિવારના સભ્યોની આંખોમાં ખુશીના આંસુ જોવા મળ્યાં હતાં. મધ્યપૂર્વના તણાવપૂર્ણ માહોલ વચ્ચે પણ ભારત સરકારે આ લોકોને સુરક્ષિત રીતે વતન પાછા લાવ્યા છે.

ભારત સરકાર અને વિદેશ મંત્રાલયે કરેલી સકારાત્મક કાર્યવાહીના પરિણામે આ તમામ 210 નાગરિકો હેમખેમ પોતાના પરિવાર પાસે પહોંચી શક્યા છે. મુસાફરોની વાત કરવામાં આવે તો ભારત સરકારે 210 ભારતીયને પાછા વતન આવ્યા છે, જેમાં 205 મુસાફરોને જેદ્દાહથી સીધા જ ઈન્ડિગોની ફ્લાઈટ 6E 8623માં અમદાવાદ લાવવામાં આવ્યાં છે. આ ફ્લાઈલ ગતરાત્રે 11 વાગ્યાની આસપાસ અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. આ સાથે બાકીના પાંચ મુસાફરોને દુબઈથી રિલીફ ફ્લાઈટ દ્વારા મુંબઈ અને ત્યાંથી ટ્રેન મારફતે સુરત ખાતે પહોંચાડવામાં આવ્યાં હતાં.

વતન પરત આવેલા લોકોનું કહેવું છે કે, યુદ્ધના માહોલ વચ્ચે અનેક ફ્લાઈટો રદ્દ થઈ ગઈ હતી. જેના કારણે ત્યાં હોટલના ભાડામાં પણ વધારો થઈ ગયો હતો, જેથી આ લોકો ટેન્શનમાં આવી ગયા અને ભારત સરકાર પાસે મદદ માંગી હતી. આ ફ્લાઈટ આ મુસાફરો માટે ખરેખર આશીર્વાદ સમાન સાબિત થઈ છે.

# કાપડથી કેમિકલ સુધી ‘રેડ એલર્ટ’: યુદ્ધને કારણે ગુજરાતની આયાત-નિકાસ ડામાડોળ

## ટુર ઓપરેટરોને અંદાજે 50 કરોડનો આર્થિક ફટકો પડવાની ભીતિ

**ગાંધીનગર** : ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે વણસી રહેલી યુદ્ધની સ્થિતિએ ગુજરાતના અર્થતંત્ર અને પ્રવાસન ક્ષેત્ર માટે ખતરાની ઘંટડી વગાડી છે. જો આ સંઘર્ષ લાંબો સમય ચાલશે, તો ગુજરાતના આઠથી દસ મુખ્ય ઉદ્યોગોમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે અને ટુર ઓપરેટરોને અંદાજે 50 કરોડનો આર્થિક ફટકો પડવાની ભીતિ છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે સુરત, અમદાવાદ, મોરબી અને જામનગર જેવા ઔદ્યોગિક કેન્દ્રો ડામાડોળ થવાની શક્યતા છે.



- **કૃષિ અને ટેક્સટાઇલ** : આરબ દેશોમાં એરંડા, મગફળી અને કપાસની નિકાસ અટકતા સ્થાનિક બજારમાં ભાવ ઘટવાની શક્યતા છે. સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ, જે મધ્ય-પૂર્વના દેશોમાં મોટા પાયે નિકાસ કરે છે, તેને સીધો ફટકો પડશે.

- **સિરામિક અને કેમિકલ**: મોરબીનો સિરામિક ઉદ્યોગ ગેસ સપ્લાય માટે ‘સ્ટ્રેટ ઑફ હોર્મુઝ’ પર નિર્ભર છે; આ માર્ગ બંધ થતાં ઉત્પાદન ખોરવાશે. તેવી જ રીતે, ક્રૂડ ઓઈલ મોંઘું થતાં ભરુચ અને દહેજના પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં કાચા માલના ભાવ વધશે.

- **હીરા અને ફાર્મા**: યુરોપ-અમેરિકામાં જ્વેલરીની માંગ ઘટશે અને સોનાના ભાવ વધતા સ્થાનિક મંદી આવશે. ફાર્મા ક્ષેત્રે ‘એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રીડિયન્ટ્સ’(API)ની આયાત મોંઘી થતાં દવાઓના ઉત્પાદન ખર્ચમાં વધારો થશે.

- **લોજિસ્ટિક્સ**: કંડલા, મુદ્રા અને પીપાવાવ પોર્ટ પરથી થતા પરિવહનને અસર પહોંચતા વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ થતાં પ્રવાસન ઉદ્યોગ સંકટમાં મૂકાયો છે. આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જો યુદ્ધ વધુ 15 દિવસ ચાલશે, તો ટુર ઓપરેટરોને 50 કરોડનું નુકસાન થઈ શકે છે. હાલમાં રિફંડ અને બુકિંગ કેન્સલેશન માટે એજન્સીઓ પર દબાણ વધી રહ્યું છે.

# રેપિડો ચાલકનું બેંક એકાઉન્ટ બન્યું મની લોન્ડરિંગનું હબ, 550 કરોડના વ્યવહારો

## ત્રણ પેઢીઓ ખોટા દસ્તાવેજોના આધારે વર્ષ 2024માં શરૂ થઈ અને પછી ખેલ

**અમદાવાદ**

શહેરમાં બે વર્ષથી ચાલી રહેલા ક્રિકેટ સટ્ટાબેટિંગ અને શેરબજારના ખેલમાંથી થયેલી 550 કરોડની આવકના હવાલા અને વિવિધ બેંકમાં થયેલી એન્ટ્રીઓના રેકેટમાં મોટો ખુલાસો થયો છે. મહિને માંડ 10,000 થી 12,000 કમાતો એક 28 વર્ષીય રેપિડો બાઈક ડ્રાઈવર 550 કરોડના મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય સૂત્રધાર તરીકે બહાર આવ્યો છે. ઈડીએ આક્ષેપ કર્યો છે કે તેના બેંક ખાતાઓનો ઉપયોગ ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજીની કમાણી ફેરવવા અને શેરબજારના ભાવમાં હેરાફેરી કરવા માટે કરવામાં આવ્યો હતો. EDએ મંગળવારે ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચમાં આ મની લોન્ડરિંગ નેટવર્ક અંગે FIR નોંધવા માટે ફોજદારી ફરિયાદ દાખલ કરી છે. જે એક સામાન્ય નાણાકીય તપાસ તરીકે શરૂ થઈ હતી તે હવે ગુજરાતની સૌથી જટિલ મની ટ્રેલ તપાસમાં ફેરવાઈ ગઈ છે, જેમાં બોગસ કંપનીઓ, ભાડે લીધેલી ઓળખ અને ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી સાથે જોડાયેલા શેરના ભાવમાં હેરાફેરીના નેટવર્કનો પર્દાફાશ થયો છે.

તપાસના કેન્દ્રમાં પ્રદીપ ઓડ નામનો રેપિડો રાઈડર છે, જેના પાન (PAN) અને આધાર કાર્ડનો ઉપયોગ કરીને 'મેસર્સ પ્રદીપ એન્ટરપ્રાઈઝ' નામની પેઢી અને બેંક ખાતાઓ અન્ય લોકો દ્વારા ચલાવવામાં આવતા હતા. પ્રદીપે તેના નિવેદનમાં જણાવ્યું કે તેને દરેક ખાતા દીઠ 25,000 અને ચેકબુક પર સહી કરવા માટે 400 આપવામાં આવતા હતા. તેના ખાતામાંથી થતા વ્યવહારો પર તેનો કોઈ અંકુશ નહોતો.

EDના મતે, પ્રદીપ એન્ટરપ્રાઈઝ, કમલેશ ટ્રેડિંગ અને રોનક ટ્રેડર્સ નામની ત્રણ પેઢીઓ ખોટા દસ્તાવેજોના આધારે વર્ષ 2024માં શરૂ કરવામાં આવી હતી. માત્ર એક જ વર્ષમાં આ ખાતાઓમાં 550 કરોડના વ્યવહારો થયા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ નાણાંનો ઉપયોગ પેની સ્ટોક્સના ભાવ કૃત્રિમ રીતે વધારવા અને વ્યક્તિગત ખર્ચાઓ પૂરા કરવા માટે થતો હતો. આ કૌભાંડનો માસ્ટરમાઈન્ડ કિરણ પરમાર ઉર્ફે લાલા હોવાનું મનાય છે.




તપાસમાં બહાર આવ્યું છે કે ફંડનો મોટો હિસ્સો મુરાએ ઓર્ગેનાઈઝર લિમિટેડ, પ્રધિન લિમિટેડ અને ભરત ગ્લોબલ ડેવલપર્સ જેવી લિસ્ટેડ કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. એક કિસ્સામાં તો શેરના ભાવમાં એક જ વર્ષમાં 10,000 ટકાનો ઉછાળો આવતા સેબીએ ટ્રેડિંગ સ્થગિત કરી દીધું હતું. અધિકારીઓ માને છે કે શેરના ભાવ અને ટર્નઓવર વધારવા માટે શંકાસ્પદ એન્ટ્રીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તપાસમાં આર્થિક રીતે નબળા લોકોને એકાઉન્ટ મ્યુલ તરીકે ભરતી કરવાનું મોટું નેટવર્ક ખુલ્યું છે. થોડા હજાર રૂપિયાની લાલચમાં લોકો પોતાના દસ્તાવેજો, સિમ કાર્ડ અને ચેકબુક આપી દે છે. તેમના નામે શેલ કંપનીઓ નોંધવામાં આવે છે અને ખોટા સરનામાં દર્શાવવામાં આવે છે. એકવાર ખાતું સક્રિય થઈ જાય પછી, તેમાં કરોડોના વ્યવહારો કરવામાં આવે છે. મોટાભાગના કિસ્સાઓમાં, જેમના નામે પેઢી હોય છે તેમને વ્યવહારોના પ્રકાર કે તેના સ્કેલ વિશે કોઈ જાણકારી હોતી નથી.

ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબેટિંગના રૂપિયા આ ખાતામાં ટ્રાન્સફર થતા હતા. શેરબજારમાં સર્કુલર ટ્રેડિંગ દ્વારા ખોટું વોલ્યુમ કરી ભાવ વધારો કરવામાં આવતો હતો. જેમાં ગાંધીધામના બિઝનેસમેનના લગ્નનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત ઈમ્પેક્ટ ગુરુને ડોનેશન અને પેનીસ્ટોક્સમાં હેરાફેરી કરવામાં આવી હતી. ઈડીની ટીમે ઝીણવટભરી તપાસ કરતાં જુદી જુદી ત્રણ કંપનીમાં અનુક્રમે 80.50 કરોડ, 52.11 કરોડ અને 22.86 કરોડ જમા થયા હતા.

# પ્રવાસન-યાત્રાધામોમાં 28.68 કરોડનું રોકાણ : સંઘવીએ મંજૂર કર્યા પ્રકલ્પો

### ઐતિહાસિક કિલ્લાઓ, પ્રાચીન મંદિરો અને સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે જોડાયેલા સ્થળોને વિકસાવાશે

**અમદાવાદ**

ગુજરાત સરકારે રાજ્યના પ્રવાસન અને ધાર્મિક સ્થળોના વિકાસ માટે મોટા પાયે ખર્ચ કરવા પ્રયોજન કર્યું છે. ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કુલ 28.68 કરોડ રૂપિયાના વિવિધ પ્રકલ્પોને વહીવટી મંજૂરી આપી છે. આ રકમ દ્વારા ઐતિહાસિક કિલ્લાઓ, પ્રાચીન મંદિરો અને સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે જોડાયેલા સ્થળોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાનો ઉદ્દેશ છે. જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લામાં પ્રવાસીઓની વધતી ભીડને ધ્યાનમાં રાખીને 1.07 કરોડ રૂપિયાનો પ્રથમ તબક્કાનો વિકાસ હાથ ધરાશે. તેમાં મજવેડી દરવાજા પાસે સુરક્ષા દિવાલ, પાર્કિંગ વ્યવસ્થા અને પ્રવાસી સુવિધા કેન્દ્રનો સમાવેશ થાય છે. ભવિષ્યમાં વડીલો અને દિવ્યાંગજનો માટે લિફ્ટની સુવિધા પણ ઉમેરાશે. સૌરાષ્ટ્રના હર્ષદ માતા મંદિર માટે સરકારે સૌથી વધુ 20.09 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

# સાવલી બેઠક પણ બિનહરીફ થતાં બરોડા ડેરીમાં શાસક પેનલને બહુમતી

**વડોદરા**

બરોડા ડેરીની વડોદરા,છોટાઉદેપુર અને તિલકવાડા ઝોનમાં યોજાનાર ૧૩ બેઠકોની ચૂંટણી માટે આજે સાવલીના ડિરેક્ટર રામસિંગ વાઘેલાની સામેના ઉમેદવાર પ્રવિણભાઈ મકવાણાએ ફોર્મ પરત ખેંચતા તેઓ બિનહરીફ થયા છે. અગાઉ પ્રમુખ-ઉપપ્રમુખ સહિત છ ડિરેક્ટર બિનહરીફ થયા હતા અને આજે વધુ એક ડિરેક્ટર બિનહરીફ થતાં વર્તમાન ડિરેક્ટરોના જૂથે કુલ ૭ બેઠકો સાથે બહુમતી હાંસલ કરી લીધી છે.તો બીજીતરફ હવે ભાજપના મેન્ડેટની કોઈ કિંમત પણ રહી નથી.હજી તા.૭મી સુધી ફોર્મ પાછા ખેંચાનાર છે.

## રાજ્યના રજિસ્ટ્રારની પ્રમુખ-ઉપપ્રમુખને ગેરલાયક ઠેરવવા કારણ બતાવો નોટિસ

વડોદરાઃ બરોડા ડેરીની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ વગર એક પછી એક ડિરેક્ટર બિનહરીફ જાહેર થઈ રહ્યા છે અને નવી વ્યવસ્થાપક કમિટિ માટે હાઈકોર્ટના ઓર્ડરથી ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે રાજ્યના રજિસ્ટ્રારે ડેરીના પ્રમુખ-ઉપપ્રમુખને ઓડિટ રિપોર્ટમાં ક્ષતિઓ બદલ ગેરલાયક કેમ નહિ ઠેરવવા તેની નોટિસ આપી તા.૧૩મીએ હાજર રહેવા જણાવતાં રાજકીય મોરચે ઉત્તેજના વ્યાપીછે.

# 12 પાસ બાંગ્લાદેશી યુવકે ડેડ ઈ-મેઈલ હેક કરી આપી હતી બોમ્બની ધમકી

### આરોપીની બહેન પણ સંડોવાયેલી, કોર્ટે 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

**અમદાવાદ**

અમદાવાદની શાળાઓ અને નીચલી અદાલતોને છેલ્લા એક વર્ષથી બોમ્બ બ્લાસ્ટ અને અન્ય ધમકીભર્યા ઈ-મેઈલ મોકલી ફાળકો ફેલાવનાર મુખ્ય સૂત્રધારને અમદાવાદ સાયબર ક્રાઈમ અને શહેર ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી પશ્ચિમ બંગાળથી ઝડપી પાડ્યો છે. ઝડપાયેલો આરોપી મૂળ બાંગ્લાદેશના ઢાકાનો રહેવાસી છે, જેનું નામ માઈકલ બિશ્વાસ છે પરંતુ તે ભારતમાં સૌરભ બિશ્વાસના નામે ગેરકાયદેસર રીતે રહેતો હતો. આરોપી VPN અને પ્રોક્સી IP એડ્રેસનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવી રહ્યો હતો. પોલીસે આરોપીના 10 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે માત્ર 12 પાસ હોવા છતાં આરોપી સોશિયલ મીડિયા અને યુટ્યુબ દ્વારા સાયબર ક્રાઈમની ટેકનિકો શીખ્યો હતો. તે જૂના અને ડેડ ઈ-મેઈલ આઈડી હેક કરી તેના પાસવર્ડ બદલીને અન્ય દેશોના સંગઠનોને વેચતો હતો. પોલીસ એક્સપર્ટે ગ્રાહક બનીને આરોપીનો સંપર્ક કર્યો અને USDTમાં નાણાં ચૂકવીને તેને ટ્રેપમાં ફસાવ્યો હતો. આરોપીએ અત્યાર સુધીમાં 250થી વધુ આઈડી વેચ્યા હોવાનું કબૂલ્યું છે.

# પંચમહાલમાં જમીન કબજા મામલે ખેડૂતો ઉપર પથ્થરમારો : પોલીસે લાઠીચાર્જ કર્યો

## જમીન કબજા આપવાની કાર્યવાહી શરૂ થતા ગામના જ કેટલાકે વિરોધ કર્યો

**પંચમહાલ**

પંચમહાલ જિલ્લામાં કડાણા ડેમ પર કડાણા જળાશય યોજના નજીક ૫ દાયકા પહેલા કેટલાક ખેડૂતોની જમીનો કેટલાક અસામાજિક તત્વોએ પચાવી પાડી હતી. જે મામલે હાલ સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયામાં કેસ ચાલી રહ્યો છે. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના આદેશથી તંત્રએ હાલમાં વિગતવાર રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરી હતી. જે અન્વયે જિલ્લા જીલ્ડ્સ અને કલેક્ટર દ્વારા નોટિસ પાઠવી અસરગ્રસ્ત ખેડૂતોને બોલાવ્યા હતા.

તંત્રની નોટિસ મળતા અસરગ્રસ્ત ખેડૂતો એક એડવોકેટને સાથે લઈને ડેમલી ગ્રામ પંચાયતે ભેગા થયા હતા. ત્યારે કેટલાક અજાણ્યા લોકોનું ટોળું અચાનક ધસી આવ્યું હતું અને તેઓએ પથ્થરમારો કરી તોડફોડ શરૂ કરી હતી. સ્થાનિક લોકોના કહેવા મુજબ, આ હુમલાખોરો તલવારો અને લાકડી ધોકા જેવા હથિયારો લઈને આવ્યા હતા અને ભારે હંગામો મચાવ્યો હતો, ત્યારે વળતા જવાબમાં પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો હોવાની વિગતો હાલ સામે આવી રહી છે.વધુમાં, દબાણકર્તાઓના ટોળાએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત હોવા છતાં પથ્થરમારો કરતા કેટલાક ખેડૂતો ઘાયલ થયા છે, સાથે જ આજે જમીન કબજા સુપરત કરવાનો હતો તે ખેડૂત ડામોર અકમાભાઈ લાલાભાઈ લાપતા થયા છે. ખેડૂતોની ગાડીઓ પર પથ્થરમારો થતા ગાડીમાં તોડફોડ થતાં ભારે નુકસાન થયું હોવાની માહિતી હાલ સામે આવી રહી છે, પોલીસે પણ લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

# કચ્છથી દાહોદ સુધી ભૂકંપના હળવા આંચકા, લોકોમાં ફફડાટ

ગાંધીનગર : ગુરુવારે બપોરે 1:43 વાગ્યે કચ્છ જિલ્લાના ભચાઉ વિસ્તારમાં 3.4 મેગ્નિટ્યુડનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર ભચાઉથી આશરે 12 કિલોમીટર દૂર હોવાનું સિસ્મોલોજી વિભાગે જણાવ્યું. બપોરના સમયે અચાનક જમીન ધ્રૂજતા જ લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. કચ્છ વિસ્તાર ભૂકંપ સંવેદનશીલ ઝોન-5માં આવતો હોવાથી અહીં વારંવાર નાનાં-મોટાં આંચકા અનુભવાતા રહે છે. સવારે 11:55 વાગ્યે દાહોદ જિલ્લામાં 2.5 મેગ્નિટ્યુડનો હળવો ભૂકંપ નોંધાયો હતો. તેનું કેન્દ્ર દાહોદથી અંદાજે 34 કિમી પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં અને જમીનથી લગભગ 17 કિમી ઊંડાઈએ હતું. તીવ્રતા ઓછી હોવાથી ઘણા લોકોને તેનો અહેસાસ પણ થયો નહોતો.

વિશેષજ્ઞોના મત મુજબ, ગુજરાત ખાસ કરીને કચ્છ વિસ્તાર ટેકટોનિક ગતિવિધિઓને કારણે સક્રિય રહે છે.

# સગીરા પર દુષ્કર્મ આચરનાર જયદીપ લુણાશિયાને 20 વર્ષ સખત કેદની સજા

**જામનગર**

જામનગર શહેરના સિટી 'સી' ડિવિઝન પોલીસ મથકની હદમાં સગીરા પર દુષ્કર્મ આચરવાના ગુનામાં નામદાર પોક્સો કોર્ટ દ્વારા કડક વલણ અપનાવતા આરોપીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. પોક્સો કોર્ટ દ્વારા પુરાવાઓ અને સરકારી વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી આ મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. જામનગરના સિટી 'સી' ડિવિઝન વિસ્તારમાં સગીરા પર અત્યાચાર ગુજારવાની ઘટના બની હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપી જયદીપ લુણાશિયાની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા આ કેસમાં પૂરતા પુરાવાઓ એકત્ર કરી નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવી હતી અને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસ જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા ઉપર આવતા, સરકારી વકીલ દ્વારા પીડિતાના પક્ષમાં મજબૂત દલીલો કરવામાં આવી હતી. સમાજમાં દાખલો બેસે અને માસૂમ બાળકીઓ સુરક્ષિત રહે તે હેતુથી કડક સજાની માંગણી કરવામાં આવી હતી.આ ઉપરાંત, કોર્ટ દ્વારા પીડિતાને થયેલા શારીરિક અને માનસિક આઘાતના વળતર રૂપે આરોપી દ્વારા રૂપિયા 4 લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે. જામનગર પોલીસની ત્વરિત તપાસ અને ન્યાયતંત્રના આ કડક નિર્ણયને પગલે ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ભેભામાં પતિએ પત્નીની કુહાડીથી હત્યા કરી: ત્રણ સંતાન થયા મા વિહોણા

**અમદાવાદ**

ઊના તાલુકાના ભેભા ગામમાં પતિએ ઘરકંકાસમાં પત્નીની હત્યા કરી નાખી હતી. ગામમાં માછીમારી કરતા દેવસી બાંભણીયા અને મજૂરી કરતી લખુબેન બાંભણીયા ત્રણ સંતાન સાથે રહેતા હતા. પતિ-પત્ની વચ્ચે ઘણીવાર ઝઘડા થતા હતા. ગુરુવારે લખુબેન રસોઈ બનાવી રહ્યા હતા અને મોબાઈલ પર ભાઈ સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન કોઈક વાતે દેવસી સાથે તેમનો ઝઘડો થયો હતો અને ઝઘડો ઉગ્ર બનતા દેવસીએ ઘરમાં પડેલી કુહાડી ઉપાડી લખુબેન પર ઝીંકી દીધી હતી. ત્યારબાદ તેણે સાળાને કહ્યું હતું કે પોતે તેની બેન પર કુહાડી ઝંકી દીધી છે. લખુબેનને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ અહીં તેમને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. પોલીસની ટીમે દેવસીની ધરપકડ કરી હતી.

# અલી ખામેનેઈના સમર્થનમાં મેહબૂબા મુફ્તીએ શ્રીનગરમાં નેતન્યાહુ-ટ્રમ્પનાં પોસ્ટરો સળગાવ્યાં

## કાશ્મીરમાં સાતમી સુધી શાળા અને કોલેજો બંધઃ સુરક્ષા દળો હાઈ એલર્ટ પર

**જમ્મુ કાશ્મીર**

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) નાં વડાં મેહબૂબા મુફ્તીએ ગઈ કાલે શ્રીનગરમાં વિરોધ-પ્રદર્શન કર્યું હતું જેમાં ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઇઝરાયલી લશ્કરી કાર્યવાહી અને ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લા અલી ખામેનેઈની હત્યા અંગે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અમેરિકન પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પનાં પોસ્ટરો સળગાવ્યાં હતાં. મેહબૂબા મુફ્તીની પાર્ટીના સમર્થકોએ ખામેનેઈનાં પોસ્ટરો



લઈને પ્રદર્શન દરમ્યાન અમેરિકા અને ઇઝરાયલ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. સમગ્ર કાશ્મીર ખીણમાં ૭ માર્ચ સુધી તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. કાશ્મીરના શિયા બહુલ વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે ભારે દેખાવોના કારણે સ્થિતિ તણાવપૂર્ણ બની છે. મેહબૂબા મુફ્તીએ વિરોધનો એક વિડિયો સોશ્યલ મીડિયામાં શૅર કર્યો હતો, જેમાં તેમણે લખ્યું હતું કે હું તમારી સાથે શાંતિથી ઊભા રહેલા લોકો સાથે શાંતિથી ઊભી છું અને જે લોકો તમારો વિરોધ કરે છે તેમના વિરોધમાં ન્યાયના દિવસ સુધી ઊભી રહીશ. આ પોસ્ટમાં પોસ્ટરો સળગાવવામાં આવી રહ્યાં હોવાનાં દૃશ્યો પણ મૂકવામાં આવ્યાં હતાં.

# ભારતીય ધ્વજ ધરાવતાં 37 જહાજો અને 1109 ખલાસીઓ અટવાયાં

## બ્રિટનના એશમોલિયન મ્યુઝિયમે કાંસ્ય પ્રતિમા ભારતને સોંપી

**નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધને પગલે ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દેતાં ઈરાન, ઓમાન તથા તેને સંલગ્ન આસપાસના અન્ય દરિયાઈ વિસ્તારોમાં ભારતીય ધ્વજ ધરાવતાં 37 જહાજો અને 1,109થી વધુ ખલાસીઓ મધદરિયે અટવાઈ પડ્યાં છે. મધદરિયે અટવાઈ પડેલાં આ જહાજો પૈકીના કેટલાંક ક્રૂડ ઓઈલ તથા એલએનજી લઈ ભારતના બંદરો તરફ આવી રહ્યાં છે. જ્યારે અન્ય જહાજો અખાતી દેશોમાંથી અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનો લઈ ભારત આવી રહ્યાં છે. આ અંગે માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ તમામ શિપિંગ કંપનીઓના સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાલમાં ચાલી રહેલી લડાઈમાં અત્યાર સુધીમાં વિદેશી જહાજમાં કામ કરતાં ત્રણ ભારતીયોના મોત નિપજ્યાં છે. શિપિંગ ક્ષેત્ર સંકળાયેલ વિવિધ વિભાગો વચ્ચે ત્વરીત સંકલન માટે શિપિંગ મંત્રાલય દ્વારા ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરાઈ છે.

# ખામેનેઈના મૃત્યુ પર ભારતે શોક વ્યક્ત કર્યો, વિદેશ સચિવ ઈરાન એમ્બેસી પહોંચ્યા

**નવી દિલ્હી**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર ખામેનેઈના નિધન પર ભારતે શોક વ્યક્ત કર્યો હતો. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તિકા પર હસ્તાક્ષર પણ કર્યા હતા. ભારત સરકાર વતી તેમણે તાજેતરની ઘટનાઓ પર ઈરાન પ્રત્યે સંવેદના અને એકજૂથતા વ્યક્ત કરી હતી. ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના નિધન પર ભારત સરકારે સત્તાવાર રીતે દુઃખ પ્રકટ કર્યું છે.

ખામેનેઇના નિધન બાદ મધ્ય-પૂર્વના દેશો સહિત સમગ્ર વિશ્વમાં



ભારે હલચલ મચી ગઈ છે. ભારતે આ કપરા સમયમાં ઈરાન પ્રત્યે પોતાની સહાનુભૂતિ દર્શાવી છે. વિદેશ સચિવના આ હસ્તાક્ષર બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો અને આંતરરાષ્ટ્રીય શિષ્ટાચારને દર્શાવે છે.

# મહારાષ્ટ્રમાં ધો. 5-6ના બાળકો સાથે અકુદરતી સેક્સ કરતાં ધોરણ 10ના વિદ્યાર્થીઓ પકડાયા

## સિનિયર વિદ્યાર્થીઓ રેગિંગના બહાને 6-7 મહિનાથી અત્યાચાર ગુજારતા હતા

**નાસિક**

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાંથી માનવતાને શરમાવે તેવી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. અહીં એક સરકારી હોસ્ટેલમાં ધોરણ 10માં ભણતા વિદ્યાર્થીઓ પર તેમનાથી નાની ઉંમરના બાળકો સાથે રેગિંગના નામે 'અપ્રાકૃતિક સેક્સ' (સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય) કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસે આ મામલે સગીર આરોપીઓ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નાશિક જિલ્લાની એક સરકારી હોસ્ટેલમાં, જ્યાં 60 વિદ્યાર્થીઓની ક્ષમતા છે અને હાલ 48 વિદ્યાર્થીઓ રહી રહ્યા છે. ધોરણ 10માં ભણતા સિનિયર વિદ્યાર્થીઓ, ધોરણ 5 અને 6માં ભણતા માસૂમ બાળકો પર રેગિંગના બહાને છેલ્લા 6-7 મહિનાથી અત્યાચાર ગુજારતો હતો. ભોગ બનનાર બાળકોએ હિંમત એકઠી કરી 22 ફેબ્રુઆરીએ હોસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટને આ અંગે જાણ કરી હતી.

રિપોર્ટ અનુસાર, જ્યારે આ ઘટના હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટના ધ્યાન પર આવી, ત્યારે તેમણે પોલીસને જાણ કરવાને બદલે આરોપી વિદ્યાર્થીઓના વાલીઓને બોલાવી તેમને ઘરે લઈ જવા કહ્યું હતું. આ મામલે જ્યારે એક પીડિત બાળકના વાલીએ હિંમત દાખવી મંગળવારે પોલીસ ફરિયાદ નોંધાવી, ત્યારે સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

# હવાઈ મુસાફરી પર મિડલ ઈસ્ટના યુદ્ધનું ગ્રહણ ભારતમાં 180 ફ્લાઈટ્સ રદ, મુસાફરો મુશ્કેલીમાં

## ભારતના શહેરોમાં ફ્લાઇટ્સનું ભારણ, મુંબઈ એરપોર્ટથી વધુ ફ્લાઈટ રદ કરાઈ

**નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષની સીધી અસર હવે વૈશ્વિક હવાઈ મુસાફરી પર જોવા મળી રહી છે. અનેક દેશોએ પોતાના એરસ્પેસ (હવાઈ માર્ગો) બંધ કરી દેતા ભારત સહિત દુનિયાભરમાં ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે હજારો મુસાફરો અટવાયા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને એરસ્પેસ પ્રતિબંધોને કારણે 4 માર્ચના રોજ ભારતના મુખ્ય એરપોર્ટ્સ પરથી આશરે 180 ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

મુંબઈ એરપોર્ટથી સૌથી વધુ 93 ફ્લાઈટ્સ રદ થઈ (48 ડિપાર્ચર અને 45 અરાઈવલ) કરાઈ, દિલ્હી એરપોર્ટ: કુલ 52 ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ. બેંગલુરુ અને કોલકાતાથી અનુક્રમે 34 અને 5 થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ઈન્ડિગો એરલાઈન્સે જણાવ્યું છે કે 28 ફેબ્રુઆરીથી 3 માર્ચ વચ્ચે તેમની 500થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે.

એર ઈન્ડિયાએ મધ્ય પૂર્વના મોટાભાગના રૂટ્સ પરની ફ્લાઈટ્સ 5 માર્ચ 2026ની રાત્રે 11:59 વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે. જોકે, ફસાયેલા મુસાફરોને પાછા લાવવા માટે એર ઈન્ડિયા દ્વારા મુંબઈ-દુબઈ-દિલ્હી રૂટ પર મોટા B777 વિમાન સાથે વધારાની ફ્લાઈટ ચલાવવાની યોજના છે. આ ઉપરાંત જેદ્દાહ માટેની કેટલીક ફ્લાઈટ્સ 5 માર્ચથી ફરી શરૂ કરવામાં આવશે.

# હરિયાણામાં ખાપ પંચાયતોનો નિર્ણય લગ્નો દિવસે થશે, ખોટા ખર્ચા બંધ થશે

## સામાજિક સુરક્ષા મજબૂત બનાવવા માટે નિર્ણય લેવાયો

**હરિયાણા**

હરિયાણાની ખાપ પંચાયતોએ સામાજિક સુધારા તરફ એક મોટું પગલું લેતાં લગ્નો રાત્રે યોજવાને બદલે દિવસના સમયમાં યોજવાનો નિર્ણય લીધો છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ લગ્નોમાં વધી રહેલા ખોટા ખર્ચા રોકવાનો અને સામાજિક સુરક્ષા મજબૂત બનાવવાનો છે. તાજેતરમાં સીસાણા ગામમાં વિવિધ ખાપની મહાપંચાયત યોજાઈ હતી જેમાં વિવિધ ખાપના વડાઓ અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને સામાજિક સંવાદિતા અને સુધારા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ પંચાયતમાં લગ્નોમાં વધતા ખર્ચ, બિનજરૂરી દેખાડો અને રાત્રિના કાર્યક્રમો સાથે સંકળાયેલી સમસ્યાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઘણી ચર્ચા પછી સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે ભવિષ્યમાં બધા ખાપ વડાઓ અને પ્રતિનિધિઓ રાત્રે નહીં પણ દિવસે તેમનાં કૌટુંબિક લગ્નો કરશે. દિવસ દરમ્યાન લગ્નો યોજવાથી બિનજરૂરી ખર્ચાઓ ટાળવામાં આવશે, સુરક્ષાની ચિંતા ઓછી થશે અને વૃદ્ધો અને મહિલાઓને સુવિધા મળશે.

# ભારતે બનાવ્યું દુનિયાનું સૌથી 'સ્માર્ટ' આત્મઘાતી ડ્રોન

**નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે, ભારતે પણ આધુનિક ડ્રોન યુદ્ધના મેદાનમાં પોતાની સૌથી ઘાતક ચાલ ચાલી છે. બેંગલુરુના ડિફેન્સ સ્ટાર્ટઅપ ન્યૂસ્પેસ રિસર્ચ ટેક્નોલોજીસએ 'શેષનાગ-150' ડ્રોન વિકસાવ્યું છે, જે દુશ્મનના એર ડિફેન્સને પળવારમાં ભંગાર બનાવી શકે છે. આ માત્ર એક મશીન નથી, પરંતુ ભારતનું એવું સ્વદેશી 'સુદર્શન ચક્ર' છે જે 1000 કિમીની રેન્જમાં સચોટ હુમલો કરવા સક્ષમ છે. આ ડ્રોન સતત 5 કલાક સુધી ઉડી શકે છે અને 40 કિલોગ્રામ વિસ્ફોટકો લઈ જઈ શકે છે. તેનો સૌથી મહત્વપૂર્ણ ફાયદો એ છે કે તે GPS વિના પણ વિઝ્યુઅલ નેવિગેશનનો ઉપયોગ કરીને દુશ્મન બંકરો અને લશ્કરી થાણાઓનો નાશ કરી શકે છે.

# પુરવઠા-સંકટને પહોંચી વળવા માટે રશિયા 9.5 મિલ્યન બેરલ ઓઈલ ભારત મોકલશે

## ઍર ફ્રોર્સને S-400 સિસ્ટમ ખરીદવા માટે સંરક્ષણ બોર્ડની મંજૂરી મળી

**નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં યુદ્ધના વાતાવરણના પગલે ભારતમાં તેલના પુરવઠામાં અવરોધોને દૂર કરવા માટે રશિયામાંથી પુરવઠા માટે બહાર નીકળેલું અને હાલમાં ભારતીય દરિયાની સીમામાં રહેલું આશરે ૯.૫ મિલ્યન તેલ રશિયા ભારત તરફ વાળવા તૈયાર છે. ભારતીય પાણીની નજીક રશિયન જહાજોમાં લગભગ ૯.૫ મિલ્યન બૅરલ રશિયન ક્રૂડ તેલ છે અને એ અઠવાડિયામાં ભારત આવી શકે છે એમ આ સંદર્ભમાં જાણકારી ધરાવતા એક સૂત્રએ જણાવ્યું હતું. બિનરશિયન કાફલાના કાર્ગોને મૂળ રીતે ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો એ જણાવવાનો આ સૂત્રએ ઇનકાર કર્યો હતો, પરંતુ કહ્યું હતું કે તેઓ અઠવાડિયામાં આ તેલપુરવઠો ભારત પહોંચાડી શકે છે જેનાથી રિફાઇનર્સને ઝડપી રાહત મળશે.

બીજી તરફ ઈન્ડિયન એર ફોર્સ (IAF)ને રશિયા પાસેથી પાંચ S-400 એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે સંરક્ષણ બોર્ડની મંજૂરી મળી છે. ઑપરેશન સિંદૂર દરમ્યાન S-400 સિસ્ટમે પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. ભારત પાસે હાલમાં ૩ S-400 સિસ્ટમ્સ છે અને આ વર્ષે ભારતીય સશસ્ત્ર દળોમાં અન્ય બે સિસ્ટમ્સનો સમાવેશ થવાની અપેક્ષા છે.

# ભારત સહિત અનેકના શીપ ત્યાં અટકી પડ્યા છતાં PM મોદી ચૂપ: રાહુલ ગાંધી

**નવી દિલ્હી**

યુદ્ધ બાદ ઈરાને સૌથી વ્યસ્ત વેપારી જળમાર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'માંથી કોઈપણ શીપના આવન-જાવન પર પ્રતિબંધ લગાવી દીધો છે, જેના કારણે ભારત સહિત વિશ્વભરના અનેક શીપ ત્યાં અટકી પડ્યા છે. આ યુદ્ધના કારણે ભારતની મુશ્કેલી વધવા મામલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટમાં લખ્યું છે કે, 'વિશ્વ એક અસ્થિર સમયમાંથી પ્રવેશી ગયું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે ભારત સહિતના અનેક શીપ ત્યાં અટકી પડ્યા છતાં પીએમ મોદી ચૂપ છે.

# નીતિશનું સીએમ પદેથી રાજીનામું : જેડીયુ ઓફિસમા તોડફોડ

## સંજય કુમાર સાથે કાર્યકરો દ્વારા ધક્કામુક્કી, નીતીશના વાહનો અટકાવાયા, પાર્ટીને નબળી પાડવા પ્રયાસ થયાનો આરોપ

**પટના**

બિહારની રાજધાની પટનામાં ગુરુવારે રાજકીય માહોલ ખૂબ જ ગરમાઈ ગયો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજ્યસભામાં જઈ શકે છે અને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી શકે છે તેવી અફવાઓ વચ્ચે જનતા દળ (યુનાઈટેડ) એટલે કે જેડીયુના કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ ગુસ્સો એટલો વધી ગયો કે કાર્યકરો સીધા પાર્ટી ઓફિસ પહોંચ્યા અને ત્યાં ભારે હંગામો મચાવ્યો હતો.

પટનાના વીરચંદ પટેલ પથ પર આવેલા JDUના રાજ્ય કાર્યાલયમાં સેકડો કાર્યકરો એકત્ર થયા હતા. બપોરે લગભગ 12 વાગ્યાથી કાર્યકરો પાર્ટી ઓફિસની બહાર અને અંદર ભેગા થયા અને જોરદાર સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. કાર્યકરો "નીતિશ કુમાર બિહારના છે, અમે તેમને ક્યાંય જવા દઈશું નહીં" અને "અમે જીવ આપીશું પરંતુ નીતિશજીને બિહાર છોડવા નહીં દઈએ" જેવા નારા લગાવતા હતા.

કાર્યકરોનો ગુસ્સો ખાસ કરીને પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓ પર હતો. તેઓએ કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહ, કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા અને મંત્રી વિજય ચૌધરી વિરુદ્ધ સૂત્રોચ્ચાર



કર્યા હતા. કાર્યકરોનો આરોપ હતો કે આ નેતાઓ ભાજપ સાથે મળીને પાર્ટીને નબળી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. હંગામા દરમિયાન વિધાન પરિષદના સભ્ય સંજય કુમાર, જેમને ગાંધીજી તરીકે ઓળખવામાં આવે છે, તેમના સાથે પણ ધક્કામુક્કી થઈ હતી. તેઓ પોતાની કારમાંથી ઉતરીને કોઈક રીતે પાર્ટી ઓફિસમાં પ્રવેશી શક્યા હતા.

આ દરમિયાન જેડીયુના પ્રદેશ અધ્યક્ષ ઉમેશ કુશવાહા પણ કાર્યાલય પહોંચ્યા હતા. જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે કેટલાક કાર્યકરો તેમની કારની સામે સૂઈ ગયા હતા. સુરક્ષા કર્મચારીઓએ ભારે મુશ્કેલી બાદ તેમને ઓફિસની અંદર લઈ ગયા હતા. ઉમેશ કુશવાહાએ કાર્યકરોને સમજાવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે મુખ્યમંત્રીને કાર્યકરોની લાગણીઓ વિશે જાણ કરવામાં આવશે. તેમણે વધુમાં સ્પષ્ટ કર્યું કે નીતિશ કુમારે હજુ સુધી મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું નથી અને કાર્યકરોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. બીજી તરફ મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર પણ ભારે વિરોધ જોવા મળ્યો હતો. સવારે લગભગ 10 વાગ્યાથી JDUના કાર્યકરો ત્યાં એકત્ર થવા લાગ્યા હતા. ઘણા કાર્યકરો ભાવુક બની ગયા હતા અને આંસુઓ સાથે વિરોધ કરતા હતા. કેટલાક કાર્યકરોએ ત્યાં આવેલા નેતાઓના વાહનોને પણ રોકી દીધા હતા. એક સમયે ભાજપના નેતા અને પશુપાલન મંત્રી મહેતાની કારને પણ કાર્યકરોએ ઘેરી લીધી હતી અને કાર પર મુક્કા માર્યા હતા.

## ભાજપે રાજ્યસભા માટે વધુ ચાર ઉમેદવાર જાહેર કર્યા

ભાજપ દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, મહારાષ્ટ્રના દિગ્ગજ નેતાઓ અને સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. આ યાદીમાં કેન્દ્રીય મંત્રી અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (RPI) ના પ્રમુખ રામદાસ આઠવલે, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે, રામરાવ વડકુતે અને માયા ચિંતામણ ઈવનાતે ના નામ સામેલ છે. અગાઉ ભાજપે છ રાજ્યો માટે નવ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી, બીજી યાદીમાં સૌથી મહત્વનું નામ કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેનું છે, જેમને ભાજપે ફરી એકવાર રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય કર્યો છે. બીજી તરફ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે પ્રથમ વખત ઉચ્ચ સદન એટલે કે રાજ્યસભામાં પ્રવેશ કરશે. વિનોદ તાવડે સંગઠનમાં મજબૂત પકડ ધરાવે છે અને મહારાષ્ટ્રના રાજકારણમાં મોટું નામ છે. આ ઉપરાંત રામરાવ વડકુતે અને માયા ચિંતામણ ઈવનાતેને ટિકિટ આપીને ભાજપે વિવિધ વર્ગોને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ કર્યો છે.

## આસામ ચૂંટણી માટે કોંગ્રેસે 42 ઉમેદવારોની યાદી કરી જાહેર

આસામ વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે પોતાની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ 126 સભ્યોની વિધાનસભા માટે 42 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ચૂંટણી એપ્રિલમાં થવાની શક્યતા છે. કોંગ્રેસે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા તે પહેલા જ ઉમેદવારોની જાહેરાત કરીને અલગ જ ચીલો ચાતર્યો છે. કોંગ્રેસે પ્રદેશ પ્રમુખ ગૌરવ ગોગોઈને જોરહાટ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. આસામ વિધાનસભામાં કોંગ્રેસ વિધાયક દળના નેતા દેવવ્રત સૈકિયાને નઝીરા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે. પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રિપુન બોરાને બરછલ્લા બેઠક પરથી ઉમેદવાર બનાવાયા છે. પાર્ટીએ સંગઠન અને અનુભવી નેતાઓને પ્રાથમિકતા આપવાની રણનીતિ અપનાવી છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીએ જાહેર કરેલા ઉમેદવારોની યાદી મુજબ અબ્દુસ સોબહાન અલી સરકારને ગૌરીપુર, માર્કલાઈન મારકને ગોલપાડા પશ્ચિમ (ST અનામત), ગિરીશ બરુઆને બોંગાઈગાંવ અને મહાનંદ સરકારને બરપેટા (SC અનામત) થી ટિકિટ મળી છે.

## કોંગ્રેસે રાજ્યસભા ચૂંટણી માટે 6 ઉમેદવાર જાહેર કર્યા

રાજ્યસભાની આગામી ચૂંટણીઓને લઈને કોંગ્રેસે મોટી જાહેરાત કરી છે. દેશના 10 રાજ્યોની 37 બેઠકો માટે નામાંકન ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા 6 મહત્વના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની મંજૂરી બાદ આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને ગાંધી પરિવારના નજીકના ગણાતા અભિષેક મનુ સિંઘવીને તેલંગાણાથી ફરી રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય કર્યો છે. તેમની સાથે તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના વિશ્વાસુ અને પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ વેમ નરેન્દ્ર રેડ્ડીને પણ ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

હિમાચલ પ્રદેશની મહત્વની બેઠક માટે અનુરાગ શર્માના નામ પર મહોર મારવામાં આવી છે. જ્યારે દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યમાંથી કોંગ્રેસે એમ. ક્રિસ્ટોફર તિલકને પોતાના રાજ્યસભાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. નામાંકન પ્રક્રિયાનો છેલ્લો દિવસ હોવાથી તમામ ઉમેદવારો આજે ફોર્મ ભરે તેવી શક્યતા છે.

## દિલ્હી રિઠાલાની ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ 100થી વધુ ઝૂંપડા ખાખ, 1 યુવતીનું મોત

### એક-બે ઝૂંપડામાં લાગેલી આગમાં જ્વલનશીલ સામગ્રી મળતાં આગ વધુ વિકરાળ બની

**નવી દિલ્હી**

દિલ્હીના રિઠાલા વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના બની હતી. અહીં આવેલી ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ લાગી અને થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે આસપાસના 100થી વધુ ઝૂંપડાઓ બળીને ખાખ થઈ ગયા હતા. આ ઘટનામાં એક યુવતીનું દુર્ભાગ્યપૂર્ણ મોત થયું હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.



શરૂઆતમાં આગ એક કે બે ઝૂંપડામાં લાગી હતી, પરંતુ ઝૂંપડપટ્ટીમાં લાકડું, પ્લાસ્ટિક અને અન્ય જ્વલનશીલ સામગ્રી વધુ હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ. થોડા જ સમયમાં આખા વિસ્તારમાં આગના જ્વાળા દેખાવા લાગ્યા હતા. માહિતી મળતા જ દિલ્હી હાયર સર્વિસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ પર કાબૂ મેળવવા માટે લગભગ 15થી વધુ ફાયર એન્જિન તાત્કાલિક મોકલવામાં આવ્યા હતા. ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે આગ એટલી વિકરાળ હતી કે તેને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવા માટે લગભગ છ કલાકનો સમય લાગ્યો હતો.

## પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આનંદ બોઝે રાજીનામું આપતાં દિલ્હી સુધી ખળભળાટ

### રાજ્યપાલના રાજીનામાથી મને આઘાત લાગ્યો : મમતા બેનર્જી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપીને રાજ્યનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીને ચોંકાવ્યા છે. રાજીનામું આપ્યા પછી સીવી આનંદ બોઝએ દિલ્હી રવાના થયા છે. પશ્ચિમ બંગાળમાં 3.5 વર્ષથી રાજ્યપાલ તરીકે હતા તથા રાજીનામું આપ્યા પછી કહ્યું કે મેં રાજભવનમાં પૂરતો સમય પસાર વીતાવ્યો છે.

એપ્રિલ-મે મહિનામાં સંભવિત પશ્ચિમ બંગાળની ચૂંટણી પૂર્વે અચાનક રાજીનામું આપવાને કારણે કોલકાતાથી લઈ દિલ્હી સુધી ખળભળાટ મચી ગયો છે. સીવી આનંદ બોઝ કેરળના કોટ્ટાયમના છે, જ્યારે તેમના પિતાજી સ્વતંત્રતા સેનાની પીકી વાસુદેવ નાયર હતા. તેઓ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના અનુયાયી હતા, તેથી તેમના નામ પાછળ બોઝ જોડવામાં આવ્યું હતું.

મમતા બેનરજીએ પોસ્ટ લખીને લખ્યું હતું કે રાજ્યપાલના રાજીનામાથી મને આઘાત લાગ્યો છે. રાજીનામું આપવા પાછળનું નક્કર કારણ ખબર નથી.

## 'ફાંસી ઘર' વિવાદમાં વિધાનસભાની સમિતિ સમક્ષ કેજરીવાલ હાજર થશે

**ઈટાનગર**

આમ આદમી પાર્ટી (AAP)ના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે 'ફાંસી ઘર' વિવાદમાં 6 માર્ચે દિલ્હી વિધાનસભાની વિશેષાધિકાર સમિતિ સમક્ષ હાજર રહેવાની મંગળવારે જાહેરાત કરી હતી. તેમણે પારદર્શકતા માટે આ કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાની પણ માગણી કરી હતી. અગાઉ વિશેષાધિકાર સમિતિએ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને ફાંસી ઘર મુદ્દા સાથે જોડાયેલા દાવાઓની સચ્ચાઈ અંગેના પ્રશ્નોનો સામનો કરવા 6 માર્ચે તેની સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો હતો. કેજરીવાલે X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે દિલ્હી પ્રદૂષણથી ઝઝૂમી રહી છે. રસ્તાઓ તૂટેલા છે. તમામ જગ્યાએ કચરાના ઢગલા છે. હોસ્પિટલોમાં દવાઓ ખતમ થઈ ગઈ છે.

## ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનની ટ્રાયલ સફળ, 80 કિમીની ઝડપે દોડી

### હાઇડ્રોજન ટ્રેનો સસ્તી હશે, પ્રવાસીઓ પર ખર્ચનો બોજ નહીં વધે

**નવી દિલ્હી**

ભારતે રેલવે ક્ષેત્રમાં ઇતિહાસ રચ્યો છે, હરિયાણાના જિન્દથી દેશની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનની સફળતાપૂર્વક ટ્રાયલ કરવામાં આવી, આઠ ડબા સાથે આ ટ્રેન ૭૦થી ૮૦ કિમીની ઝડપે દોડી હતી. આશરે ૨૦ કિમી સુધી આ ટ્રેનને દોડાવીને તેની ટ્રાયલ કરવામાં આવી હતી, આગામી દિવસોમાં પણ આ જ પ્રકારનું પરિક્ષણ યથાવત રાખવામાં આવશે. ટ્રાયલ પૂર્ણ થઈ ગયા બાદ આમ નાગરિકો માટે તેને સામાન્ય ટ્રેનોની સાથે




જ દોડાવવામાં આવશે. હરિયાણાના જિન્દમાં હાઇડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેને પગલે આ વિસ્તારથી હાઇડ્રોજન ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે જે આગામી દિવસોમાં હાઇડ્રોજન ટ્રેનો માટે દેશનું મુખ્ય કેન્દ્ર સ્થાન બની રહેશે.

## LOC પર ડ્રોન-શંકાસ્પદ ગતિવિધિઓમાં ઉછાળો થતાં સેના દ્વારા સર્વેલન્સમાં વધારો

**નવી દિલ્હી**

ખાડીના દેશોમાં ચાલી રહેલા ધમાસાણ યુદ્ધ વચ્ચે પણ પાકિસ્તાન અવળચંડાઈ કરવાનું છોડી શકતું નથી. પાકિસ્તાને એલઓસી નજીક એરક્રાફ્ટ જેવા દેખાતા ફુગ્ગા અને ડ્રોન છોડવાનું શરૂ કર્યું છે. તણાવના સમયે આ પ્રકારના બનાવોમાં વધારો થતાં ભારતીય સેનાએ એલઓસી પર સર્વેલન્સ વધારે સઘન કરી દીધું છે.

જમ્મુ-કાશ્મીર પોલીસને મળેલા ફુગ્ગાઓ પર પાકિસ્તાન ઈન્ટરનેશન એરલાઈન્સ અંકિત થયેલું જોવા મળતું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, ફુગ્ગાઓ પર કોઈ ઈલેક્ટ્રોનિક ડીવાઈસ મળી આવી ન હતી, પરંતુ આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

## રવિવારે અમદાવાદમાં ભારત - ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઇનલ

# ઈંગ્લેન્ડને સાત રને હરાવી ભારત ચોથીવાર ફાઈનલમાં

### ભારતે ટી-૨૦ વર્લ્ડકપ નોકઆઉટ મેચનો સૌથી મોટો સ્કોર પણ નોંધાવ્યો, સેમસન (૮૯)ની સતત બીજી અર્ધસદી



મુંબઈ : ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલ ભારત અને ન્યુઝિલેન્ડ વચ્ચે આગામી રવિવારે અમદાવાદમાં રમાશે. મુંબઈ ખાતે રમાયેલી બીજી સેમિફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને સાત રને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારત ચોથીવાર ફાઈનલમાં પ્રવેશ્યું છે. આ પહેલાં ભારત ૨૦૦૭, ૨૦૧૪ અને ૨૦૨૪માં ફાઈનલમાં પહોંચ્યું હતું. ભારત સૌથી વધુ ચોથીવાર ફાઈનલમાં પ્રવેશ્યું છે. ઈંગ્લેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા ત્રણ ત્રણવાર ફાઈનલમાં પ્રવેશ્યા છે. સેમિફાઈનલમાં ટીમ ઈન્ડિયાના ઓપનર સંજૂ સેમસન અને ઈશાન કિશને કરેલી આક્રમક બેટિંગના જોરે, ભારતે ઈંગ્લેન્ડ સામે જીત માટે ૨૫૪ રનનું કપરું લક્ષ્યાંક ખડક્યું છે. સંજૂ સેમસન અને ઈશાન કિશને બીજી વિકેટ માટે કરેલી ૯૭ રનની આક્રમક ભાગીદારીના જોરે ભારતે સાત વિકેટના ભોગે ૨૫૩ રનનો મજબૂત સ્કોર ખડક્યો હતો. સંજૂ સેમસને વર્તમાન વર્લ્ડકપમાં સતત બીજી અર્ધસદી ફટકારી કુલ ૮૯ રન બનાવ્યા હતા અને તે વાઈડ બોલને રમવા જતા કેચઆઉટ થઈ જતા સદી ચૂક્યો હતો. ઈશાન કિશને ૧૮ બોલમાં ૩૯ રનની ઈનિંગ રમી હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં સાત વિકેટના ભોગે ૨૫૩ રન બનાવ્યા હતા. જેમાં સંજૂ સેમસનના ૪૨ બોલમાં ૮૯ રનની દમદાર ઈનિંગ હતી. ભારત વતી શિવમ દુબેએ ૪૩ રનની પ્રભાવશાળી ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડ તરફથી બેથલે ૧૦૫ રન ફટકારીને એક તબક્કે ઈંગ્લેન્ડને વિજયની નજીક મૂક્યું હતું.




## સીફર્ટ અને એલેને દક્ષિણ આફ્રિકાનું સ્વપ્ન રોળ્યું

બોલર્સ બાદ ટિમ સીફર્ટ અને ફિન એલનની શાનદાર ભાગીદારીના જોરે ન્યૂઝીલેન્ડે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. દક્ષિણ આફ્રીકાએ માર્કો યાનસેનના શાનદાર દેખાવના જોરે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૯ રન કર્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડ માટે ઓપરન સીફર્ટ અને એલેને શાનદાર બેટિંગ પ્રદર્શન કરીને જીત મેળવી હતી. કિવી ટીમે ૧૨.૫ ઓવરમાં જ એક વિકેટના ભોગે ૧૭૩ રન બનાવીને મેચ પોતાના નામે કરી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમ આ પહેલા ૨૦૨૧ના ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશી હતી. જ્યાં તેનો પરાજય થયો હતો.

## ફિન એલને અનેક રેકોર્ડ નોંધાવ્યા

ફિન એલને આ ઈનિંગ દરમિયાન અનેક મોટા રેકોર્ડ્સ પોતાના નામે કર્યા છે. તે હવે ટી20 વિશ્વકપના ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી ક્રિસ ગેલનો 47 બોલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ટી20માં તે સંયુક્ત રીતે ત્રીજી સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બન્યો છે. સેમીફાઈનલ જેવા હાઈ-વોલ્ટેજ નોકઆઉટ મુકાબલામાં 100 રનનો અણનમ સ્કોર બનાવીને તેણે શ્રીલંકાના તિલકરત્ને દિલશાનના 96 રનના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે.




## સંજૂ સેમસનની આક્રમક બેટિંગ

ભારત તરફથી ઓપનિંગમાં આવેલા સંજુ સેમસને આક્રમક બેટિંગ કરતા માત્ર 42 બોલમાં 8 ફોર અને 7 સિક્સની મદદથી સૌથી વધુ 89 રન ફટકાર્યા હતા. અભિષેક શર્માએ 7 બોલમાં 2 ફોર સાથે 9 રન બનાવ્યા, જ્યારે ઈશાન કિશને 18 બોલમાં 4 ફોર અને 2 સિક્સના સહારે 39 રનનું યોગદાન આપ્યું હતું. શિવમ દુબેએ 25 બોલમાં 1 ફોર અને 4 સિક્સ ફટકારી 43 રન બનાવ્યા અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે 6 બોલમાં 1 સિક્સ સાથે 11 રન કર્યા હતા. મધ્યક્રમમાં હાર્દિક પંડ્યાએ 12 બોલમાં 3 ફોર અને 2 સિક્સની મદદથી 27 રન તથા તિલક વર્માએ માત્ર 7 બોલમાં 3 સિક્સ સાથે 21 રન ફટકારી સ્કોરને મજબૂતી આપી હતી.

# પાકિસ્તાની ખેલાડીએ શ્રીલંકામાં મહિલા સ્ટાફ સાથે કર્યો દુર્વ્યવહાર, ટીમ મેનેજરે માંગવી પડી માફી

**કોલંબો**

ટી20 વર્લ્ડ કપમાં કંગાળ પ્રદર્શન કરીને બહાર ફેંકાયેલી પાકિસ્તાન ક્રિકેટ ટીમની પ્રતિષ્ઠાને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. એક અહેવાલ મુજબ, શ્રીલંકાના કેન્ડીમાં રમાયેલી સુપર-8 મેચ દરમિયાન પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ હોટલના મહિલા હાઉસકીપીંગ સ્ટાફ સાથે ખરાબ વર્તન કર્યું હતું. આ ઘટના બાદ ટીમ મેનેજરે ખેલાડીને દંડ પણ ફટકાર્યો છે.

ટેલિકોમ એશિયા સ્પોર્ટના રિપોર્ટ અનુસાર, આ ઘટના પાકિસ્તાન અને યજમાન શ્રીલંકા વચ્ચેની છેલ્લી સુપર-8 મેચ પહેલા બની હતી. 'ગોલ્ડન ક્રાઉન હોટલ'માં રોકાયેલા પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ મહિલા સ્ટાફ સાથે અભદ્ર વર્તન કર્યું હતું. જ્યારે ખેલાડીએ ગેરવર્તન કર્યું ત્યારે મહિલા સ્ટાફે મદદ માટે બૂમો પાડી હતી. હોટલના અન્ય સ્ટાફના સભ્યો તરત જ ત્યાં પહોંચી ગયા હતા અને મહિલાને બચાવી હતી.

હોટલનું મેનેજમેન્ટ આ બાબતે કડક કાર્યવાહી કરવા માંગતું હતું, પરંતુ પાકિસ્તાની ટીમના મેનેજર નવેદ ચીમાએ ખેલાડી વતી માફી માંગી હતી અને ખેલાડી પર દંડ લગાવી મામલો થાળે પાડ્યો હતો. ત્યાર બાદ સમગ્ર મામલો આંશિક રીતે થાળે પડ્યો હતો.

આરોપી ખેલાડીનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તેને પાકિસ્તાન પરત ફર્યા બાદ પીસીબીની ડિસિપ્લિનરી કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે. આ ગંભીર શિસ્તભંગ બદલ તેના પર મોટો પ્રતિબંધ કે વધુ દંડ થવાની શક્યતા છે.

પાકિસ્તાની ખેલાડીઓ કે સપોર્ટ સ્ટાફ દ્વારા વિદેશી પ્રવાસ દરમિયાન ગેરવર્તન કરવાની આ પહેલી ઘટના નથી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રેપના આરોપમાં મેન્ચેસ્ટર પોલીસ દ્વારા હૈદર અલીની ધરપકડ કરવામાં આવી હતી.

# એશિયન ચેમ્પિ.ની ટીમ પસંદગીમાં પારદર્શિકતાના અભાવની ફરિયાદ

**નવી દિલ્હી**

ભારતની બે અગ્રણી મહિલા બોક્સરો, નીરજ ફોગટ અને જ્યોતિ ગુલિયાએ બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના અધિકારીઓ અને કોચ પર પસંદગી પ્રક્રિયામાં પક્ષપાત, સત્તાનો દુરુપયોગ અને પરિણામોમાં ચેડાં કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પસંદગીમાં ઓપન ટ્રાયલની જગ્યાએ નવી પદ્ધતિ અપનાવવામાં આવતા ખેલાડીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. અગાઉ ફેડરેશન દ્વારા ખેલાડીઓની પસંદગી માટે 'ઓપન સિલેક્શન ટ્રાયલ' યોજવાની પરંપરા હતી. પરંતુ, ફેડરેશને તાજેતરમાં આ પ્રથા બંધ કરીને 'પર્ફોર્મન્સ-આધારિત એસેસમેન્ટ પ્રોસેસ' રજૂ કરી છે, જેમાં અંતિમ નિર્ણય લેવાની સત્તા માત્ર ફેડરેશન અને કોચ પૂરતી સીમિત કરી દેવામાં આવી છે. નીરજ ફોગટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ હરિ રંજન રાવને પત્ર લખીને સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. તેણે પત્રમાં જણાવ્યું છે કે, કાગળ પરની માર્ગદર્શિકા મુજબ બધું યોગ્ય દેખાઈ શકે છે, પરંતુ વાસ્તવિકતામાં સ્પષ્ટ પક્ષપાત અને સત્તાનો દુરુપયોગ થઈ રહ્યો છે. નીતિઓ એવી રીતે ઘડવામાં આવી છે કે જેનો સીધો ફયદો અમુક પસંદગીના બોક્સરોને, ખાસ કરીને સર્વિસિસ ટીમના ખેલાડીઓને થાય છે.

## ભારતમાં અટવાયેલી વિન્ડીઝ ટીમ ચાર્ટર ફ્લાઈટથી પાછી જશે

**કોલકાતા**

આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપમાંથી બહાર થયા બાદથી જ વેસ્ટઈન્ડીઝ ક્રિકેટ ટીમ ભારતમાં અટવાયેલી છે. કોલકાતામાં ભારત સામેની મેચમાં પરાજય બાદ વિન્ડીઝ ટીમે સ્વદેશ પરત થવાનું હતું પરંતુ પશ્ચિમ એશિયામાં હાલ ચાલી રહેલા યુદ્ધને જોતા વિન્ડીઝ ટીમનો પ્રવાસ પ્રભાવિત થયો હતો. પાંચ દિવસથી કોલકાતામાં બેસી રહેવાને કારણે અકળાયેલા વિન્ડીઝ ટીમના કોચ ડેરેન સેમીએ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. એક સૂત્રના અનુસાર વિન્ડીઝ ટીમના તમામ ખેલાડીઓને સ્વદેશ મોકલવા માટે ચાર્ટર ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. ઝિમ્બાબ્વેની ટીમ પણ આવા જ સંકટમાં ફસાઈ હતી. જોકે, આઈસીસીના હસ્તક્ષેપ બાદ તેની રવાનગીની વ્યવસ્થા કરી દેવાઈ છે.

## રણજી ટ્રોફી વિજેતા J&K ક્રિકેટ ટીમના સભ્યો જય શાહને મળ્યા



મુંબઇ : જમ્મુ અને કાશ્મીર રણજી ટીમના સદસ્યોએ આઇસીસી ચેરમેન જય શાહની મુલાકાત લઇને પ્રદેશમાં ક્રિકેટના વિકાસમાં તેમના યોગદાનની પ્રશાસા કરી હતી. આ મીટીંગમાં ટીમની પ્રગતિ તથા ઘરેલુ ક્રિકેટમાં જમ્મુ અને કાશ્મીરના ખેલાડીઓ માટે વધતી તકો વિશે ચર્ચા થઇ હતી. આ દરમિયાન ટીમે વહીવટી સપોર્ટ અને પહેલો કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો કે જેનાથી જમ્મુ અને કાશ્મીરમાં યુવા ક્રિકેટર્સ માટે ક્રિકેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવામાં મદદ મળી છે.

## જોકોવિચે સેરેનાના ટેનિસમાં પુનરાગમનના સંકેત આપ્યા

**કેલિફોર્નિયા**

દિગ્ગજ ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચનું માનવું છે કે સેરેના વિલિયમ્સ ફરીવાર ટેનિસ રમવા માટે કોર્ટ પર પરત ફરશે. ૨૪ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ વિજેતા ખેલાડીનું કહેવું હતું કે તે સેરેના વિલિયમ્સની કોર્ટ પર પરત ફરવાની સંભાવના વિશે ખુબ જ ઉત્સાહિત છે. જોકોવિચે સેરેનાને વિશ્વના મહાનત્તમ એથલેટ્સ પૈકી એક ગણાવી હતી. જોકોવિચે ઈન્ડયન વેલ્સ માસ્ટર્સ ટૂર્નામેન્ટ ખાતે કહ્યું હતું કે મને લાગે છે કે તે (સેરેના) પરત ફરી રહી છે. જોકોવિચે કહ્યું હતું કે હું નથી જાણતો. મેં તેની સાથે વાત નથી કરી, પરંતુ મારી લાગણી છે કે તે પરત ફરી રહી છે. ક્યાં અને કઈ રીતે, સિંગલ્સમાં કે ડબલ્સમાં તેના વિશે કોઈ જાણકારી નથી અને જો હું તેની જગ્યાએ હોઉં તો હું પણ તે બધુ સંતાડું.

# અમેરિકાને સમર્થન આપનારા દેશો પર ઈરાનનો હુમલો

## દોહામાં સતત 3 બ્લાસ્ટ થયા, ડ્રોન અને મિસાઈલ હુમલાઓની ઘટનાઓ બની, મંત્રાલયે નાગરિકોને કરી અપીલ

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પહોંચ્યું છે. છેલ્લા પાંચ દિવસમાં 1100થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સંઘર્ષની આગ હવે હિંદ મહાસાગર સુધી ફેલાઈ ગઈ છે. ઈરાનના યુદ્ધનો દાયરો વધતો જ જઇ રહ્યો છે. ઈરાને હવે અઝરબૈઝાન પર ડ્રોન્સ વડે એટેક કર્યો છે. રિપોર્ટ અનુસાર અઝરબૈઝાનમાં નખચિવન એરપોર્ટ પર ડ્રોન્સ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં સામાન્ય નાગરિકો પણ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. જ્યારે બીજી બાજુ કતારની રાજધાની દોહામાં પણ મોટા ધડાકાના અવાજ સંભળાયા હતા. અહીં પણ ડ્રોન અને મિસાઈલ દ્વારા એટેકની માહિતી સામે આવી રહી છે.

મિડલ ઈસ્ટ(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા પણ સક્રિય થયું છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે જાહેરાત કરી છે કે તેમનો દેશ મધ્ય પૂર્વમાં સૈન્ય સંસાધનો મોકલી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ઓસ્ટ્રેલિયન "સૈન્ય મિલકતો" (Military Assets) મધ્ય પૂર્વ તરફ રવાના થઈ રહી છે. જોકે, સુરક્ષાના કારણોસર તેમણે કયા પ્રકારના હથિયારો કે સંસાધનો મોકલવામાં આવ્યા છે તેની વિગતવાર માહિતી આપી નથી. તેમણે આ પગલાને 'કન્ટીન્જન્સી પ્લાન' (કટોકટીની સ્થિતિ માટેની તૈયારી) ગણાવ્યો છે.

ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટર SBS ન્યૂઝના અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા દ્વારા બે સૈન્ય વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ વિમાનોનો ઉપયોગ સંભવિત રીતે નાગરિકોને બહાર કાઢવા અથવા સૈન્ય મદદ પૂરી પાડવા માટે થઈ શકે છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા જેવો મોટો દેશ જોડાતા વૈશ્વિક સ્તરે આ સંઘર્ષ વધુ વ્યાપક બનવાની આશંકા સેવાઈ રહી છે. ઓસ્ટ્રેલિયાના આ પગલાથી પ્રાદેશિક સુરક્ષા સમીકરણો પર મોટી અસર પડી શકે છે.



### ઈરાનમાં હાહાકાર, ઇન્ટરનેટ પર પ્રતિબંધ

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયનએ પાડોશી દેશોને જણાવ્યું છે કે હવે તેમની પાસે અમેરિકા અને ઈઝરાયેલના હુમલાનો કડક જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. ઈરાને પણ વળતો પ્રહાર કરતાં ઈઝરાયેલ પર અનેક મિસાઈલો દાગી છે. યુદ્ધની ગંભીરતાને જોતાં સમગ્ર ઈરાનમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ઈરાની મીડિયા મુજબ, પાંચ દિવસમાં દેશમાં 1000થી વધુ નાગરિકો માર્યા ગયા છે, જેમાં એક સ્કૂલ પર થયેલા હુમલામાં 168 બાળકોનો પણ સમાવેશ થાય છે.

### ઈઝરાયેલનો ઈરાન ઉપર 5000થી વધુ બોમ્બમારો અને લેબેનોનમાં ઘૂસણખોરી

ઈઝરાયેલની સેનાએ અત્યાર સુધીમાં ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર 5000થી વધુ ઘાતક બોમ્બ વરસાવ્યા છે, જેમાં રાજધાની તેહરાન મુખ્ય નિશાન છે. બીજી તરફ, ઈઝરાયેલી સૈનિકો લેબેનોનની સરહદમાં ઘૂસી ગયા છે અને ત્યાં જમીની ઓપરેશન શરૂ કર્યું છે. યુએન શાંતિ સેનાએ પણ લેબેનોની ગામોમાં ઈઝરાયેલી સૈનિકોની હાજરીની પુષ્ટિ કરી છે.

### બોમ્બ કરતાં 20 ગણી વધુ શક્તિશાળી છે મિસાઈલ

મધ્ય પૂર્વમાં ભીષણ જંગ ચાલુ છે ત્યારે અમેરિકાએ પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરતા 'મિનટમેન-III' નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ(ICBM)નું સફળ પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલ પરમાણુ હુમલો કરવા સક્ષમ છે અને હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બ કરતાં 20 ગણી વધુ શક્તિશાળી છે. કેલિફોર્નિયાથી કરાયેલું આ પરીક્ષણ ઈરાન માટે સીધી ચેતવણી માનવામાં આવે છે.

### USએ ત્રણ દેશોમાં દૂતાવાસ બંધ કરી દીધા

નાટો(NATO)ના એર ડિફેન્સ સિસ્ટમે તુર્કી તરફ આવતી એક ઈરાની બેલિસ્ટિક મિસાઈલને હવામાં જ તોડી પાડી છે. યુદ્ધની ગંભીરતા જોઈને ભારત સહિત અનેક દેશોએ મધ્ય પૂર્વમાંથી પોતાના નાગરિકોને બહાર કાઢવાની પ્રક્રિયા તેજ કરી દીધી છે. અમેરિકાએ ત્રણ દેશોમાં પોતાના દૂતાવાસ બંધ કરી દીધા છે. ચીને પણ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ લીધે સંરક્ષણ બજેટમાં 7%નો વધારો કરવાની જાહેરાત કરી છે.

### લેબેનોનમાં પેલેસ્ટાઇનીઓના શરણાર્થી કેમ્પ પર ઈઝરાયલનો હુમલો, 2ના મોત

લેબેનોનના હેલ્થ મિનિસ્ટ્રીના અહેવાલ અનુસાર ઈઝરાયલી સૈન્યએ ત્રિપોલીના તટીય વિસ્તારમાં પેલેસ્ટાઇનીઓના શરણાર્થી કેમ્પની ઇમારતને નિશાન બનાવી હતી. જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા. કોઈપણ પ્રકારની ચેતવણી આપ્યા વગર આ હુમલો કરવામાં આવ્યો હતો. અમેરિકી સંરક્ષણ સચિવ પીટ હેગસેથે મોટો ખુલાસો કરતાં જણાવ્યું કે, શ્રીલંકા પાસે હિંદ મહાસાગરમાં એક અમેરિકન સબમરીને ઈરાનના જંગી જહાજને ટોર્પિડો મારીને ડુબાડી દીધું છે. આ જહાજ પર 140 સૈનિકો સવાર હતા, જેમાંથી 80ના મોતની પુષ્ટિ થઈ છે. પેન્ટાગોને આ હુમલાનો ભયાનક વીડિયો પણ જારી કર્યો છે. હેગસેથે ચેતવણી આપી છે કે આ તો માત્ર શરૂઆત છે.

# ટ્રમ્પની જીત: હુમલા ચાલુ રાખવાના અધિકાર મર્યાદિત કરતાં પ્રસ્તાવને સેનેટે નકારી દીધો

## ગૃહમાં રિપબ્લિકન પાર્ટી પાસે 53-47ની બહુમત, ડેમોક્રેટ્સ દ્વારા વિરોધ જારી

**વોશિંગ્ટન ડીસી**

અમેરિકન સેનેટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન પર સૈન્ય હુમલા ચાલુ રાખવાના અધિકારને મર્યાદીત કરવાના હેતુથી લાવવામાં આવેલા પ્રસ્તાવને નકાર્યો હતો. ગૃહમાં રિપબ્લિકન પાર્ટી પાસે 53-47ની બહુમત અને ઈઝરાયલ સાથે મળી હતી ઈરાન પર હુમલો કરવાના રાષ્ટ્રપ્રમુખના નિર્ણયને મોટા પાયે સમર્થન મળવાથી પ્રસ્તાવ મોટા અંતરથી પાસ થઈ શક્યો નહોતો.

મતદાન પહેલા સેનેટમાં માહોલ ઘણો ગંભીર હતો. અનેક ડેમોક્રેટિક સાંસદ તેમની સીટ પર બેસી રહ્યા હતા અને સમગ્ર સમય વાતચીત કરતા હતા. સેનેટમાં ડેમોક્રેટિક નેતા ચક શૂમરે કહ્યું કે, આ વોટ સાંસદ અમેરિકાની જનતા સાથે છે કે ટ્રમ્પ પ્રશાસન સાથે તે નક્કી



કર્યું છે. તેમના મુજબ, અમેરિકાના લોકો મિડલ ઈસ્ટમાં લાંબા યુદ્ધથી થાકી ચુક્યા છે અને હવે વધુ એક યુદ્ધ ઈચ્છતા નથી. રિપબ્લિક નેતા જોન બરાસોએ કહ્યું, ડેમોક્રેટ્સ ટ્રમ્પનો વિરોધ કરવામાં વધારે રસ દાખવી રહ્યા છે. જ્યારે અસલી મુદ્દો ઈરાનના પરમાણુ કાર્યક્રમને ખતમ કરવાનો છે. તેમના મુજબ, અમેરિકાએ ઈરાનના વધતા ખતરાનો સામનો કરવો જ પડશે અને આ સમયે સરકારનો સાથ દેવો જરૂરી છે.

# US સૈન્યએ વધારાના અધિકારીઓ, સહાયક કર્મચારીઓની માંગ કરી

**વોશિંગ્ટન**

મધ્ય-પૂર્વમાં જંગ છેડાઈ ત્યારે અમેરિકા જેવું મહારથી ઈરાનને ઝડપથી ઘૂંટણિયે પાડી દેશે એવી ધારણા વ્યક્ત કરાઈ હતી. હવે સંકેત મળી રહ્યા છે કે આ યુદ્ધ શરૂઆતના અંદાજ કરતાં ઘણું લાંબું ચાલી શકે એમ છે. અમેરિકન સૈન્યએ પેન્ટાગોન પાસે વધારાના ગુપ્તચર અધિકારીઓ અને સહાયક કર્મચારીઓની માંગ કરી છે. આ સહાય ઓછામાં ઓછા 100 દિવસ સુધી ચાલે એ રીતે માગવામાં આવી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા હવે લાંબી લશ્કરી ઝુંબેશ માટે તૈયારી કરી રહ્યું છે.

અમેરિકન સમાચાર વેબસાઈટ પોલિટિકોના અહેવાલ મુજબ, યુનાઈટેડ સ્ટેટ્સ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ પેન્ટાગોનને ફ્લોરિડામાં આવેલા તેના મુખ્ય મથકમાં વધુ ગુપ્તચર અધિકારીઓ મોકલવા વિનંતી કરી છે. ગુપ્તચર અધિકારીઓનું મુખ્ય કામ ઈરાનની લશ્કરી ગતિવિધિ, મિસાઈલ લોન્ચ, ડ્રોન હુમલા અને પ્રાદેશિક સુરક્ષા સ્થિતિ વિશે સતત માહિતી એકત્રિત કરવાનું હોય છે. યુદ્ધ વખતે આ માહિતી અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે કારણ કે, તેના આધારે જ હુમલા અથવા રક્ષણની વ્યૂહરચના તૈયાર કરાય છે.

# ઈરાનના ગુપ્ત એજન્ટોએ યુએસ પ્રમુખની હત્યાના ષડયંત્રમાં સામેલ : ન્યૂયોર્ક કોર્ટ

## અંસાર-ઉલ-ઇસ્લામ' આતંકી સંગઠને હુમલાની જવાબદારી લીધી

**ન્યૂયોર્ક**

અમેરિકા-ઈઝરાયેલના ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે 'ટ્રમ્પની હત્યાના કાવતરા' મામલે એક ચોંકાવનારી વિગતો સામે આવી છે. ન્યૂયોર્કની કોર્ટમાં ચાલી રહેલા એક કેસમાં ખળભળાટ મચાવતો ખુલાસો થયો છે. કેસમાં સામેલ પાકિસ્તાની નાગરિક આસિફ મર્ચેન્ટે જજો સામે કહ્યું છે કે, ઈરાનના ગુપ્ત એજન્ટોએ તેને બળજબરીથી અમેરિકાના પ્રમુખની હત્યાના ષડયંત્રમાં સામેલ કર્યો હતો. મર્ચેન્ટ પર આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હોવાનો અને કોન્ટ્રાક્ટ કિલિંગનો આરોપ છે. મર્ચેન્ટ દાવો કર્યો છે કે, ઈરાની ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કૉર્પ્સ (IRGC)ના એક હેન્ડલર મેહરદાદ યૂસુફે એપ્રિલ-2024માં તેને અમેરિકા મોકલ્યો હતો અને કહ્યું હતું કે, કદાચ કોઈની હત્યા કરવી પડશે. આસિફના દાવા મુજબ, ઈરાની હેન્ડલરે તેને ત્રણ સંભવિત ટાર્ગેટ કહ્યા હતા, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, જો બાઈડેન, નિક્કી હેલીનું નામ સામેલ છે. તે સમયે ટ્રમ્પ અને બાઈડેન રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી-2024માં પ્રમુખ પદના ઉમેદવાર હતા. જ્યારે નિક્કી હેલી ચૂંટણીના એક મહિના પહેલા જ પ્રમુખ પદના દાવેદારમાંથી બહાર થઈ ગયા હતા.

# ટ્રમ્પ-નેતન્યાહુ આગળ વધશે તો ડિમોના પરમાણુ મથકને ઉડાવીશું દઈશું : ઈરાન

## ઈરાનમાં સત્તા પરિવર્તન કરાવવા ટ્રમ્પના પ્રયાસોને મોટો પડકાર

**તહેરાન**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે વિનાશક વળાંક પર પહોંચી ગયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો તણાવ અત્યારે ચરમસીમાએ છે. ઈરાનની અર્ધ-સરકારી સમાચાર એજન્સી ISNAના અહેવાલ મુજબ, જો અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નેતન્યાહૂ ઈરાનમાં સત્તા પરિવર્તન એટલે કે 'રેઝિમ ચેન્જ' કરવાની વ્યૂહનીતિ પર આગળ વધશે, તો ઈરાન વળતા પ્રહારમાં ઈઝરાયલના 'ડિમોના' પરમાણુ મથકને નિશાન બનાવશે. આ ધમકીએ વૈશ્વિક સ્તરે ફફડાટ ફેલાવી દીધો છે.

આ ગંભીર ધમકી એવા સમયે આવી છે જ્યારે અમેરિકન પ્રમુખ અને નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું છે કે આ સૈન્ય ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાની જનતા માટે વર્તમાન શાસનને બદલવાની તક ઊભી કરવાનો છે. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે પીછેહઠ કરવાના મૂડમાં નથી. તેમણે મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી ઈરાનમાં સત્તા પલટો ન થાય ત્યાં સુધી આ જંગ ચાલુ રાખવામાં આવશે. 28 ફેબ્રુઆરીએ યુદ્ધની શરૂઆત કરતા ટ્રમ્પે ઈરાની જનતાને આહવાન કર્યું હતું કે, 'આ પેઢીઓ પછી મળેલી એકમાત્ર તક છે, હુમલા અટકયા બાદ પોતાની સરકાર પર કબજો મેળવી લો.'

# સ્ટ્રેટ હોય કે ફ્રિઝી, વાળ માટે મોઈશ્ચરાઈઝર ક્લીનલિનેસ જરૂરી

**હેર વોશ કરવાની રીત અલગ પ્રકારના હેર(સ્ટ્રેટ અને ફ્રિઝી)ને કેવી રીતે ટેન કરવા અને યોગ્ય પ્રોડક્ટ્સ કેવી રીતે પસંદ ખુબ મહત્વનું છે. હેરની યોગ્ય કાળજી રાખવી એ માત્ર સુંદર દેખાવ માટે જ નહીં, પરંતુ હેલ્ધી સ્કાલ્પ અને મજબૂત વાળ કરવા માટે પણ ખૂબ જ જરૂરી છે. હેર વોશ કરવાની રીત અલગ પ્રકારના હેર(સ્ટ્રેટ અને ફ્રિઝી)ને કેવી રીતે ટેન કરવા અને યોગ્ય પ્રોડક્ટ્સ કેવી રીતે પસંદ કરવી તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે.**

### હેર વોશ કેવી રીતે કરવા?

**પ્રિ-ઓઇલિંગ :** હેર વોશ કરતા પહેલાં 30 મિનિટથી 1 કલાક પહેલાં હળવું તેલ લગાવવું જોઈએ. નાળિયેર તેલ, બદામ તેલ અથવા આર્ગન ઓઈલ લગાવીને હળવું મસાજ કરવું. આથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે અને વાળ સૂકા બનતા અટકે છે.

**યોગ્ય શેમ્પૂ પસંદ કરવું :** તમારા હેર ટાઈપ મુજબ શેમ્પૂ પસંદ કરો. ડ્રાય હેર માટે મોઈશ્ચરાઈઝિંગ શેમ્પૂ, ઓઈલી સ્કાલ્પ માટે ક્લેરિફાઈંગ શેમ્પૂ, ડેન્ડ્રફ માટે મેડિકેટેડ શેમ્પૂનો ઉપયોગ કરવો.

**શેમ્પૂ કરવાની રીત :** શેમ્પૂ સીધું વાળમાં ન નાખવું, પહેલાં હાથમાં લઈને પાણી સાથે મિક્સ કરવું. પછી સ્કાલ્પ પર હળવો હાથ રાખીને મસાજ કરવું, નખથી સ્કેચ કરવું. બે વખત હળવું શેમ્પૂ કરવાથી સ્કાલ્પ ક્લીન રહે છે.

**કન્ડિશનર લગાવવું :** કન્ડિશનર માત્ર વાળની લંબાઈ પર લગાવવું, સ્કાલ્પ પર નહીં. 2-3 મિનિટ પછી ધોઈ નાખવા. આથી વાળ સોફ્ટ અને સ્મૂથ રહે છે.

**હેર ડ્રાય કરવાની રીત :** ટોવેલથી જોરથી ઘસવું નહીં. માઈક્રોફાઈબર ટોવેલ અથવા કોટન ટીશર્ટથી થપથપાવીને સૂકવવું. હીટ, સ્ટાઈલિંગ ઓછું કરવું. ક્વોલિટી હેર પ્રોડક્ટ્સ કેવી રીતે પસંદ કરવી. સલ્ફેટ અને પેરાલેન ફ્રી પ્રોડક્ટ પસંદ કરવી. તમારા હેર ટાઈપ પ્રમાણે લેબલ વાંચવું ને પસંદ કરવું. ખૂબ સસ્તી અને લોકલ પ્રોડક્ટ્સથી બચવું. બાન્ડ પસંદ કરતી વખતે **Dermatologically tested** લખેલું હોય તે જોવું. સીરમ, લીવ-ઈન કન્ડિશનર અને હેર માસ્કનો ઉપયોગ કરવો.

### સ્ટ્રેટ હેર મેઈન્ટેન કેવી રીતે કરવા?

સ્ટ્રેટ હેર સામાન્ય રીતે ઓઈલી થઈ જાય છે. અઠવાડિયામાં 2-3 વખત હેર વોશ કરવા. લાઈટ વેઈટ સીરમનો ઉપયોગ કરવો. હીટ સ્ટ્રેટનરનો ઉપયોગ ઓછો કરવો. વોલ્યૂમ માટે હેર સ્પ્રે અથવા ડ્રાય શેમ્પૂનો ઉપયોગ કરી શકાય છે. નિયમિત ટ્રિમિંગ કરાવવું



(6-8 અઠવાડિયામાં એક વાર).

### ફ્રિઝી હેર મેઈન્ટેન કરો

ફ્રિઝી હેરમાં મોઈશ્ચરાઈઝરની કમી હોય છે. હાઈડ્રેટિંગ શેમ્પૂ અને ડીપ કન્ડિશનર વાપરવું. અઠવાડિયામાં એક વાર હેર માસ્ક લગાવવું. હેર વોશ પછી લીવ-ઈન ક્રીમ અથવા સીરમ લગાવવું. સિલ્ક અથવા સાટિન પિલો કવર વાપરવાથી ફ્રિઝ ઓછું થાય છે. હીટ સ્ટાઈલિંગ ટાળવું.

### 3) કર્લી હેર વોશ કેવી રીતે કરવા?

કર્લી હેર સ્વાભાવિક રીતે થોડા ડ્રાય અને ફ્રિઝી થવાની શક્યતા વધુ હોય છે, કારણ કે સ્કાલ્પનું નેચરલ ઓઈલ વાળની વાંકી રચનાના કારણે લંબાઈ સુધી સરળતાથી પહોંચી શકતું નથી. તેથી કર્લી હેર માટે ખાસ કાળજી અને યોગ્ય વોશિંગ ટેક્નિક જરૂરી છે. નીચે સ્ટેપ બાય સ્ટેપ સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે.

**ઓઇલિંગ કરવું :** 30 મિનિટ પહેલાં ઓઈલ લગાવવું અને હળવો મસાજ. ડ્રાયનેસ ઓછી કરે છે, બ્રેકેજ ઘટાડે છે ને શાઈન આપે છે. ડિટેન્ગલિંગ કરવું (ગૂંચ ઉકેલવી). વોશ કરતા પહેલાં મોટા દાંતના કાંસકાથી હળવેથી ગૂંચ કાઢો. કર્લી હેરને સૂકા કરતી વખતે જોરથી કોમ્બ કરવું નહીં. યોગ્ય શેમ્પૂ પસંદ કરવું. સલ્ફેટ ફ્રી શેમ્પૂ વાપરવું. હાઈડ્રેટિંગ અથવા મોઈશ્ચરાઈઝિંગ શેમ્પૂ પસંદ કરવું.

**શેમ્પૂ કેવી રીતે લગાવવું?:** પહેલાં વાળને સારી રીતે ભીંજવો. હાથમાં થોડું શેમ્પૂ લઈને પાણી સાથે ફોમ બનાવો. માત્ર સ્કાલ્પ પર લગાવો. નખથી ખંજવાળવું નહીં. લંબાઈ પર શેમ્પૂ ઘસવું નહીં, ફોમ પોતે સાફ કરી દેશે. કર્લી હેરમાં વધારે શેમ્પૂ કરવાથી ડ્રાયનેસ વધે છે, તેથી અઠવાડિયામાં 2 વખત પૂરતું છે. કન્ડિશનિંગ સૌથી મહત્ત્વપૂર્ણ સ્ટેપ છે તે ખૂબ જરૂરી છે. શેમ્પૂ પછી પાણી દબાવીને નિતારી નાખો. પછી કન્ડિશનર માત્ર લંબાઈ અને એન્ડ્સ પર લગાવો. 3-5 મિનિટ રાખો. ઠંડા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં 1 વખત હેર માસ્ક લગાવવું.

**વોશ પછીની કાળજી :** ટોવેલ ડ્રાય કરવું, ટોવેલથી ઘસવું નહીં. કોટન ટીશર્ટ અથવા માઈક્રોફાઈબર ટોવેલ વાપરો. ધીરે ધીરે શાંતિથી થપથપાવીને પાણી શોષી લો. લીવ-ઈન પ્રોડક્ટ્સ લગાવવી. સ્ક્રેચિંગ ટેક્નિક કરવી - વાળને નીચે તરફ ઝુકાવીને હાથથી સ્ક્રંચ કરો, જેથી કલર્સ ડિફાઈન થાય.

હેલ્ધી હેર માટે ટિપ્સ પૌષ્ટિક આહાર લેવો (પ્રોટીન, આયર્ન, વિટામિન E). પૂરતું પાણી પીવું. સ્ટ્રેસ ઓછો રાખવો. કેમિકલ ટ્રીટમેન્ટ ઓછી કરવી.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

**Chapel Ridge**
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

**North Toronto**
*Crematorium Inc.*




Vilo
Licensed Funeral Director
(416) 993-0826


Harjinder
Licensed Funeral Director
(647) 966-0093


Christeen
Licensed Funeral Director
(416) 258-6759


Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga





Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**